આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૭૩ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

### ઉપરવાસમાં ધરમપુર તાલુકા અને વલસાડ પંથકમાં ભારે વરસાદને પગલે

# ઔરંગા નદી કાંઠાના ગામોમાંથી ૮૦૦નું સ્થળાંતર

## ધરમપુર તાલુકામાં સૌથી વધુ ૧૦ ઈંચ અને વલસાડ તાલુકામાં ૬ ઇંચ વરસાદ નોંધાયો



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૩૧ :** વલસાડ જિલ્લામાં અવિરત અને ભારે વરસાદને પગલે વહીવટી તંત્ર દ્વારા 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. ઉપરવાસમાં પડી રહેલા અતિ ભારે વરસાદના કારણે ઔરંગા નદીનું જળસ્તર ખૂબ જ ઝડપથી વધી રહ્યું હોવાથી જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાન અને જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત દ્વારા તકેદારીના ભાગરૂપે નીચાણવાળા વિસ્તારોના લોકોને સલામત સ્થળે વહીવટીતંત્રના આશ્રયસ્થાનોમાં સલામત સ્થળે ખસી જવા અપીલ કરવામાં આવી છે. અત્યાર સુધી અંદાજિત ૮૦૦ જેટલા લોકોનું ભાગડાખુર્દ, ભાગડાવડા, લીલાપોર, ભદેલી જગાલાલા અને કાશ્મીર નગર અને અન્ય નીચાણવાળા વિસ્તારોમાંથી સ્થળાંતર કરાવવામાં આવ્યું છે. છેલ્લા ૧૨ કલાકના વરસાદના આંકડા મુજબ, જિલ્લામાં સાર્વત્રિક અને ભારે વરસાદ પડ્યો છે, જેમાં ધરમપુર તાલુકામાં સૌથી વધુ ૨૫૬ મી.મી. અને વલસાડ તાલુકામાં ૧૪૦ મી.મી. વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત વાપીમાં ૩૮ મીમી, ઉમરગામમાં ૧૯ મીમી, પારડીમાં ૧૦૪ મી.મી., નાનાપોંઢામાં ૯૦ મી.મી. અને કપરાડામાં ૮૭ મી.મી. મળી દિવસ દરમ્યાન સરેરાશ જિલ્લાનો વરસાદ ૧૦૪.૮૬ મીમી નોંધવામાં આવ્યો છે.

અતિવૃષ્ટિ અને પાણી ભરાવાની સ્થિતિના કારણે જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ હસ્તકના કુલ ૧૨૩ રસ્તાઓ હાલ વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા છે. આ બંધ થયેલા રસ્તાઓમાં ૧૨૨ પંચાયત હસ્તકના રસ્તાઓ અને ૧ સ્ટેટ હાઈવેનો સમાવેશ થાય છે. તાલુકાવાર બંધ રસ્તાઓની વિગત જોઈએ તો, ધરમપુરમાં સૌથી વધુ ૪૭, વલસાડમાં ૩૬, પારડીમાં ૨૦ અને કપરાડામાં ૧૫ રસ્તાઓ પર વાહનવ્યવહાર અટકાવી દેવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટરશ્રી નિતીન સાંગવાન દ્વારા તમામ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે અતિ આવશ્યક કામ વગર ઘરની બહાર ન નીકળે અને નદી, નાળા કે ડેમ સાઈટની આસપાસ ન જાય. કોઈપણ પ્રકારની ઈમરજન્સીમાં તાત્કાલિક જિલ્લા કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા વહીવટી તંત્ર દ્વારા જણાવાયું છે.

## ધરમપુર પંથક જળબંબાકાર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૩૧ :** આજે બપોરે ૧૨ વાગ્યા બાદ ધરમપુર શહેર અને આસપાસના વિસ્તારોમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરતાં સાંજે ૬ વાગ્યા સુધીમાં અંદાજે ૨૦૦ મીમી (સાડા સાત ઈંચ) વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં જનજીવન - ભાવિત બન્યું હતું. ધરમપુરના વાવ-આસુરા ચોકડી ખાતે ભારે -માણમાં વરસાદી પાણી ભરાઈ જતાં વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઉપરાંત કોઠી ફળિયા, બસ ડેપો વિસ્તાર, જુના એસટી ડેપો તેમજ કૈલાશ રોડ કોઝવે ઉપરથી પણ પાણી ફરી વળતાં વાહનવ્યવહારને અસર પહોંચી હતી.

દર વર્ષે વરસાદ દરમિયાન ધરમપુર એસટી ડેપો વિસ્તારમાં રાબેતા મુજબ પાણી ભરાવાની સમસ્યા સર્જાય છે. જેના કારણે મુસાફરો, વાહનચાલકો અને સ્થાનિક વેપારીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો સ્થાનિક નાગરિકો તેમજ તેમજ દુકાનદારોની માંગ ઉઠી છે કે પાલિકા તંત્ર દ્વારા એસટી ડેપો સહિત પાણી ભરાતા વિસ્તારોમાં વરસાદી પાણીનો ઝડપી અને કાયમી નિકાલ થાય તેવી યોગ્ય ડ્રેનેજ વ્યવસ્થા તાત્કાલિક ઉભી કરવામાં આવે, જેથી દર વર્ષે સર્જાતી આ સમસ્યાનો સ્થાયી ઉકેલ મળી શકે.

### ભારે વરસાદની આગાહીથી વલસાડ શિક્ષણ વિભાગે રજા જાહેર કરવા છતાં

# વશિયરની શાળા ચાલુ રહેતાં આશ્ચર્ય

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** વલસાડ જિલ્લામાં ભારે વરસાદની આગાહીને પગલે શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લાની તમામ શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી. જોકે, આ જાહેરનામાનો ભંગ કરીને વલસાડના વશિયર ખાતે આવેલા માણેક બાગ સ્થિત 'શ્રી સરસ્વતી વિદ્યા મંદિર પ્રાથમિક શાળા' ખુલ્લી રાખવામાં આવી હોવાનો મામલો સામે આવ્યો છે. સરકારી આદેશ હોવા છતાં આ શાળામાં અંદાજે ૮૪ જેટલા વિદ્યાર્થીઓને અભ્યાસ અર્થે બોલાવવામાં આવ્યા હતા. શિક્ષણ વિભાગના આદેશની અવગણના કરીને શાળા ચાલુ રખાતા સ્થાનિકો અને વાલીઓમાં ભારે આશ્ચર્ય અને સવાલો ઊભા થયા છે.

આ સમગ્ર બાબતે શાળાના ટ્રસ્ટીએ દાવો કર્યો હતો કે, વિસ્તારમાં વરસાદ વધુ ન હોવાના કારણે વિદ્યાર્થીઓને બોલાવવામાં આવ્યા હતા.


તેમણે વધુમાં એવું પણ રટણ કર્યું હતું કે આ અંગે સંબંધિત અધિકારીઓને અગાઉથી જાણ કરવામાં આવી હતી. જોકે, તંત્ર દ્વારા સુરક્ષાના કાર્યોને ધ્યાને રાખીને રજાનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હોવા છતાં, ખાનગી શાળા દ્વારા આ રીતે નિયમોનું ઉલ્લંઘન કરીને શાળા ચાલુ રાખવા સામે હવે અનેક સવાલો ઊઠી રહ્યા છે.

# ગણદેવી તાલુકામાં સાંજે વરસાદનું રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યું

## કાવેરી અને અંબિકા ની જળ સપાટી માં દિવસ દરમિયાન ૬-૬ ફૂટનો તોતિંગ વધારો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૩૧ :** હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાત સહિત નવસારી જિલ્લામાં આગામી ચાર દિવસ દરમિયાન ભારેથી અતિભારે વરસાદ અને વાવાઝોડાની તીવ્ર આગાહી કરવામાં આવી હતી. દરમ્યાન શુક્રવાર સાંજે ૬ કલાક દરમિયાન વીતેલા ૧૨ કલાક માં ગણદેવી માં ૯૨ મીમી (૪ ઇંચ) વરસાદ વરસ્યો હતો. દિવસ



દરમ્યાન કાવેરી નદીની જળસપાટી માં ૫.૫ ફૂટ અને અંબિકા નદીની જળ સપાટી માં ૬.૪ ફૂટ નો વધારો નોંધાયો હતો તે સાથે કાવેરી નદી (ભય જનક ૧૯ ફૂટ) થી ૧ ફૂટ વધી ૨૦ ફૂટ અને અંબિકા નદી ૧૮.૧૪ ફૂટે વહેતી થઈ હતી. લોકમાતા ઓની જળ સપાટીમાં તોતિંગ વધારા નાં કારણે લોકો અજંપા ભરી સ્થિતિમાં મુકાયા હતા.

હવામાન વિભાગની ભારે વરસાદ ની આગાહી વચ્ચે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ફરી વરસાદી સિસ્ટમ સક્રિય થતા વરસાદ શરૂ થયો હતો. દિવસભર અવિરત વરસાદ વરસતા અષાઢી માહોલ સર્જાયો હતો. વર્તમાન ચોમાસાની ઋતુ દરમ્યાન ગણદેવી ૧૮૨૪ મીમી (૭૨.૯૬ ઇંચ) વરસાદ નોંધાયો હતો. ગણદેવા ગામે ખારેલ ઓવરબ્રિજ નજીક સર્વિસ રોડ ઉપર ૧૮ પૈડાંનો તોતિંગ ટ્રક નં. આરજે-૩૨-જીબી-૯૦૯૨ ગટરમાં ફસાયો હતો. જ્યારે સર્વિસ રોડ ઉપર એક વૃક્ષ પણ પડ્યું હતું. જેને કારણે અર્ધા સર્વિસ રોડ ઉપર અવરોધ સર્જાયો હતો. સાપ્તાહ અગાઉ ભયાવહ પૂર ની શાહી સુકાઈ નથી ત્યાં ફરી સાંબેલાધાર વરસાદ એ છડી પોકારતા લોકોના જીવ પડીકે બંધાયા છે. બીજી તરફ વહીવટી તંત્ર પણ સજ્જ છે.

# વાંસદામાં ૧૪ કલાકમાં ૧૩.૪ ઈંચ વરસાદ : ૧૭૯ લોકોનું સ્થળાંતર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૩૧ :** દક્ષિણ ગુજરાતમાં હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગાહીને પગલે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. તેના અનુસંધાને વાંસદા તાલુકામાં સતત ધોધમાર વરસાદ વરસ્યો હતો.



છેલ્લા ૧૪ કલાક દરમિયાન અંદાજે ૧૩.૪ ઇંચ વરસાદ નોંધાતા જનજીવન પર અસર જોવા મળી હતી. ભારે વરસાદને કારણે તાલુકાની નદીઓ, નાળા, ચેકડેમ અને કોઝવે પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. પરિણામે વાંસદા તાલુકાના કુલ ૪૫ જેટલા માર્ગો વાહન વ્યવહાર માટે બંધ કરવાની ફરજ પડી હતી. અનેક ગામોનો સંપર્ક ખોરવાતા લોકોને અવર જવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. વહીવટી તંત્ર દ્વારા લોકોને બિનજરૂરી મુસાફરી ટાળવા તેમજ પાણી ભરાયેલા માર્ગો અને કોઝવે પરથી પસાર ન થવા અપીલ કરવામાં આવી છે. પરિસ્થિતિ પર સતત નજર રાખી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

વાંસદા તાલુકામાં તકેદારીના ભાગરૂપે નીચાણવાળા વિસ્તારમાં રહેતા ૧૭૯ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે.

ચીખલી અને વાંસદા તાલુકામાં પડેલા ભારે વરસાદને કારણે અનાવલ માર્ગ ઉપર વરસાદી પાણી ફરી વળતા આ માર્ગ ઉપરથી અવર જવર કરતાં વાહન ચાલકોને ભારે મુશ્કેલી વેઠવાની નોબત આવી છે જ્યારે માધવ તળાવ પાસે પણ પાણી ફરી વળતા આ રસ્તો બંધ થઈ જવા પામ્યો છે.

## નવસારી જિલ્લામાં ૭.૩ ઈંચ વરસાદ

**ચીખલી, તા. ૩૧ :** આજે નવસારી જિલ્લા ફલડ કન્ટ્રોલ તરફથી પ્રાપ્ત માહિતી પ્રમાણે સવારે ૬ થી સાંજે ૮ કલાક દરમ્યાન જિલ્લામાં સરેરાશ કુલ ૭.૩ ઈંચ વરસાદ થયો છે જયારે તાલુકા મુજબ જોઈએ તો નવસારીમાં ૮ ઈંચ, જલાલપોર તાલુકામાં ૬.૫ ઈંચ, ગણદેવીમાં ૪ ઈંચ, ચીખલીમાં ૪.૫ ઈંચ, વાંસદામાં ૧૩.૪ ઈંચ જયારે ખેરગામમાં ૮ ઈંચ વરસાદ નોંધાયો છે. જિલ્લામાંથી પસાર થતી પૂર્ણા નદી ભયજનક ૨૩ ફુટની સપાટીથી ઉપર વહી રહી છે.

એ રીતે અબિકા અને કાવેરી નદી પણ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. નવસારી જિલ્લામાં આવેલા બે મુખ્ય ડેમો પણ એની ભયજનક સપાટીની સાવ લગોલગ પહોંચી ચૂકયા છે.

# વાપી પંથકમાં વરસાદે પોરો ખાધો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૧ :** વાપી સહિત સમગ્ર વલસાડ જિલ્લા અને સંઘ પ્રદેશમાં અપેક્ષા મુજબ ભારે વરસાદ પડ્યો ન હતો. દિવસ દરમિયાન વાપી પંથકમાં સરેરાશ માત્ર ૩૨ મીમી એટલે કે માંડ ૧ ઇંચ જેટલો જ વરસાદ નોંધાયો હતો. સામાન્ય વરસાદ પડતા વહીવટી તંત્ર અને સ્થાનિક લોકોએ રાહત અનુભવી હતી. વરસાદની આગાહીના પગલે સવારથી જ શહેરમાં ધીમી ગતિ જોવા મળી હતી. અનેક વાલીઓએ બાળકોને શાળાએ ન મોકલ્યા હતા.

ઘણા લોકોએ નોકરી-ધંધે જવાનું ટાળ્યું હતું. જ્યારે કેટલાક કર્મચારીઓ બપોર બાદ વરસાદનું જોર વધશે તેવી બીકે વહેલા ઘરે પરત ફર્યા હતા. બજારોમાં પણ સામાન્ય દિવસોની સરખામણીએ ઓછી ભીડ જોવા મળી હતી. વાપી મહાનગરપાલિકાના કંટ્રોલ રૂમના જણાવ્યા મુજબ આજના વરસાદ સાથે વાપીની સિઝનનો કુલ વરસાદ ૮૦ ઇંચની નજીક પહોંચી ગયો છે.

## વાપી પંથકમાં બચાવ ટીમો તૈનાત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૧ :** સમગ્ર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં હવામાન વિભાગ દ્વારા આજે ભારે વરસાદની આગાહી જાહેર કરવામાં આવતા આગમચેતીના ભાગરૂપે નોટિફાઇડ એરિયા ઓથોરિટી, જીઆઇડીસી વાપી દ્વારા જરૂરી સુરક્ષા વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે.

જેમા વાપી જીઆઇડીસીના ચણોદ કોલોની શિવ મંદિર વિસ્તાર, રોટરી સર્કલ, હરિયા હોસ્પિટલની બાજુ, અંબામાતા મંદિર સર્કલ, જીઆઇડીસી ગેસ્ટ હાઉસ સહિત પાણી ભરાવાની શક્યતા ધરાવતા વિવિધ વિસ્તારોમાં ફાયર વિભાગની રેસ્ક્યુ ટીમોને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. આ ઉપરાંત ફાયરના વાહનો, ફાયરબોટ તેમજ જરૂરી બચાવ સાધનો સાથે ટીમોને તૈનાત કરવામાં આવી છે.

# વાપી મનપાની સામાન્યસભામાં એજન્ડા નહીં મળતાં વિપક્ષનો ભારે વિરોધ

## સભ્યના વેતન ભથ્થા અને મનપાના નિયમો અંગે સર્વાનુમતે નિર્ણય લેવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૧ :** વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભા શુક્રવારે પદ્મભૂષણ શ્રી રજ્જુ શ્રોફ ઓડિટોરિયમ ખાતે મેયર દક્ષાબેન પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. સભાની શરૂઆતમાં તાજેતરમાં પડેલા અતિભારે વરસાદ દરમિયાન શહેરમાં સર્જાયેલી પરિસ્થિતિનો ઉલ્લેખ કરતાં મેયરે જણાવ્યું હતું કે મહાનગરપાલિકાના જન પ્રતિનિધિઓ તેમજ અધિકારીઓ અને કર્મચારીઓએ દિવસ-રાત સતત કામગીરી કરીને નાગરિકોને સમયસર રાહત પહોંચાડી હતી.

સભામાં કુદરતી આપત્તિમાં જીવ ગુમાવનાર દિવંગતોને બે મિનિટનું મૌન પાળી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ વંદે માતરમના ગાન સાથે સભાની ઔપચારિક શરૂઆત થઈ હતી. જેમાં એજન્ડા મુજબ ગત ૩૦ જૂનની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ તેમજ ૧૦ જુલાઈ અને ૨૩ જુલાઈએ યોજાયેલી સ્થાયી સમિતિની કાર્યવાહી અને ઠરાવોને બહુમતીથી બહાલી આપવામાં આવી હતી.

આ ઉપરાંત કોર્પોરેશનના સભ્યોના માનદ વેતન અને ભથ્થાઓની મહત્તમ મર્યાદા નક્કી કરવા અંગેની દરખાસ્ત પણ સર્વાનુમતે મંજૂર કરવામાં આવી હતી.

સભાના અંતે સ્થાયી સમિતિના અધ્યક્ષ સતીશભાઈ પટેલ અને ડેપ્યુટી મેયર મીતેશભાઈ દેસાઈએ ભારે વરસાદ દરમિયાન મહા નગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓએ કરેલી નિષ્ઠાપૂર્વકની કામગીરીને બિરદાવી હતી. તેમણે જણાવ્યું હતું કે શહેરના તમામ વોર્ડમાં સર્વે પૂર્ણ કરી અસરગ્રસ્ત પરિવારોને સરકારની જોગવાઈ મુજબ રાહત મળી રહે તે માટે ઝડપથી કામગીરી હાથ ધરવામાં આવી હતી.

સભાની શરૂઆતમાં વિરોધ પક્ષ કોંગ્રેસના નેતા દ્વારા સામાન્ય સભાની અજંડાની નહીં મળતા તેઓએ સભાને માથે લીધી હતી તેમજ અગામી દિવસોમાં સામાન્ય સભા પહેલા તેઓને એજન્ડા મોકલી આપવામાં આવશે તેમ જણાવતા સભા આગળ વધી હતી સાથે સભામાં અચાનક એક કોંગ્રેસી કાર્યકર્તા શરીર ઉપર પોસ્ટર લગાવી આવી પહોંચતા સભામાં ગરમાટો આવી જવા પામ્યો હતો

આ કાર્યકર્તાએ પોતાને એક મહિના પહેલા માંગેલી કેટલીક વિગતો નહીં મળતા તેમજ વિરોધ પક્ષના નેતાને કેબિન અને વાહન નહીં ફાળવણી કરતા આવી રીતે વિરોધ કરવો પડ્યો હોવાનો જણાવ્યું હતું સભામાં મહાનગરપાલિકાના કમિશ્નર એન. એફ. ચૌધરી, નાયબ મ્યુનિસિપલ કમિશનર કિરણસિંહ રાણા, વિરોધ પક્ષના નેતા પીરમહંમદ મકરાણી, ખંડુભાઈ પટેલ, પાલિકાની વિવિધ સમિતિના ચેરમેન અને ચૂંટાયેલા સભ્યો સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કોંગ્રેસ કાર્યકર્તાએ સૂત્રચારના બેનર લગાવી મૌન વિરોધ કર્યો

વાપી મહાનગરપાલિકાની ચાલુ સામાન્ય સભા દરમિયાન કોંગ્રેસના કાર્યકર્તા ચિંતનશાહ પોતાના શરીર પર બેનર લગાવી તેમાં 'સત્તાપક્ષ શરમ કરો, વિરોધ પક્ષને કેબિન ફાળવો' સાથે મ્યુનિસિપલ કમિશનર સત્તા પક્ષ ના ન બની રહ્યો સાથે સભાખંડમાં પહોંચતા થોડા સમય માટે હોબાળો મચી ગયો હતો. ગત મનપાની ચૂંટણીમાં વોર્ડ નં. ૯ના કોંગ્રેસ ના ઉમેદવાર બનેલા ચિંતન શાહે 'શાસક પક્ષ શરમ કરો' મનપાના કમિશ્નરની સામે વિરોધ સૂત્રોચાર લખેલા સાથે 'વિરોધ પક્ષના નેતાનો પ્રોટોકોલ જાળવો' તેમજ 'માંગેલી વિગતો આપો' જેવા સૂત્રો લખેલા બેનર સાથે વિરોધ નોંધાવ્યો હતો.

### વલસાડ એસટી કર્મચારી મંડળના મહામંત્રી ધનસુખ પટેલની રજુઆત બાદ

# દમણ-સેલવાસમાં આધુનિક બસ સ્ટેન્ડ બનાવવા લોકસભામાં ઉમેશ પટેલે મુદ્દો ઉઠાવ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૩૧ :** દમણ અને સેલવાસમાં આધુનિક બસ સ્ટેન્ડ તથા બસ ડેપો બનાવવાની માંગને લઈને વલસાડ એસ.ટી. કર્મચારી મંડળના ધનસુખ પટેલે કેન્દ્રશાસિત પ્રદેશ દમણ-દીવ અને દાદરા-નગર હવેલીના સાંસદ ઉમેશભાઈ બી. પટેલને રજૂઆત કરી હતી. આ રજૂઆતને ધ્યાનમાં લઈ સાંસદે લોકસભામાં નિયમ-૩૭૭ હેઠળ મુદ્દો રજૂ કરી ચર્ચા માટે સમય ફાળવવાની માંગ કરી હોવાનું જાણવા મળ્યું છે. અગાઉ વલસાડ એસટી વિભાગના ધનસુખ ભાઈ પટેલ દ્વારા દમણ દીવના સાંસદ ઉમેશ પટેલ ને પત્ર લખી જણાવાયું છે કે વર્ષ ૧૯૬૦થી ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (જીએસઆરટીસી)દ્વારા કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને સેલવાસમાં જાહેર પરિવહન સેવા પૂરી પાડવામાં આવી રહી છે. બંને સ્થળોએ મુસાફરોને અનુકૂળ એવા આધુનિક બસ સ્ટેન્ડ અને બસ ડેપોની સુવિધા ઉપલબ્ધ નથી. બને સ્થાને જરૂરી જમીન સંપાદન કરીને આધુનિક બસ ડેપો નુ બિલ્ડિંગ અને બસ સ્ટેન્ડનું નિર્માણ કરવાની માંગ કરવામાં આવી છે. સાથે જ અહીં મોટી સંખ્યામાં આવતા કામદારો, વિદ્યાર્થીઓ અને દૈનિક મુસાફરોને માસિક પાસ સહિતની અન્ય મુસાફરી સુવિધાઓ, જે છેલ્લા આઠ વર્ષોથી બંધ હોવાનું જણાવાયું છે, તેને ફરી શરૂ કરવાની પણ માંગ કરવામાં આવી છે. આ મુદ્દે સાંસદ ઉમેશભાઈ બી. પટેલે લોકસભાના સભાપતિને પત્ર લખી ચર્ચા માટે સમય ફાળવવાની વિનંતી કરી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

## રવિવારે દાનહનો મુક્તિદિન ઉજવાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૩૧ :** રવિવારે સંઘપ્રદેશ દાદરા નગર હવેલીનો ૭૩મો મુક્તિ દિવસ ઉજવવામાં આવશે. સેલવાસમાં સેક્રેટેરિએટ ખાતે સવારે ૮.૪૫ કલાકે જિલ્લા કલેકટર પ્રિયાંક કિશોર આઈએએસના મુખ્ય મહેમાન પદે અને તેમના દ્વારા ધ્વજારોહણ સાથે ઉજવવામાં આવશે. આ પ્રસંગે તેઓ જનતાને સંબોધન પણ કરશે.

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 / 9825390301

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10



12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees

Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

### નવસારી જિલ્લામાં વરસાદનું રેડ એલર્ટ

## ઉભરાટ અને દાંડી બીચ આગામી સૂચના સુધી જાહેર જનતા માટે બંધ






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૩૧ :** ભારત હવામાન વિભાગ દ્વારા નવસારી જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને અતિભારે વરસાદ તેમજ દરિયાકાંઠાના વિસ્તારોમાં પ્રતિકૂળ હવામાનની આગાહી કરવામાં આવી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જાહેર જનતાની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જલાલપોર તાલુકાનું ઉભરાટ બીચ, દાંડી બીચ અને ઓંજલનું ચાંગલી ફળીયા બીચ આગામી સૂચના સુધી જાહેર જનતા માટે બંધ કરેલ છે. નવસારી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રવાસીઓ, સ્થાનિક નાગરિકો તેમજ વાહનચાલકોને અપીલ કરવામાં આવે છે કે તેઓ ઉભરાટ બીચ, દાંડી બીચ અને ઓંજલનું ચાંગલી ફળીયા બીચની મુલાકાત લેવાનું ટાળે તેમજ દરિયાકિનારે જવાનું ટાળે. ભારે વરસાદના કારણે જોખમી પરિસ્થિતિ સર્જાઈ શકે છે.

નવસારી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે તેઓ જિલ્લા વહીવટી તંત્ર અને હવામાન વિભાગ દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરે, અફવાઓથી દૂર રહે અને કોઈપણ પ્રકારનું જોખમ ન લે.

## ગણદેવીના નીચાણવાળા વિસ્તારમાંથી લોકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરાયું



(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૩૧ :** ભારતીય હવામાન વિભાગ દ્વારા આગામી સમયગાળામાં ભારે વરસાદ તેમજ તેજ પવનના કારણે વાતાવરણ વધુ ખરાબ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને લોકોની જાનમાલની સુરક્ષા સુનિશ્ચિત કરવા નવસારી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગોતરા તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે. તેના ભાગરૂપે ગણદેવી તાલુકાના તોરણગામ, દેવધા, ઊંડાચ (વા. ફ.), ખખવાડા અને અજરાઈ સહિતના નીચાણવાળા વિસ્તારોમાં વસતા લોકોને સુરક્ષિત સ્થળોએ સ્થળાંતર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્ર, મામલતદાર કચેરી, પોલીસ, ગ્રામ પંચાયત તથા અન્ય સંબંધિત વિભાગોના સંકલનથી સ્થળાંતરની કામગીરી સુચારૂ રીતે ચાલી રહી છે.સ્થળાંતર દરમિયાન વૃદ્ધો, દિવ્યાંગજનો, સગર્ભા મહિલાઓ, બાળકો તથા અન્ય સંવેદનશીલ નાગરિકોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

સ્થળાંતરિત નાગરિકોને સુરક્ષિત આશ્રયસ્થાનોમાં જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે પણ તંત્ર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે.

## નવસારી- વલસાડ જિલ્લામાં સંત નિરંકારી ફાઉન્ડેશન પૂરગ્રસ્તોની વ્હારે આવ્યું





(દમણગંગા ટાઈમ્સ)

**નવાસરી, તા. ૩૧ :** સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશન દ્વારા સુરત ઝોનમાં પૂરગ્રસ્ત વિસ્તારોના રાહત કેન્દ્રો પર શનિવારથી ભોજનના પેકેટ અને જરૂરી રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. સુરતના ઝોનલ ઈન્ચાર્જ ઓંકાર સિંહે માહિતી આપતાં જણાવ્યું હતું કે સતગુરુ માતા સુદીક્ષા જી મહારાજની પવિત્ર પ્રેરણાથી સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશન દ્વારા દક્ષિણ ગુજરાતના પૂરગ્રસ્ત વિસ્તારોમાં માનવસેવાના વિવિધ કાર્યોમાં સક્રિય રીતે સંલગ્ન છે.

આ ઉપરાંત સુરત ઝોનના નવસારી, દાંતી, કપરડા, વાપી, વલસાડ, સિલવાસા, ભિલાડ, ઉમરગામ અને દમણ સહિત વિવિધ વિસ્તારોમાં પૂરનું પાણી ઉતર્યા બાદ નિરંકારી સેવાદળ અને સ્થાનિક ભક્તોએ અસરગ્રસ્ત સ્થળો પર કીચડ અને ગંદકીની સફાઈ કરી સ્વચ્છતા અભિયાન પણ ચલાવ્યું, જેથી સ્થાનિક લોકોને સુવિધા મળી શકે.

માનવસેવાના આ જ સંકલ્પને આગળ વધારતાં 'રક્ત નાડીઓમાં વહે, નાલીમાં નહીં' ની પવિત્ર ભાવના અંતર્ગત સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશન દ્વારા રવિવાર, ૨૬ જુલાઈએ માંડાગામ સ્થિત સંત નિરંકારી સત્સંગ ભવનમાં એક વિશાળ રક્તદાન શિબિરનું આયોજન પણ કરવામાં આવ્યું. આ શિબિરમાં ૨૬૦ યુનિટ રક્ત એકત્ર કરી માનવતાની સેવા માટે સમર્પિત કરવામાં આવ્યું.

## ગણદેવી પત્રકાર સંઘ દ્વારા પૂરગ્રસ્ત ૨૮૭૫ વિદ્યાર્થીઓને સામગ્રીનું વિતરણ કરાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૩૧ :** અંબિકા અને કાવેરી નદીમાં આવેલા વિનાશક પૂરના કારણે ગણદેવી તાલુકામાં ભારે તારાજી સર્જાઈ હતી. જેમાં અનેક વિદ્યાર્થીઓના પુસ્તકો, નોટબુક અને શૈક્ષણિક દસ્તાવેજો નાશ પામ્યા હતાં. આ વિકટ પરિસ્થિતિમાં પત્રકાર કલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ગણદેવી તાલુકા પત્રકાર સંઘ દ્વારા પૂરગ્રસ્ત બાળકોનું શિક્ષણ ન બગડે તે હેતુથી પ્રથમ ચરણનું 'શૈક્ષણિક સહાય મહાઅભિયાન' હાથ ધરવામાં આવ્યું હતું. આ સેવાયજ્ઞ અંતર્ગત ગણદેવી તાલુકાની ૨૫ અને બીલીમોરા શહેરની ૩ શાળાઓના મળીને કુલ ૨,૮૭૫ વિદ્યાર્થીઓને ૧૧,૫૭૬ નોટબુકો, પેન્સિલ તથા અન્ય શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરી બાળકોના મુખ પર ફરી સ્મિત લાવવાનો સફળ પ્રયાસ કરાયો હતો.

આ ભગીરથ કાર્યમાં તાલુકા પત્રકાર સંઘની સાથે જિલ્લા પોલીસ તંત્ર, જિલ્લા ક્વોરી એસોસિએશન, સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટ, દાદુ માસ્ટરના ગણપતિ મંડળ (બીલીમોરા) સહિત વિવિધ સેવાભાવી સંસ્થાઓ, દાતાઓ અને સમાજના અગ્રણીઓ સહભાગી બન્યા હતાં. શિક્ષણને બાળકના ઉજ્જવળ ભવિષ્યનો પાયો ગણાવી, સંઘે પૂરની આ આપત્તિમાં વિદ્યાર્થીઓની વહારે આવનાર તમામ સહયોગીઓ, દાતાશ્રીઓ અને તંત્રનો આહલાદક આભાર વ્યક્ત કર્યો હતો.

## જલાલપોરમાં નાગરિકોનું આરોગ્ય વિભાગ દ્વારા હેલ્થ ચેક-અપ કરાયું



(દમણગંગા ટાઈમ્સ)

**નવાસરી, તા. ૩૧ :** જલાલપોર તાલુકાના અબ્રામા ખાતે ભારે વરસાદ અને પૂર જેવી પરિસ્થિતિને પગલે સ્થળાંતર કરાયેલા નાગરિકોના આરોગ્યની સુરક્ષાને પ્રાથમિકતા આપતા આરોગ્ય વિભાગ દ્વારા રાહત સ્થળે વિશેષ હેલ્થ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ દરમિયાન તબીબો તથા આરોગ્ય કર્મચારીઓની ટીમ દ્વારા સ્થળાંતરિત વ્યક્તિઓનું આરોગ્ય પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેમજ તાવ, શરદી, ઉધરસ, ચામડીના રોગો સહિત વરસાદી ઋતુમાં થતી વિવિધ બીમારીઓ અંગે તપાસ કરી જરૂરી દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આરોગ્ય વિભાગ દ્વારા સ્થળાંતરિત પરિવારોને સ્વચ્છતા જાળવવા, શુદ્ધ પીવાનું પાણી વાપરવા, પૌષ્ટિક આહાર લેવા તેમજ કોઈપણ પ્રકારની તબિયત સંબંધિત તકલીફ જણાય તો તાત્કાલિક તબીબી સલાહ લેવા અંગે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. પૂર જેવી પરિસ્થિતિમાં સ્થળાંતરિત નાગરિકોને સમયસર આરોગ્ય સેવાઓ મળી રહે અને કોઈપણ ચેપી રોગચાળો ફેલાય નહીં તે માટે આરોગ્ય વિભાગ સતત સતર્ક રહી જરૂરી કામગીરી કરી રહ્યા છે.

## બિલમાળ અર્ધ નારેશ્વર ધામમાં ગુરુ પૂર્ણિમા ઉજવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૩૧ :** ડાંગ જિલ્લાનાં પ્રસિદ્ધ યાત્રાધામ અર્ધનારેશ્વર બિલમાળ ખાતે ગુરુપૂર્ણિમાનો પાવન પર્વ અત્યંત શ્રદ્ધા, ભક્તિ અને ઉમંગભેર ઉજવવામાં આવ્યો હતો. આ અવસરે ગુજરાત તથા મહારાષ્ટ્ર રાજ્યમાંથી મોટી સંખ્યામાં ભક્તજનો ઉમટી પડ્યા હતા અને સંત પૂ.અનેકરૂપી મહારાજનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

ગુરુપૂર્ણિમાના પાવન અવસરે અર્ધનારેશ્વર ધામ ખાતે દિવસભર ભજન-કીર્તન, હરિનામ સંકીર્તન, ધૂન તથા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાઈ ભક્તિભાવ સાથે જયઘોષ કર્યો હતો. મંદિર ટ્રસ્ટ અને સેવાભાવી કાર્યકરો દ્વારા ઉપસ્થિત તમામ ભક્તો માટે મહાપ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર ધાર્મિક કાર્યક્રમ દરમિયાન ભક્તિમય વાતાવરણ સર્જાયું હતુ અને શ્રદ્ધાળુઓએ શાંતિ, ભક્તિ અને આધ્યાત્મિક આનંદનો અનુભવ કર્યો હતો.

## બીલીમોરા મોઢ ઘાંચી સમસ્ત પંચ દ્વારા પૂર પીડિત ૧૮ પરિવારોને રોકડ સહાય અપાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૩૧ :** બીલીમોરા શહેરમાં તાજેતરમાં આવેલ પૂરની કુદરતી આફતને કારણે નીચાણવાળા વિસ્તારમાં વસતા સમાજના લોકોની અનાજ, કપડાં, ગાદલાં, તકિયા અને ચારસા સહિતની ઘરવખરીને ભારે નુકસાન પહોંચ્યું હતું. આ વિકટ પરિસ્થિતિમાં પીડિત પરિવારોની વહારે આવતા શ્રી બીલીમોરા મોઢ ઘાંચી સમસ્ત પંચના ટ્રસ્ટી મંડળ,અમેરિકા, કેનેડા તથા બીલીમોરા ગાંધી સમાજના દાતાઓ અને સમસ્ત પંચના સ્વભંડોળમાંથી તત્કાલ પૂર રાહત સહાય પૂરી પાડવામાં આવી છે. માનવતાવાદી અભિયાનના પ્રથમ તબક્કા હેઠળ સમાજના અગ્રણીઓએ પૂર અસરગ્રસ્ત ૧૮ પરિવારોના ઘરે રૂબરૂ જઈને તેમની જરૂરિયાત મુજબ રૂા.૧૫,૦૦૦, રૂા.૧૦,૦૦૦, રૂા.૭,૦૦૦, રૂા.૫,૦૦૦ અને રૂા.૩,૦૦૦/- લેખે કૂલ રૂા.૧,૬૮,૦૦૦ ના ચેકનું વિતરણ કર્યું હતું. આ મુશ્કેલ સમયમાં સમાજ પોતાની સાથે મક્કમતાથી ઊભો રહેતા પીડિત પરિવારોએ રાહત અનુભવી હતી. આગામી બીજા તબક્કામાં પણ પંચ દ્વારા આ પરિવારોને ઘરવખરીનો સામાન, અનાજ તેમજ અન્ય જીવનજરૂરી ચીજવસ્તુઓની ત્વરિત સહાય પૂરી પાડવામાં આવશે.

## ગણદેવી દમણીયા હોસ્પિ.ની મેડિકલ વાને ઘરઆંગણે ૪૭૦ દર્દીઓને સારવાર આપી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૩૧ :** ગણદેવીની ન.જ. દમણીયા સાર્વજનિક હોસ્પિટલ દ્વારા પૂર પરિસ્થિતિને ધ્યાને રાખી બુધવારે પ્રમુખ અરવિંદભાઈ કાપડિયા તથા ટ્રસ્ટીઓના માર્ગદર્શન હેઠળ મેડિકલ વાન મારફતે રાહત સેવા પૂરી પાડવામાં આવી હતી. તાલુકાના ધમડાછા, અજરાઈ, તલિયારા, દેવધા, ઉંડાચ, સોનવાડી અને ભાઠા જેવા પૂરગ્રસ્ત વિસ્તારોમાં ફરીને હોસ્પિટલની ટીમે ૪૭૦ જરૂરિયાતમંદ દર્દીઓને ઘરઆંગણે જ વિનામૂલ્યે દવા, બ્લડ-સુગર તપાસ અને ડ્રેસિંગ જેવી સેવાઓ આપી હતી. આ સમયસૂચક માનવતાવાદી કાર્ય બદલ સ્થાનિક આગેવાનો અને ગ્રામજનોએ દમણીયા હોસ્પિટલનો આભાર વ્યક્ત કર્યો હતો.

## બીલીમોરામાં બેલંમ્પર પરિવાર દ્વારા ગુરુપૂર્ણિમા ઉજવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૩૧ :** બીલીમોરા સ્થિત જલારામ મંદિર હોલ ખાતે જય સિયારામ બેલંમ્પર ધામ પરિવાર દ્વારા ગુરુપૂર્ણિમા મહોત્સવની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. સવારે હનુમાન ચાલીસાના પાઠથી શરૂ થયેલા મહોત્સવમાં સદગુરુ પરમ પૂજ્ય નિલેષબાપુ દ્વારા હનુમાનજી અને ગુરુજનોનું પૂજન તથા ગુરુવંદના કરવામાં આવી હતી. જીવનમાં ગુરુના અપરંપાર મહિમાને ધ્યાને રાખી મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ સદગુરુ નિલેષબાપુના ચરણસ્પર્શ કરી આશીર્વાદ મેળવ્યા હતા.

આ પ્રસંગે પાલિકા પ્રમુખ મનિષ પટેલ, શહેર ભાજપ પ્રમુખ નિરવ ટેલર, કારોબારી ચેરમેન પ્રગ્નેશ પટેલ, અગ્રણી વિજય પટેલ, ઉર્વશીબેન પાટીલ, કલ્પનાબેન પટેલ અને કનૈયાલાલ વર્મા સહિતના મહાનુભાવોનું શાલ ઓઢાડી અને પુષ્પગુચ્છ આપી વિશિષ્ટ સન્માન કરાયું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ગુરુપૂજન, સત્સંગ, ભજન-કીર્તન, મહાઆરતી અને મહાપ્રસાદ જેવા વિવિધ ધાર્મિક આયોજનો સાથે બેલંમ્પર ધામ પરિવારે ગુરુપૂર્ણિમા પર્વની શ્રદ્ધાભેર ઉજવણી કરી હતી.

## વાંસદા સરકારી કોલેજમાં મહિલાલક્ષી કાયદાકીય સેમિનાર યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૩૧ :** વાંસદાની સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજમાં સેતુ -કલ્પ-૨૦૨૬-૨૭ના સંયુક્ત ઉપક્રમે નારી વંદન સપ્તાહે તથા મહિલા સુરક્ષા દિવસે નિમિત્તે મહિલાલક્ષી કાયદાકીય સેમિનારેનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ઘરેલું હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ-૨૦૦૫ (Protection of Women from Domestic Violence Act, 2005), મહિલાઓના કાનૂની અધિકારો, સરકારી સહાય સેવાઓ, વિવિધ મહિલા કલ્યાણ યોજનાઓ તેમજ કાયદાકીય જોગવાઈઓ અંગે વિસ્તૃત માહિતી પહોંચાડવાનો અને યુવા પેઢીમાં કાયદાકીય જાગૃતિનો વિકાસ કરવાનો હતો.

આ કાર્યક્રમમાં મહિલા અને બાળ અધિકારીની કચેરી હેઠળ કાર્યરત District Hub for Empowerment of Women (DHEW) યોજનાના મિશન કો-ઓર્ડિનેટર શ્રીમતી અસ્મિતા હર્ષ ગાંધી, જેન્ડર સ્પેશિયાલિસ્ટ જયેશભાઈ થોરાટ, સખી વન સ્ટોપ સેન્ટર, નવસારીના કેન્દ્ર સંચાલક હર્ષિદાબેન પટેલ, સંજયભાઈ પટેલ તથા દામિનીબેન વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શુભ શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રભુ પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. ઉપસ્થિત તમામ મહાનુભાવોને કૉલેજના આચાર્યશ્રી ડૉ.વાય.જે. મિસ્ત્રી સાહેબે શાબ્દિક સ્વાગત અને પુષ્પગુચ્છ અર્પણ કરી કૉલેજ પરિવાર વતી આવકાર્યા હતાં. આ કાર્યક્રમમાં કૉલેજના આચાર્ય ડૉ. વાય. જે. મિસ્ત્રી, સેતુ કમિટીના સભ્યો -ા. ડૉ. ગૌતમભાઈ આર. ગાયકવાડ, -ા. મહેશભાઈ ગવળી, -ા. દીપેશભાઈ કામડી અને -ા. ડૉ. વૈશાલીબેન જે. પટેલ સહિત કૉલેજ ના અધ્યાપકગણ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૦૧-૦૮-૨૦૨૬, **વાર :** શનિવાર **તિથિ :** અષાઢ, ત્રીજ, **સૂર્યોદય :** ૦૬ : ૧૩ **સૂર્યાસ્ત** ૦૭ :૧૭, **ચંદ્રોદય** - ૦૯:૦૭ **ચંદ્રાસ્ત** - ૦૯:૧૬ **ચંદ્ર રાશિ :** કુંભ, **નક્ષત્ર** - શત તારકા

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** રચનાત્મક વિચારસરણીથી કાર્યોમાં ઝડપી પ્રગતિ થશે. બિઝનેસમાં નવા રોકાણ માટે અનુકૂળ સમય છે. પરિવારજનો સાથે સાંજ આનંદદાયક રહેશે.

**વૃષભ(બ.વ.ઉ) :** આધ્યાત્મિક અને સામાજિક પ્રવૃત્તિઓથી મનની અસ્વસ્થતા ઘટશે. વ્યવસાયમાં નવી ભાગીદારી કે મોટો ઓર્ડર મળી શકે. ભાઈ-બહેન સાથેના વિવાદો ઉકેલાશે.

**મિથુન(ક.છ.ઘ) :** બૌદ્ધિક ક્ષમતાના બળે અટકેલા કાર્યો સરળતાથી પૂરા થશે. કાર્યક્ષેત્રે સહકર્મીઓનો સારો સહયોગ પ્રાપ્ત થશે. સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે.

**કર્ક(ડ.હ) :** ધાર્મિક સ્થળની મુલાકાતથી માનસિક શાંતિ મળશે. કામકાજમાં થોડી પ્રતિકૂળતાનો સામનો કરવો પડી શકે. વિરોધીઓથી સાવધ રહેવું.

**સિંહ(મ.ટ.) :** સમાજમાં માન-સન્માન અને વર્ચસ્વ વધશે. અગત્યના કામોનો ઉકેલ આવવાથી આનંદ થશે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

**કન્યા(પ.ઠ.ણ.) :** પ્રેરણાદાયી પુસ્તકોના વાંચનથી સકારાત્મક ઊર્જા રહેશે. નાણાકીય બાબતોમાં સંતુલન જાળવવું જરૂરી છે.

**તુલા (ર.ત.) :** કળા અને સંગીતમાં રસ વધવાથી મન પ્રસન્ન રહેશે. વેપારમાં સામાન્ય લાભના યોગ છે. અટકેલા નાણાં પરત મળી શકે છે.

**વૃશ્ચિક(ન.ય.) :** આત્મવિશ્વાસ ચરમસીમા પર હોવાથી જટિલ કાર્યો ઉકેલાશે. નોકરીમાં પ્રમોશન કે નવી તકો મળવાના સંકેત છે. ગુસ્સા પર નિયંત્રણ રાખવું.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યોમાં રુચિ વધશે. શિક્ષણ અને કારકિર્દીમાં પ્રગતિના યોગ છે. મિત્રો સાથે સારો સમય વીતશે.

**મકર(જ.ખ) :** મહેનતનું યોગ્ય અને સકારાત્મક ફળ મળશે. અધિકારી વર્ગનો પૂરો સહયોગ રહેશે. નાણાકીય નિર્ણયો સાવધાનીપૂર્વક લેવા.

**કુંભ(ગ.શ.સ.) :** સામાજિક કાર્યોથી માન-પ્રતિષ્ઠામાં વધારો થશે. નવી ઓળખાણથી ભવિષ્યમાં મોટો લાભ થશે. બિનજરૂરી ચિંતાઓથી દૂર રહેવું.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આધ્યાત્મિક કાર્યક્રમમાં હાજરીથી સકારાત્મક ઊર્જા અનુભવાશે. સર્જનાત્મક ક્ષેત્રે સફળતા મળશે.

## દમણ રેડિયો

**102.3 FM**

શનિવાર/રવિવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૪૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 3 | 4 | | | | | 9 |
| 9 | | 2 | | 1 | | | | 5 |
| | | | 9 | | 7 | | 1 | |
| | 2 | | | 7 | 9 | 5 | | |
| | | 1 | | | | 2 | | |
| | | 4 | 2 | 6 | | | 9 | |
| | 4 | | 8 | | 3 | | | |
| 2 | | | | 4 | | 1 | | 7 |
| 5 | | | | | 1 | 8 | | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૪૧નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 9 | 8 | 2 | 3 | 4 | 7 | 5 | 6 |
| 4 | 6 | 5 | 1 | 9 | 7 | 8 | 3 | 2 |
| 7 | 3 | 2 | 6 | 8 | 5 | 4 | 1 | 9 |
| 3 | 7 | 4 | 9 | 6 | 1 | 5 | 2 | 8 |
| 8 | 1 | 6 | 7 | 5 | 2 | 9 | 4 | 3 |
| 2 | 5 | 9 | 8 | 4 | 3 | 1 | 6 | 7 |
| 5 | 4 | 7 | 3 | 2 | 8 | 6 | 9 | 1 |
| 6 | 2 | 1 | 4 | 7 | 9 | 3 | 8 | 5 |
| 9 | 8 | 3 | 5 | 1 | 6 | 2 | 7 | 4 |

## વાપી મનપા દ્વારા રોગચાળો નિવારવા સફાઈ-દવા છંટકાવ કામગીરી હાથ ધરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૧ :** વાપીમાં તાજેતરના પૂર બાદ નાગરિકોના આરોગ્યની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં વાપી મહાનગરપાલિકા દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં સ્વચ્છતા અને રોગચાળો નિવારવા માટે વ્યાપક કામગીરી હાથ ધરવામાં આવી છે.

મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતીષભાઈ પટેલ તેમજ આરોગ્ય વિભાગના ચેરમેન સંદીપ પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગની ટીમ



દ્વારા આજે વિવિધ અસરગ્રસ્ત વિસ્તારોમાં ચૂનાના પાઉડરનો છંટકાવ, સફાઈ કામગીરી તેમજ જરૂરી જંતુનાશક પગલાં લેવામાં આવ્યા હતા.

પૂર બાદ પાણીજન્ય અને ચેપી રોગોનું જોખમ વધતું હોવાથી આરોગ્ય વિભાગ દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે અને જરૂરી નિવારક કામગીરી પણ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી રહી છે. મહાનગરપાલિકાએ જણાવ્યું છે કે દરેક નાગરિકને સ્વચ્છ, સુરક્ષિત અને આરોગ્યપ્રદ વાતાવરણ મળી રહે તે માટે તમામ વિભાગો સતત કાર્યરત છે.

આ પ્રસંગે મેયર દક્ષાબેન પટેલે જણાવ્યું હતું કે, પૂર બાદ જન આરોગ્યની સુરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. શહેરમાં સ્વચ્છતા જળવાઈ રહે અને કોઈપણ પ્રકારના રોગચાળાને અટકાવી શકાય તે માટે મહાનગરપાલિકા સતત કાર્યરત છે.

## ઢાંકવળમાં વન અધિકારની જમીન પર પ્લાન્ટેશન મુદ્દે તપાસની માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૩૧ :** ધરમપુર તાલુકાના માંકડબન વિસ્તારના ઢાંકવળ ગામમાં વન અધિકારની જમીન પર કરવામાં આવેલા અથવા થનારા પ્લાન્ટેશનના મુદ્દે જિલ્લા પંચાયત સભ્ય હિનાબેન નાનુભાઈ દિવા સહિત ગ્રામજનો દ્વારા ધરમપુર પ્રાંત અધિકારી મારફતે વન અધિકારી, વલસાડને લેખિત રજૂઆત કરી કાયદેસરની તપાસ કરવાની માંગ કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે ઢાંકવળ ગામના અનેક આદિવાસી પરિવારો વર્ષોથી જંગલ જમીન પર પરંપરાગત રીતે જીવન નિર્વાહ કરે છે. કેટલાક પરિવારોના વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળના દાવાઓ મંજૂર થયા છે, જ્યારે કેટલાક દાવાઓ હજુ પ્રક્રિયામાં છે. આવી સ્થિતિમાં ગ્રામસભાની મંજૂરી અને કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કર્યા વિના પ્લાન્ટેશન કરવામાં આવ્યું હોય અથવા થવાનું હોય તો તેની તાત્કાલિક તપાસ કરવી જરૂરી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. વધુ મા હિનાબેન દિવાએ પ્લાન્ટેશન કરાયેલી જમીનના સર્વે નંબર, જમીનની કાયદેસર સ્થિતિ, વન અધિકારના દાવા, ગ્રામજનોના પરંપરાગત કબજા તેમજ પ્લાન્ટેશન પહેલાંની મંજૂરી, સર્વે, નકશા અને સંબંધિત દસ્તાવેજોની તપાસ કરવાની માંગ કરી છે. સાથે જ જો કોઈ અધિકારી દ્વારા કાયદાની અવગણના કરી આદિવાસી ગ્રામજનોના અધિકારોને નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાનું સામે આવે તો જવાબદારો સામે નિયમ મુજબ કાર્યવાહી કરવાની પણ માંગ કરવામાં આવી છે.

## દમણ-સેલવાસમાં ગેરકાયદે ચાલતાં ટ્યુશન સેન્ટરો, શાળાઓ સામે તંત્રની લાલ આંખ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, સેલવાસ, તા. ૩૧ :** દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ વહીવટીતંત્રના શિક્ષણ નિયામક દ્વારા દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ શાળા શિક્ષણ નિયમો, ૨૦૨૬ હેઠળ એક મહત્વપૂર્ણ પ્રેસ નોટ જારી કરવામાં આવી છે, જેમાં તમામ બિન-માન્યતા પ્રાપ્ત શૈક્ષણિક સંસ્થાઓને જરૂરી માન્યતા અથવા પૂર્વ પરવાનગી મેળવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

શિક્ષણ નિયામક દ્વારા જારી કરાયેલ પ્રેસ નોટ અનુસાર, બિન-માન્યતા પ્રાપ્ત શાળાઓ, સ્વતંત્ર પૂર્વ-પ્રાથમિક શાળાઓ, કોચિંગ સેન્ટરો, ટ્યુશન સેન્ટરો, ધાર્મિક સંસ્થાઓ અને અનૌપચારિક શિક્ષણ આપતી અન્ય તમામ સંસ્થાઓએ નિર્ધારિત પ્રક્રિયા મુજબ શિક્ષણ વિભાગ પાસેથી માન્યતા અથવા પૂર્વ પરવાનગી મેળવવાની જરૂર રહેશે. નિયમ ૩૦ મુજબ, પહેલાથી માન્યતા પ્રાપ્ત શાળાઓ સિવાયની તમામ ખાનગી શાળાઓએ કામગીરી શરૂ કરતા પહેલા અથવા ચાલુ રાખતા પહેલા શિક્ષણ નિયામક પાસેથી માન્યતા મેળવવી આવશ્યક છે. આમ કરવામાં નિષ્ફળતા દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ શાળા શિક્ષણ અધિનિયમ, ૧૯૮૪ અને સંબંધિત નિયમો હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. તેવી જ રીતે, નિયમ ૩૩ હેઠળ, માન્યતા પ્રાપ્ત ન હોય તેવી શાળાઓ સાથે કાર્યરત તમામ સ્વતંત્ર રીતે સંચાલિત ખાનગી પૂર્વ-પ્રાથમિક શાળાઓ અને પૂર્વ-પ્રાથમિક સંસ્થાઓને માન્યતા મેળવવાની જરૂર રહેશે. જો ધાર્મિક સંસ્થાઓ શિક્ષણ પ્રદાન કરતી હોય, તો તેમણે નિર્ધારિત નિયમો હેઠળ માન્યતા મેળવવી પડશે અને માન્ય શિક્ષણ બોર્ડ સાથે જોડાણ કરવું પડશે અને તેના અભ્યાસક્રમનું પાલન કરવું પડશે. વધુમાં, કોચિંગ સેન્ટરો, ટ્યુશન સેન્ટરો, ધાર્મિક શિક્ષણ કેન્દ્રો અને અન્ય અનૌપચારિક શૈક્ષણિક સંસ્થાઓએ કામગીરી શરૂ કરતા પહેલા અથવા ચાલુ રાખતા પહેલા શિક્ષણ નિયામકની પૂર્વ પરવાનગી લેવી પડશે. તમામ સલામતી અને કાયદાકીય ધોરણોનું પાલન પણ ફરજિયાત રહેશે.

## વલસાડ તાલુકાના ગામોમાં રૂ. ૩.૭૦ કરોડની સહાય ચુકવાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** વલસાડ તાલુકામાં તાજેતરમાં પડેલા ભારે વરસાદના કારણે અસરગ્રસ્ત થયેલા ગ્રામીણ વિસ્તારોના લોકો માટે રાહત અને સહાય કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. અતિવૃષ્ટિના લીધે ઘરવખરી અને જાનમાલનું નુકસાન ભોગવનારા નાગરિકોની મદદે સરકાર અને સ્થાનિક લોકપ્રતિનિધિઓ સાથે સામાજિક સંસ્થાઓ પણ આગળ આવી છે. વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ પટેલ, તાલુકા વિકાસ અધિકારી સોલંકી તથા સરપંચ સંઘના પ્રમુખ વિનોદભાઈ પટેલ અને કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં વિવિધ ગામોમાં ચેક વિતરણ અને રાહત સામગ્રી પૂરી પાડવામાં આવી હતી. સમગ્ર વલસાડ તાલુકાના અસરગ્રસ્ત ગામોમાં કુલ રૂ. ૩ કરોડ ૭૦ લાખ જેટલી રકમ કેશ ડોલ, ઘરવખરી અને કપડાં સહાય પેટે સીધી અસરગ્રસ્તોના ખાતામાં જમા કરવામાં આવી છે. વલસાડ તાલુકાના નાનકવાડા રૂ. ૩,૮૪,૦૦૦, ભાગડાવડા રૂ. ૪૧,૫૫,૬૦૦, ભાગડાખુર્દ રૂ. ૧૬,૭૫,૬૦૦ આ ઉપરાંત ગોરગામ, કોસંબા, ગુંદલાવ, તિથલ, રોલા, પંચલાઈ, સોનવાડા, માલવણ, દાંતી, ભાગલ, ઊંટડી, સરોણ, નંદાવલા, ઠક્કરવાળા, કાજણ રણછોડ, ધનોરી, ચોબડિયા, વાંકલ અને ધરાસણા સહિત કુલ ૨૫ ગામોમાં અંદાજે રૂ. ૯૨ લાખ ની સહાયનું વિતરણ કરવામાં આવ્યું છે. હનુમાનજી સંસ્થાપન ટ્રસ્ટ અને ચંદ્રમોલેશ્વર મહાદેવજી સંસ્થાપન ટ્રસ્ટ સહિતની સામાજિક સંસ્થાઓ દ્વારા નિઃસ્વાર્થ સેવા આપીને કુલ ૧,૫૦૦ અનાજ કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે.

## ડુંગરા આશ્રમમાં ગુરુપૂર્ણિમા ઉજવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૧ :** શ્રી યોગ વેદાંત સેવા સમિતિ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ગુરુપૂર્ણિમાના પર્વની વાપીના ડુંગરા સ્થિત સંત શ્રી આસારામ બાપુના આશ્રમ ખાતે ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

ઉજવણી દરમિયાન મોટી સંખ્યામાં ભાવિકોએ ઉપસ્થિત રહી સામૂહિક ભજન, પાદુકા યાત્રા, પાદુકા પૂજન, મહા આરતી તેમજ ભજન-કીર્તનમાં ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે તમામ ઉપસ્થિત ભાવિકો માટે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડુંગરા આશ્રમના મુકેશ મહારાજ તથા શ્રી યોગ વેદાંત સેવા સમિતિના સહયોગથી કરવામાં આવ્યું હતું. સમગ્ર વાતાવરણ ગુરુભક્તિ અને આધ્યાત્મિક ઉલ્લાસથી ઓતપ્રોત બન્યું હતું.

## દમણ રોટરી કલબ દ્વારા ૨૩૫ વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૩૧ :** રોટરી ક્લબ ઓફ દમણ દ્વારા ગુરુવાર, ૩૦ જુલાઈ, ૨૦૨૬ ના રોજ સવારે ૧૧ વાગ્યે કુંતા સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓ માટે નોટબુક વિતરણ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. આ સેવા પ્રોજેક્ટના ભાગ રૂપે, લગભગ ૨૩૫ વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું, જેનાથી તેઓ નવા શૈક્ષણિક સત્ર માટે અભ્યાસ સામગ્રી મેળવી શક્યા. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં શિક્ષણમાં રસ કેળવવાનો અને આર્થિક જરૂરિયાતમંદ બાળકોને શૈક્ષણિક સહાય પૂરી પાડવાનો હતો. આ પ્રોજેક્ટનું નેતૃત્વ સાક્ષરતા અધ્યક્ષ



રોટરીયન નિમિષા પાઠક દ્વારા કરવામાં આવ્યું હતું. જયપુર રોટરી ક્લબના રોટરીયન અનુરાધા શર્મા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે શાળાના બાળકોને ચોકલેટનું વિતરણ કર્યું હતું. ક્લબના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અપૂર્વ પાઠક, ફર્સ્ટ લેડી બિંદિયા જોશી, પત્ની અમીષા ઈટાવાલા અને પ્લાસ્ટ ઈન્ડિયા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પણ આ કાર્યક્રમ દરમિયાન હાજર રહ્યા હતા અને તેમના સહયોગથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. રોટરી ક્લબ ઓફ દમણ શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ અને સમુદાય વિકાસના ક્ષેત્રોમાં સતત સેવા કાર્ય દ્વારા સમાજના વિવિધ વર્ગોમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે પ્રતિબદ્ધ છે.

## યુઆઈએ દ્વારા સંજાણ વિસ્તાર પુરગ્રસ્તોને અનાજ-કીટ વિતરણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૩૧ :** ઉમરગામ તાલુકામાં છેલ્લા દિવસોમાં પડેલા રેકોર્ડબ્રેક ૪૨ ઇંચ વરસાદને કારણે ૨૨ જેટલા ગામોમાં ભારે તારાજી સર્જાઈ હતી. ઉમરગામ શહેર તેમજ દરિયાકાંઠાના વિસ્તારોમાં અનેક પરિવારોની ઘરવખરી, પશુધન અને મકાનોને નુકસાન પહોંચ્યું હતું. સાથે જ ડાંગર અને બાગાયતી પાકને વ્યાપક નુકસાન થતાં ખેડૂતોને પણ ભારે આર્થિક ફટકો પડ્યો છે. આ કુદરતી આફત દરમિયાન સરકારી તંત્ર, ચૂંટાયેલા જન-તિનિધિઓ, સેવાકીય સંસ્થાઓ તેમજ ઉદ્યોગકારોએ અસરગ્રસ્તોની મદદ માટે આગળ આવી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. સરકાર દ્વારા પીડિત પરિવારોને નિયમ મુજબ નાણાકીય સહાય આપવામાં આવી રહી છે, જ્યારે વિવિધ સેવાકીય સંસ્થાઓ દ્વારા કપડાં, અનાજ કીટ અને અન્ય જરૂરી સામગ્રીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ જ અનુસંધાને ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ અશોકભાઈ ગુપ્તા, ઉપપ્રમુખ ભગવાનભાઈ ભરવાડ, ટ્રેઝરર રત્નેશ્વર ચૌરસિયા, નોટિફાઈડ એરિયા ચેરમેન જીગ્નેશ બારી તથા અન્ય ઉદ્યોગકારોએ જિલ્લા કલેક્ટર અને ધારાસભ્યના માર્ગદર્શન હેઠળ સંજાણ લેપ્રસી કોલોનીમાં સ્થાનિક ગ્રામ પંચાયતના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં અસરગ્રસ્ત પરિવારોને અનાજ કીટનું વિતરણ કર્યું હતું. આ સેવાકીય કામગીરી બદલ સંજાણ ગ્રામ પંચાયતના હોદ્દેદારો તથા ઉમરગામ નગરપાલિકાના પ્રમુખે ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન અને ઉદ્યોગકારોનો આભાર વ્યક્ત કરી તેમની કામગીરીને બિરદાવી હતી.

## વલસાડ નગર પાલિકાની ટીમ પૂરપિડીત વિદ્યાર્થીઓની વ્હારે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** તાજેતરમાં વલસાડ જિલ્લા સહિત એક અઠવાડિયા ગામ ઔરંગા નદી કિનારે આવેલા વિસ્તારોમાં પડેલા ભારે વરસાદના કારણે મોગરાવાડી અને શહેરના નીચાણવાળા વિસ્તારો પૂરના પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. પૂર અસરગ્રસ્ત વલસાડ પોલીસ હેડક્વાર્ટર અને મોગરાવાડી ગુજરાતી પ્રાથમિક શાળાના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નવા દફતર (સ્કૂલ બેગ) તેમજ નોટબુક્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. નવી નોટબુક અને દફતર મળતા જ માસૂમ બાળકોના ચહેરા પર ખુશીની લહેર જોવા મળી હતી. આ વિતરણ કાર્યક્રમ દરમિયાન વલસાડ નગરપાલિકા ઉપપ્રમુખ આશુતોષ મિશ્રા, સભ્ય જીગ્નેશ પટેલ, મનોજ પટેલ, સુનિલ યાદવ, પરેશ પાટીલ તથા સ્થાનિક સેવાભાવી કાર્યકર્તાઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

## વાપીની કેબીએસ કોલેજમાં ગુરુ પૂર્ણિમા ઉજવાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૧ :** કેબીએસકોમર્સ અને નટરાજ પ્રોફેશનલ સાયન્સ કોલેજ, વાપીનાNSS યુનિટે કોલેજ ઓડીટોરીયમમાં ગુરુ પૂર્ણિમાની ખૂબ જ ભક્તિ અને ઉત્સાહ સાથે ઉજવણી કરી. વિદ્યાર્થીઓના જીવન અને ચારિત્ર્ય ઘડતરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા શિક્ષકો પ્રત્યે કૃતજ્ઞતા અને આદર વ્યક્ત કરવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉજવણીની શરૂઆત પરંપરાગત વિધિવત દીપ પ્રગટાવીને કરવામાં આવી હતી, ત્યારબાદ સદર કોલેજનાગુરુઓને NSS સ્વયંસેવકોએ સ્વહસ્તે બનાવેલસ્મૃતિભેટ આપીને સન્માન કરવામાં આવ્યા હતા. જેમાં



માર્ગદર્શકઅને જ્ઞાનના સ્રોત તરીકે શિક્ષકોના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો.સભાને સંબોધતા, પ્રિન્સિપાલ ડૉ. પૂનમ બી. ચૌહાણે વિદ્યાર્થીઓને શિસ્ત, સમર્પણ અને જીવનભર શિક્ષણનામૂલ્યોનેજાળવી રાખવા પ્રેરણા આપી હતી. કાર્યક્રમનું સંચાલન તેમજ વ્યવસ્થા કોલેજના NSS યુનિટના પ્રોગ્રામ ઓફિસર ડૉ. ખુશ્બુ દેસાઈ તેમજ તેમની ટીમ અને સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું. આમ સમગ્ર કાર્યક્રમ સફળ રહેતા કોલેજના આચાર્ય ડૉ. પૂનમ બી. ચૌહાણેદરેક ગુરુઓનાઆદર માટે NSSસ્વયંસેવકોનોઆભાર માની સેવા અને નૈતિક આચરણ દ્વારા સમાજમાં સકારાત્મક યોગદાન આપવા માટે શુભેચ્છા પાઠવી હતી.

## કરવડ શ્રી કે.કે. હરિયા શાળા પૂરગ્રસ્ત વિદ્યાર્થીઓની મદદે આવી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૧ :** આદર્શ કેળવણી મંડળ સંચાલિત શ્રી કે.કે. હરિયા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, કરવડ દ્વારા અતિવૃષ્ટિના કારણે અસરગ્રસ્ત થયેલા વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો માટે સેવાભાવી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળા પરિવાર તેમજ નિવૃત્ત શિક્ષકોના સહયોગથી પૂરગ્રસ્ત વિદ્યાર્થીઓને જરૂરી જીવનોપયોગી સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળા પરિવાર અને નિવૃત્ત શિક્ષકોની આ માનવતાભરી પહેલને વાલીઓ અને સ્થાનિકોએ બિરદાવી હતી. આ સેવાકાર્ય દ્વારા શિક્ષણની સાથે સમાજ પ્રત્યેની જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હોવાનું ઉપસ્થિતોએ જણાવ્યું હતું.

## કાંઠા વિસ્તારમાં મીઠા અગરિયાઓને થયેલા નુકસાનનીનો ધારાસભ્યએ તાગ મેળવ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ દ્વારા કાંઠા વિસ્તારમાં મીઠા અગરિયાઓને થયેલા નુકસાન અંગે સ્થાનિક અગરિયાઓ સાથે સ્થળ મુલાકાત કરવામાં આવી હતી. મુલાકાત દરમિયાન અગરિયાઓ પાસેથી તેમની સમસ્યાઓ, થયેલા નુકસાન તેમજ તેમને પડતી મુશ્કેલીઓ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. મીઠા અગરિયાઓના પ્રશ્નોને લઈને થોડા સમય અગાઉ સંબંધિત મંત્રીમંડળ વિભાગ તેમજ જિલ્લા કલેક્ટર, વલસાડને લેખિત રજૂઆત પણ કરવામાં આવી હતી. અગરિયાઓને થયેલા નુકસાનનું યોગ્ય સર્વેક્ષણ કરી તેમને જરૂરી સહાય અને રાહત મળે તે માટે સરકાર સમક્ષ સતત રજૂઆત કરવામાં આવી રહી છે.

ધારાસભ્ય ભરતભાઈ પટેલે જણાવ્યું હતું કે, અગરિયા સમાજના હિત અને તેમના પ્રશ્નોના નિરાકરણ માટે સરકાર ગંભીર છે. અગરિયાઓને મુશ્કેલીના સમયમાં એકલા છોડવામાં નહીં આવે અને તેમને યોગ્ય સહાય મળે તે માટે જરૂરી તમામ પ્રયાસો કરવામાં આવશે.

## ધરમપુરમાં પૂર અસરગ્રસ્ત પરિવારોને અનાજની કીટનું વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૩૧ :** છેલ્લા કેટલાક દિવસોથી ધરમપુર તાલુકામાં થયેલા ભારે વરસાદને કારણે અનેક પરિવારોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આવી પરિસ્થિતિમાં વરસાદથી અસરગ્રસ્ત અને જરૂરિયાતમંદ પરિવારોને તાત્કાલિક રાહત મળે તે હેતુથી અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ધરમપુર તાલુકા પંચાયત પ્રમુખ શકુંતલાબેન ચૌધરી, આંબા તલાટ બેઠકના જિલ્લા પંચાયત સભ્ય પ્રતાપભાઈ પટેલ, ઉગતા ગામના સરપંચ સુરેશભાઈ કાનાત, કેળવણી



ગામના સરપંચ નરેશભાઈ પવાર, ભેંસધરા ગામના સરપંચ ભરત ઢાભકિયા, બરૂમાળના પૂર્વ સરપંચ રમતુભાઈ, આંબા તલાટના પૂર્વ સરપંચ જયંતિભાઈ તેમજ વિવિધ ગામોના આગેવાનોની ઉપસ્થિતિમાં લાભાર્થી પરિવારોને અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આંબા તલાટ જિલ્લા પંચાયત બેઠક હેઠળ આવતા કેળવણી, પાનવા, ટીટુ ખડક, બરૂમાળ, આંબા તલાટ અને ભેંસધરા સહિતના ગામોમાં અસરગ્રસ્ત પરિવારો સુધી અનાજની કીટ પહોંચાડવામાં આવી હતી.

## વાપીની હાર્દિક જોષી કરાટે એકેડમીમાં ગુરુપૂર્ણિમા ઉજવાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૧ :** વાપીમાં છેલ્લા અનેક વર્ષોથી હાર્દિક જોષી કરાટે એકેડેમી દ્વારા ગુરુ-શિષ્ય પરંપરાને જીવંત રાખતા ગુરુપૂર્ણિમા પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બ્લેક બેલ્ટ વિદ્યાર્થીઓએ તેમના ગુરુ હાર્દિક જોષીનું સન્માન કરી ગુરુ પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

કાર્યક્રમ દરમિયાન તમામ બ્લેક બેલ્ટ વિદ્યાર્થીઓએ માતા-પિતા, ગુરુજનો અને સમાજ પ્રત્યે આદર રાખવા, નબળાઓનું રક્ષણ કરવા, પોતાના જ્ઞાનનો ક્યારેય દુરુપયોગ ન કરવા તેમજ જીવનભર શીખતા અને સેવા કરતા રહેવાની પ્રતિજ્ઞા લીધી.

કાર્યક્રમનું આયોજન સીનિયર સેન્સેઈ યોગેશ સુલાખે, સંતોષ ઓગી, વિકાસ ચૌધરી, આશિષ હલપતિ અને અભિષેક દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે કાર્યક્રમનું સંચાલન સેન્સેઈ ગ્લોરીએ કર્યું હતું.

## વાપીની આર.એસ. ઝુનઝુનવાલા સ્કુલમાં શપથગ્રહણ સમારોહ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૧ :** આર.એસ. ઝૂનઝૂનવાલા ઈન્ટરનેશનલ સ્કૂલ, વાપી ખાતે વર્ષ ૨૦૨૬-૨૭ માટે સ્ટુડન્ટ કાઉન્સિલના ચૂંટાયેલા પ્રતિનિધિઓના શપથગ્રહણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના મેનેજિંગ ટ્રસ્ટી નિલેશભાઈ રાઠોડ તથા આચાર્યા સુચિતા ચારીના માર્ગદર્શન હેઠળ લોકશાહી પદ્ધતિથી વિદ્યાર્થીઓની ચૂંટણી યોજાઈ હતી, જેમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓએ હોદ્દાની જવાબદારી સંભાળી શપથ લીધા હતા. સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે ડીવાયએસપી તથા એસડિપીઓ વાપી બી. એન. દવે ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે મહાનગર પાલિકા વાપીના નેતા જયેશ કંસારા, બકુલ મહારાજ, ટ્રસ્ટી નિલેશભાઈ રાઠોડ, ટ્રસ્ટી હર્ષ રાઠોડ, આચાર્યા સુચિતા ચારી, ફાઈનાન્સ સેક્રેટરી દીપ ઠક્કર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી ઉપસ્થિત સૌનું મન મોહી લીધું હતું. મુખ્ય અતિથિ બી. એન. દવેએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, નેતૃત્વ માત્ર હોદ્દો નથી, પરંતુ જવાબદારી, શિસ્ત, સેવા અને ટીમભાવનાથી કાર્ય કરવાની પ્રતિબદ્ધતા છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નેતૃત્વ ક્ષમતા, જવાબદારીની ભાવના, શિસ્ત, આત્મવિશ્વાસ, ટીમવર્ક અને લોકશાહી મૂલ્યોનો વિકાસ કરવાનો હોવાનું શાળા સંચાલન દ્વારા જણાવાયું હતું.

## પારડીની શ્રી સરસ્વતી વિદ્યામંદિરમાં ગુરુ પૂર્ણિમા ઉજવાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૩૧ :** પારડી સ્થિત શ્રી સરસ્વતી વિદ્યા મંદિર હાઈ સ્કુલ માં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત ગુરુવંદના સાથે કરવામાં આવી હતી.

આ પ્રસંગે સ્વાધ્યાય મંડળના ગુરુજી ડૉ. મેહુલભાઈ મહેતાએ વિદ્યાર્થીઓને સંબોધતાં જણાવ્યું કે ગુરુ જીવનને સાચી દિશા આપનાર માર્ગદર્શક છે. વિદ્યાલયના ટ્રસ્ટી રાજેશભાઈ રાણાએ જીવનના સર્વાંગી વિકાસ માટે ગુરુનું મહત્વ દર્શાવ્યુ હતું. કાર્યક્રમ દરમિયાન ધોરણ ૧૨



વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થીની ઉર્વીબેને ગુરુ મહિમા વિષય પર સુંદર વક્તવ્ય રજૂ કર્યું હતું.

ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓએ ગુરુવંદનાના દોહાઓનું ભાવપૂર્વક ગાન કર્યું હતું. ઉપરાંત નાના બાળકો વિવિધ ઋષિ-મુનિઓના વેશ ધારણ કરીને કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા, જેના કારણે સમગ્ર વાતાવરણ ભક્તિમય અને સાંસ્કૃતિક રંગે રંગાઈ ગયું હતું. કાર્યક્રમના અંતે તમામ વિદ્યાર્થીઓને ગુરુજનોના આદર્શોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ કરાવવામાં આવ્યો હતો

## રોહિણા આશ્રમશાળામાં ગુરુ પૂર્ણિમા ઉજવાઈ

**પારડી, તા. ૩૧ :** પારડી તાલુકાના રોહિણા ગામમાં આવેલ આશ્રમશાળામાં શિક્ષકોએ પોતાના ગુરુજનોના આશીર્વાદ લઈ પવિત્ર ગુરુપૂર્ણિમાની ઉજવણી કરી હતી વિદ્યાર્થીઓ અને શિક્ષકો ભેગા મળી ગુરુ વંદના કરી હતી અહીં આશ્રમ શાળામાં ગુરુપૂર્ણિમાના દિવસે વહેલી સવારથી જ તૈયારીઓ કરવામાં આવી હતી શિક્ષકોએ વિદ્યાર્થીઓ સાથે મળીને ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી દરમિયાન ગુરુ વંદના કરી હતી આશ્રમશાળા ના પ્રમુખ નટુભાઈ પટેલ અને શિક્ષકોએ એકબીજાને ગુરુપૂર્ણિમા પર્વની શુભકામનાઓ આપી હતી અને ગુરુનો મહત્ત્વ સમજાવ્યો હતો.

# વલસાડ બુધસભા પરિવાર દ્વારા ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** વલસાડમાં છેલ્લા ૧૧ વર્ષથી ગીત-સંગીત-સાહિત્ય નવસર્જન અને લબ્ધ પ્રતિષ્ઠિત લેખક કવિઓની સાહિત્યિક કૃતિઓનું પઠન વિવેચન અને રસપાન કરવાની પ્રવૃત્તિ કરતી વલસાડ બુધસભા પરિવાર દ્વારા ગુરુ પૂર્ણિમા નિમિતે વલસાડ હાલરમાં આવેલ મીનાકુંજમાં ડો. રાધિકા ટીક્કુના નેજા હેઠળ ગુરુ વંદનાનો રસભર કાર્યક્રમ યોજાયો, જેમાં મોટી સંખ્યામાં પ્રબુદ્ધજનોની હાજરી રહી. ડો. રાધિકા ટીક્કુનાં આવકાર સાથે કવિવર રવીન્દ્રનાથ ટાગોરની કેટલીક અજાણી વાતોનું રસપાન કરવામાં આવ્યું હતું. વિવિધ વક્તા અર્ચનાબેન, રશ્મિબેન, દક્ષાબેન, ઈન્દ્રવદનભાઈ, ડો. વિનોદભાઈ, પ્રો. સનત ભટ્ટ અને પ્રો. યોગેશ ભટ્ટ વગેરે દ્વારા ગુરુ વંદના નિમિતે રસભર વ્યક્તવ્યો પ્રસ્તુત થયા હતા. પ્રકાશ પટેલના ગુરુવર્ય પ્રોફેસર મીનાબેન શાહનું તેમનાં દ્વાર અભિવાદન કરવામાં આવ્યું હતું, જાણીતા હાસ્ય લેખક અને હાસ્ય કલાકાર રમેશભાઈ ચાંપાનેરી દ્વારા ગુરુવંદનાને આવરી લેતું વ્યક્તવ્ય અને સ્વરચિત મૌલિક કૃતિનું ગાયકી સાથે રસપાન કરવામાં આવ્યું હતું.

આગામી તા. ૫-૮-૨૬ નાં રોજ આદિકવિ નરસિંહ મહેતાની અને કવિ કલાપીની રચનાઓનું રસપાન કરાશે એમ જણાવાયું છે.

# દમણ સાંસદે નમો મેડિકલ કોલેજ અને મધુબન ડેમની સલામતી અંગે સંસદમાં માંગ કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૩૧ :** દમણ અને દીવના સાંસદ ઉમેશ પટેલે લોકસભામાં નાની દમણમાં નમો મેડિકલ કોલેજમાં પીજી (અનુસ્નાતક) અભ્યાસક્રમો શરૂ કરવા અને તબીબી શિક્ષણની ગુણવત્તા સુધારવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટિલ સાથે પણ મુલાકાત કરીને મધુબન ડેમ સલામતી, દમણગંગા બેસિનમાં પૂર વ્યવસ્થાપન અને અસરગ્રસ્ત લોકોના પુનર્વસનના મુદ્દાઓ ઉઠાવ્યા હતા. સાંસદ પટેલે લોકસભામાં તારાંકિત પ્રશ્ન દ્વારા મેડિકલ કોલેજોમાં અનુસ્નાતક અભ્યાસક્રમો શરૂ કરવા, નિયમિત ફેકલ્ટી અને નિષ્ણાત ડોકટરો માટે ખાલી જગ્યાઓ ભરવા અને તબીબી શિક્ષણને મજબૂત બનાવવાની માંગ કરી હતી. તેમણે કહ્યું કે પર્યાપ્ત ફેકલ્ટી અને નિષ્ણાત ડોકટરોની ઉપલબ્ધતા વિદ્યાર્થીઓને વધુ સારી તાલીમ આપશે અને પ્રદેશની આરોગ્ય સેવાઓને મજબૂત બનાવશે. આ ઉપરાંત, સાંસદે કેન્દ્રીય જળશક્તિ મંત્રીને એક આવેદનપત્ર સુપરત કર્યું, જેમાં રેકોર્ડ વરસાદ, મધુબન ડેમમાંથી છોડવામાં આવેલા પાણી અને ઊંચી ભરતીને કારણે દમણગંગા બેસિનમાં પૂર જેવી પરિસ્થિતિ પર પ્રકાશ પાડવામાં આવ્યો. તેમણે રાષ્ટ્રીય બંધ સલામતી ઓડિટ, આધુનિક પૂર ચેતવણી પ્રણાલી, SMS ચેતવણીઓ, પૂર વ્યવસ્થાપન યોજના, જાહેર SOP અને અસરગ્રસ્ત પરિવારોના પુનર્વસન સહિત અનેક લાંબા ગાળાના પગલાં અમલમાં મૂકવાની માંગ કરી.

મંત્રી સી.આર. પાટીલે સાંસદ દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓને ધ્યાનથી સાંભળ્યા અને કેન્દ્ર સરકારને ખાતરી આપી કે જરૂરી પગલાં તાત્કાલિક લેવામાં આવશે. સાંસદ ઉમેશ પટેલે વિશ્વાસ વ્યક્ત કર્યો કે કેન્દ્ર સરકાર તબીબી શિક્ષણ અને દમણગંગા બેસિનના રક્ષણ બંને મુદ્દાઓ પર સકારાત્મક નિર્ણયો લેશે, જેનાથી પ્રદેશના લોકોને રાહત મળશે.

# ગણદેવી-બીલીમોરામાં વરસાદથી કાવેરી-અંબિકા બે કાંઠે, પૂરના ભય વચ્ચે તંત્ર એલર્ટ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૩૧ :** ગણદેવી-બીલીમોરા પંથક સહિત ઉપરવાસના ડાંગ જિલ્લામાં સાંજના ૪ વાગ્યા સુધીના ૧૦ કલાકમાં જ ૧૪૨ મિમી (આશરે ૫.૫ ઈંચ) ધોધમાર વરસાદ ખાબકતા લોકમાતા કાવેરી અને અંબિકા નદીઓ બે કાંઠે વહેતી થઈ છે. ગત ગુરુવારે આવેલા પૂરની હોનારતમાંથી લોકો હજુ માંડ બેઠા થઈ રહ્યા છે, ત્યાં ફરી એકવાર રેડ એલર્ટ જાહેર થતાં સમગ્ર પંથકમાં ભારે ગભરાટ ફેલાયો છે.

માત્ર બપોરના ૨ થી ૪ વાગ્યાના બે કલાકમાં જ કાવેરી નદીની જળસપાટી ૯ ફૂટથી સીધી ઉછળીને ૧૪.૫૦ ફૂટ પર પહોંચી જતાં તંત્ર દોડતું થઈ ગયું છે.નદીઓના જળસ્તરમાં સતત થઈ રહેલા વધારાને કારણે ગણદેવી, બીલીમોરા શહેરના નીચાણવાળા વિસ્તારો અને આસપાસના દેવધા, તલિયારા,ભાઠા ગામોમાં ફરી પૂરના પાણી ફરી વળવાની ગંભીર શક્યતાઓ સર્જાઈ છે. સંભવિત હોનારતને ધ્યાને રાખીને પ્રશાસન દ્વારા ત્વરિત પગલાં ભરી કાવેરી અંબિકા નદી કિનારે આવેલા પ્રતાપનગરના નીચાણવાળા વિસ્તારમાંથી ૬૦ લોકો,ગણદેવીના ૩૫૫ અને બીલીમોરાના ૧૨૫ જેટલા લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. સવારથી જ શરૂ થયેલી મેઘરાજાની ધમધમાટીને પગલે તંત્ર દ્વારા નદી કિનારે અને નીચાણવાળા વિસ્તારમાં રહેતા તમામ લોકોને એલર્ટ રહેવા સૂચના આપવામાં આવી છે.

# વલસાડ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની સંભાવનાને પગલે તંત્રની સજ્જ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** વલસાડ જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા બે દિવસ ભારે વરસાદની કરવામાં આવેલી આગાહીના પગલે વહીવટી તંત્ર દ્વારા પુર્વ તૈયારીઓ કરી લીધી છે. જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાનના સીધા માર્ગદર્શન હેઠળ સમગ્ર વહીવટી તંત્ર સજ્જ છે. સ્થિતિને પહોંચી વળવા માટે પ્રશાસન દ્વારા તમામ પૂર્વતૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. પૂર અથવા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિને પહોંચી વળવા માટે આપત્તિ વ્યવસ્થાપનની ટીમોને સાધન-સામગ્રી સાથે સજ્જ રાખવામાં આવી છે.

નદી કિનારાના અને દરિયાકાંઠાના વિસ્તારોમાં ખાસ દેખરેખ રાખવામાં આવી રહી છે. બોટ, લાઈફ જેકેટ, દોરડા, કટર અને લાઈટિંગ સિસ્ટમ જેવા અદ્યતન બચાવ સાધનો સાથે ડિઝાસ્ટર રેસ્ક્યૂ ટીમોને સ્ટેન્ડ-બાય રાખવામાં આવી છે. મહાનગરપાલિકા, નગરપાલિકાઓ, ગ્રામ્ય વિસ્તારોમાં કોઈપણ પરિસ્થિતિ ઉભી થાય તેને પહોંચવી વળવા વાહનો, જેસીબી, ટ્રેકટરો, સહિતના સાધનો તૈયાર રાખવામાં આવ્યા છે. જિલ્લામાં તેનાત કરવામાં આવેલી એનડીઆરએફની ટીમોએ પણ નીચાણવાળા વિસ્તારોની મુલાકાત લઈ પાણી ભરાવાની સ્થિતિમાં કેવી રીતે કામગીરી કરવી તેનું અસેસમેન્ટ કર્યું હતું. વહીવટી તંત્ર દ્વારા સંવેદનશીલ અને નીચાણવાળા વિસ્તારોમાં વસતા લોકોને અગમચેતીના ભાગરૂપે જાગૃત કરવામાં આવી રહ્યા છે.

લાઉડસ્પીકરના માધ્યમથી નાગરિકો સુધી જરૂરી સૂચનાઓ પહોંચાડવામાં આવી રહી છે, જેથી કોઈ અફવા ન ફેલાય અને લોકો સુરક્ષિત રહે. વહીવટી તંત્ર દ્વારા અપાતી સત્તાવાર સૂચનાઓનું પાલન કરવા પણ જિલ્લાની જનતાને અનુરોધ કરવામાં આવી રહયો છે.

વલસાડ જિલ્લા વહીવટી તંત્ર નાગરિકોની સુરક્ષા માટે ૨૪ કલાક કાર્યરત છે અને કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે સંપૂર્ણ સજ્જ છે.

# અતુલ ફાઉન્ડેશન દ્વારા રાહત સામગ્રીનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** અતુલ ફાઉન્ડેશન દ્વારા અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક રાહત પહોંચાડવા માટે હરિયા, ભગોદ, બીનવાડા તથા વલસાડ શહેરના પૂરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચી જરૂરિયાતમંદ પરિવારોને રાહત સામગ્રીનું વિતરણ કરાયું હતું.

આ રાહત સામગ્રીમાં ૫૧૭૪ ફૂડ પેકેટ્સ ૪૫૦ અનાજની કીટ, ૫૦ ધાબળા, ૬૬૮ પાણીની બોટલ તથા શાળાનાં બાળકો માટે સ્ટેશનરી કીટ જેવી આવશ્યક ચીજવસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. અતુલ કંપનીનાં જનરલ મેનેજર ગૌતમભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે સંસ્થા આગામી દિવસોમાં પણ પરિસ્થિતિ પર સતત નજર રાખીને જરૂરિયાત મુજબ રાહત અને પુનર્વસનના કાર્યો ચાલુ રાખશે.



દમણગંગા અને દારોઠા નદીમાં ૨૩ જુલાઈના રોજ આવેલા વિનાશક પૂરના કારણે ઉમરગામ તાલુકાના જાંબુરી અને મોહનગામ ગામના અનેક પરિવારોની ઘરવખરી પાણીમાં તણાઈ જતાં તેઓ મુશ્કેલીમાં મુકાયા હતા. આવી વિકટ પરિસ્થિતિમાં અસરગ્રસ્ત પરિવારોને મદદરૂપ બનવા વાપીની કાંતા ચેરીટેબલ ટ્રસ્ટ, પૃથ્વી વિલા પરિવાર અને જયેશભાઈ (દાદરા)ના સહયોગથી રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# વાપી મનપા કોર્પોરેટરો દ્વારા અસરગ્રસ્તોને અનાજ કીટ અપાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૧ :** વલસાડ જિલ્લામાં તા.૨૩મી જુલાઈના રોજ આવેલા ભારે વરસાદમાં જેમના ઘર માં પાણી ભરાઈ ગયા હતા અને ઘરવખરીને થયેલા નુકસાન અંગે વાપી મહાનગરપાલિકાના સ્થાયી સમિતિના ચેરમેન સતિષભાઈ પટેલ અને વલસાડ જિલ્લા ભાજપના અગ્રણી મુકેશ સિંહ ઠાકુર, મહાનગરપાલિકાના કોર્પોરેટ દેવલબેન દેસાઈ દ્વારા અસરગ્રસ્તોની સ્થળ મુલાકાત લઈ તેમને અનાજની કીટ આપી હતી. જેમાં વોર્ડ નંબર પાંચમાં આવતા નૂતનનગર અને વાપી, વલસાડ રોડ ઉપર આવેલ હિરલ પાર્ક અરવિંદ કોમ્પ્લેક્ષ, કર્મભૂમિ, મનભરી, હીરલ નયન બિલ્ડીંગના નીચેના ભાગે રહેતા સિક્યુરિટી ગાર્ડ તેમજ વોચમેનના પરિવારને કીટ આપી કેશડોલ માટે સર્વે કરાવી પૈસા તેમના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા. તેવી જ રીતે વાપી છરવાડા રોડ ઉપર આવેલ સોસાયટી તેમજ જમનાનગર અને અન્ય વિસ્તારોમાં પણ આ સેવા કરવામાં આવી હતી.



વલસાડ જિલ્લાના તમામે તમામ તાલુકા અને વાપી મહાનગરપાલિકાના વિસ્તારોમાં ગત તા.૨૩/૦૭/૨૦૨૬ના રોજ થયેલ અતિભારે ભયાનક અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત થનાર નાગરિકોના બંધારણીય હક્ક અને અધિકાર મુજબ નામદાર ગુજરાત સરકારશ્રીએ જિલ્લાના તમામ અસરગ્રસ્ત નાગરિકોને યોગ્ય નાણાંકીય વળતર વૈજ્ઞાનિક ઢબે સુયોગ્ય રીતે સર્વે કરી ચૂકવી આપવા બાબતે જિલ્લા કલેકટર ને આમ આદમી પાર્ટી વલસાડ દ્વારા આવેદન પત્ર પાઠવવામાં આવ્યુ હતું.

# અમલસાડમાં આર્મીની ટીમ તૈનાત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૩૧ :** નવસારી જિલ્લામાં વાવાઝોડા સહિત ભારે વરસાદની આગાહી અન્વયે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે વિવિધ પૂર્વ તૈયારીની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

આ અંતર્ગત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક ખ્યાતિ પટેલ તથા ગણદેવી પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા ગણદેવી તાલુકાના અમલસાડ અને સરીખુર્દ ગામ ખાતે સ્થળાંતરિત કરવામાં આવેલા નાગરિકો માટે ઉભા કરાયેલા આશ્રયસ્થાનોની મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન આશ્રયસ્થાનોમાં રહેતા લોકો માટે ઉપલબ્ધ રહેઠાણ, પીવાનું પાણી, સ્વચ્છતા, આરોગ્ય, વીજળી તેમજ અન્ય જરૂરી સુવિધાઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. સ્થળ પર સંબંધિત અધિકારીઓને તમામ સુવિધાઓ સુચારૂ રીતે ઉપલબ્ધ રહે તેમજ સ્થળાંતરિત નાગરિકોને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત અમલસાડ ખાતે પહોંચેલી આર્મીની ટીમ સાથે તાલુકાની ભૌગોલિક પરિસ્થિતિ, અગાઉ સર્જાયેલી પૂર પરિસ્થિતિ, સંવેદનશીલ વિસ્તારો તેમજ જરૂરિયાત મુજબ હાથ ધરવામાં આવનારી રાહત અને બચાવ કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

# વલસાડમાં વરસાદની આગાહીથી લોકોએ પોતાનો સામાન સુરક્ષિત જગ્યાએ ખસેડ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૩૧ :** હવામાન વિભાગ દ્વારા આગામી ત્રણ દિવસ દરમિયાન વલસાડ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. આ આગાહી વચ્ચે આજરોજ વલસાડ શહેર અને આસપાસના વિસ્તારોમાં તેજ પવન સાથે વરસાદનું આગમન થતાં જ તંત્ર અને સ્થાનિકો હરકતમાં આવી ગયા હતા. પાછલા અઠવાડિયે અનુભવેલી તારાજીને ધ્યાને રાખીને, નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોએ આ વખતે કોઈ જોખમ લેવાનું મુનાસિબ માન્યું ન હતું. આજે વરસાદ શરૂ થતાં જ નીચાણવાળા વિસ્તારોના રહીશોએ ત્વરિત ધોરણે પોતાના કિંમતી સામાન, ઘરવખરી અને વાહનોને સુરક્ષિત તથા ઊંચાણવાળા સ્થળોએ ખસેડવાની કામગીરી હાથ ધરી દીધી હતી. સ્થાનિક તંત્ર દ્વારા પણ નદીકાંઠાના અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સતર્ક રહેવા અને જરૂરી સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

# ઔરંગા નદીનો નાનો પુલ સંપૂર્ણ બંધ

**રોજિંદા હજારો વાહન ચાલકો અને ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા : નવો બ્રિજ કસ્ટમ ઓફિસના કારણે અટવાયો**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** વલસાડ શહેરને કાંઠા વિસ્તારના ગામો સાથે જોડતા ઔરંગા નદી પરના નાના પુલને તંત્ર દ્વારા સંપૂર્ણપણે બંધ કરી દેવાતા દૈનિક અવરજવર કરતા હજારો વાહનચાલકો અને ગ્રામજનો માટે ભારે આફત ઊભી થઈ છે.માર્ગ અને મકાન વિભાગ દ્વારા થોડા મહિના અગાઉ સુરક્ષાના કારણોસર આ નાના પુલ પરથી મોટા વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જોકે, મોપેડ અને બાઈક માટે રસ્તો ચાલુ રખાતાં હનુમાન ભાગડા, લીલાપોર, વધેલી, હિંગરાજ, ચિખલા તેમજ કોસ્ટલ બેલ્ટ તરફ જતા નોકરિયાતો, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકો માટે થોડી રાહત હતી.

પરંતુ, તાજેતરમાં વલસાડમાં આવેલા પૂર દરમિયાન ઔરંગા નદી બે કાંઠે વહેતી થતાં નાના બ્રિજ પરથી ધસમસતા પાણી વહ્યા હતા.

કોઈ મોટી હોનારત કે જાનહાનિ ન થાય તે માટે તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે પુલના છેડે રેલિંગ મારીને નાના વાહનો માટે પણ રસ્તો સંપૂર્ણપણે બંધ કરી દેવાયો છે. જેના કારણે હવે ટુ-વ્હીલર ચાલકોનો માર્ગ પણ બંધ થઈ જતાં લોકોની મુશ્કેલીમાં બમણો વધારો થયો છે. બીજી તરફ, સરકાર દ્વારા અહીં નવો બ્રિજ બનાવવાની કામગીરી ચાલી રહી છે, પરંતુ બાજુમાં આવેલી કસ્ટમ વિભાગની જૂની ઓફિસ હજુ સુધી તોડવામાં આવી નથી. કસ્ટમ ઓફિસનું ડિમોલિશન અટવાયેલું હોવાથી નવા બ્રિજનું નિર્માણ કાર્ય પણ અધૂરું રહી ગયું છે. એક તરફ જૂનો પુલ સુરક્ષાના નામે સંપૂર્ણ બંધ કરી દેવાયો છે અને બીજી તરફ નવો પુલ તંત્રની ધીમી નીતિ અને કસ્ટમ ઓફિસના મુદ્દે અટકેલો છે. આ પરિસ્થિતિના કારણે કાંઠા વિસ્તારના ડઝનથી વધુ ગામોના લોકોને લાંબો ફેરાવો કરીને જવાની ફરજ પડી રહી છે, જેનાથી સમય અને પેટ્રોલનો વ્યય થઈ રહ્યો છે. સ્થાનિક રહીશો અને વાહનચાલકોની માગ છે કે કસ્ટમ ઓફિસનો મુદ્દો ઉકેલીને નવા બ્રિજનું કામ તાત્કાલિક પૂર્ણ કરવામાં આવે જેથી લોકોને સમસ્યાનો કાયમી હલ થાય તેમ છે

# ટુકવાડાના અનાવિલ દાતાઓ અને સંસ્થાઓનો માનવતાવાદી અભિગમ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૧ :** ગયા અઠવાડિયે થયેલી અતિવૃષ્ટિ અને તેને પગલે ટુકવાડા ગામમાં આવેલ ભયાનક પૂરને કારણે ગ્રામજનો, ખાસ કરીને આદિવાસી સમાજના પરિવારો ભારે ખુવારી અને નુકસાનીનો ભોગ બન્યા હતા. પૂરના પાણી ઘરોમાં ઘૂસી જતાં અનેક ગરીબ પરિવારોની ઘરવખરી, અનાજ અને રોજિંદી જરૂરિયાતની ચીજવસ્તુઓ તણાઈ જતાં મોટું નુકસાન થયું હતું. આ કપરી આફતના સમયે માનવતા અને સેવાભાવનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતાં ટુકવાડા ગામના અનાવિલ લોકો, શ્રી ભીમ શંકર મહાદેવ મંદિર, જનતાઘર ચેરિટેબલ ટ્રસ્ટ, શ્રી ટુકવાડા પ્રગતિ મંડળના સતત પ્રયાસોથી એક વિશેષ રેલ રાહત ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી.



આ રાહત ઝુંબેશમાં ગ્રામજનો અને સંસ્થાઓના ભગીરથ પ્રયાસો તેમજ ટુકવાડા ગામના અનાવિલ સમાજના સંપર્કથી માત્ર ચાર જ દિવસમાં નિર્ધારિત લક્ષ્યાંકને વટાવીને કુલ રૂ. ૧૩ લાખ જેટલું ભવ્ય ફંડ એકત્ર થઈ ગયું છે. આ એકત્ર થયેલા ફંડમાંથી પૂરપ્રભાવિત આદિવાસી પરિવારોને પુનઃબેઠા કરવા માટે આશરે ૧૦ લાખ રૂપિયાની કિંમતની રેલરાહત કિટ્સ વહેંચવાનું આયોજન કરાયું છે. જેમાં કુટુંબો માટે ઘરદીઠ રૂ. ૧,૦૦૦ની અનાજની કિટ તેમજ આશરે રૂ. ૮,૦૦૦ થી ૧૦,૦૦૦ ની કિંમતની આવશ્યક ઘરવખરી પૂરી પાડવામાં આવશે. આ રાહત કિટ્સમાં ગાદી, બેડ, નાના કબાટ, ઈલેક્ટ્રિક વસ્તુઓ, સ્ટીલના વાસણો, મહિલાઓ માટે સાડીઓ અને બાળકો માટે શાળાની ચીજવસ્તુઓ જેવી જરૂરિયાતો સામેલ છે.

માત્ર રાહત સામગ્રી જ નહીં, પરંતુ પૂર બાદ ગામની સ્વચ્છતા અને જમણવાર માટે પણ અભૂતપૂર્વ કામગીરી હાથ ધરવામાં આવી છે. છેલ્લા ૪ દિવસથી સતત પાણીનો બંબો મારીને ગામની સ્કૂલ અને જનતાઘરની સફાઈ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત, રેલ રાહત જમણવારનું આયોજન કરી ગત રવિવારથી અત્યાર સુધીમાં ૪૫૦૦થી વધુ લોકોને ભોજન કરાવવામાં આવ્યું છે તેમજ અન્ય આજુબાજુના ગામોમાં પણ રસોડું મોકલીને મદદ પહોંચાડાઈ છે.

ઉલ્લેખનીય છે કે ટુકવાડા ગામના અનાવિલોના સંપર્કોની મદદથી અત્યાર સુધીમાં ટુકવાડા ગામના આદિવાસીઓને ૧૦ લાખ રૂપિયાની સામગ્રીની વહેંચણી થઈ ગઈ છે. તો આગામી રવિવારથી શ્રી ભીમ શંકર મહાદેવ મંદિર અને જનતાઘર ચેરિટેબલ ટ્રસ્ટ અને શ્રી ટુકવાડા -ગતિ મંડળ દ્વારા ગામના તમામ અસરગ્રસ્ત આદિવાસી પરિવારોને આ સીધો લાભ પહોંચાડવા રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવશે.

# ઢાંકવળમાં દિપડાને પકડવા પાંજરુ મુકવા માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૩૧ :** ધરમપુર તાલુકાના માંકડબન વિસ્તારના ઢાંકવળ ગામમાં દીપડાની સતત હિલચાલ અને બે બકરાના શિકારની ઘટનાએ સમગ્ર ગામમાં ભયનું વાતાવરણ સર્જ્યું છે. ગ્રામજનોમાં વધતી ચિંતા વચ્ચે જિલ્લા પંચાયત સભ્ય હિનાબેન નાનુભાઈ દિવાએ ધરમપુર રેન્જ ફોરેસ્ટ ઓફિસરને લેખિત રજૂઆત કરી તાત્કાલિક પાંજરું ગોઠવવા, સ્થળ તપાસ કરવા, કેમેરા ટ્રેપ લગાવવા, પેટ્રોલિંગ વધારવા તેમજ ગ્રામજનોની સુરક્ષા માટે જરૂરી પગલાં ભરવાની માંગ કરી છે.



રજૂઆતમાં જણાવાયું છે કે ગ્રામજનોએ અગાઉ પણ અનેક વખત દીપડાની હિલચાલ અંગે વન વિભાગને જાણ કરી હતી. તેમ છતાં સમયસર અસરકારક કાર્યવાહી ન થતાં હવે પશુઓ પર હુમલાની ઘટનાઓ સામે આવી રહી છે. જો તાત્કાલિક પગલાં નહીં ભરાય તો માનવજીવનને પણ ગંભીર જોખમ ઊભું થઈ શકે તેવી ગ્રામજનોમાં ભીતિ જોવા મળી રહી છે.

ઉલ્લેખનીય છે કે અગાઉ ધરમપુર તાલુકાના લુહેરી ગામના રાજેશ ભોયા તેમજ કાંગવી ગામના જયંતિ પટેલે પણ પાલતુ પશુઓ પર દીપડાના હુમલાની ઘટનાઓ બાદ ધરમપુર રેન્જ કચેરી ખાતે રજૂઆત કરી હતી. જોકે ગ્રામજનોના આક્ષેપ મુજબ તે સમયે પણ અસરકારક કાર્યવાહી ન થતાં અસંતોષ યથાવત રહ્યો છે. આ દરમિયાન પાંજરું ગોઠવવાના મુદ્દે પૂર્વ તાલુકા પંચાયત સભ્ય કલ્પેશ પટેલ તથા ઢાંકવળ ગામના આગેવાનો ધરમપુર વન વિભાગની કચેરીએ પહોંચ્યા હતા. ત્યાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર હેતલ ભંડારી સમક્ષ પાંજરું મુકવામાં થઈ રહેલી વિલંબિત કામગીરી અને બેદરકારી અંગે ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી.

આગેવાનોએ દીપડાને ઝડપવા તાત્કાલિક પાંજરું ગોઠવવાની માંગ સાથે વહેલી તકે કાર્યવાહી કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

દીપડાની વધતી હિલચાલ અને વારંવાર બનતી ઘટનાઓને ધ્યાનમાં રાખીને ગ્રામજનો, લોકપ્રતિનિધિઓ અને આગેવાનોએ વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ સ્થાનિક કચેરીની કામગીરીની સમીક્ષા કરે, જવાબદાર અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપે અને દીપડાને ઝડપવા તેમજ માનવજીવન અને પશુધનની સુરક્ષા માટે તાત્કાલિક અસરકારક પગલાં ભરે તેવી ઉગ્ર માંગ ઉઠાવી છે.

# સુરખાઈ- અનાવલ માર્ગ વરસાદથી બંધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૩૧ :** ચીખલી અને વાંસદા તાલુકામાં પડેલા ભારે વરસાદને કારણે અનાવલ માર્ગ ઉપર વરસાદી પાણી ફરી વળતા આ માર્ગ ઉપરથી અવર જવર કરતાં વાહન ચાલકોને ભારે મુશ્કેલી વેઠવાની નોબત આવી છે જયારે માધવ તળાવ પાસે પણ પાણી ફરી વળતા આ રસ્તો બંધ થઈ જવા પામ્યો છે

# સખ્યમ્ મધુરમ્...






મિત્રતાનો સંબંધ એ જગતમાં ઈશ્વરે સર્જેલા તમામ સંબંધોમાં સૌથી પવિત્ર, મુક્ત અને મધુર સંબંધ છે. લોહીના સંબંધો આપણને જન્મથી મળે છે, પરંતુ આત્માનો સંબંધ આપણે જાતે પસંદ કરીએ છીએ. જ્યારે જીવનમાં એક એવો વ્યક્તિ પ્રવેશ કરે છે કે જેની સામે આપણને કોઈ મુખવટો પહેરવો નથી પડતો અને હૃદયનો દરેક ખૂણો ખુલ્લો મૂકી શકાય છે, ત્યારે સમજવું કે આપણને સાચો મિત્ર મળી ગયો છે. ઓગસ્ટના પ્રારંભે આવનારો ફ્રેન્ડશીપ ડે આપણને આ જ નિ:સ્વાર્થ લાગણીની યાદ અપાવે છે. પણ શું મિત્રતા માત્ર એક દિવસ ઉજવવાનો વિષય છે? કે પછી એ દરેક ક્ષણે શ્વાસની જેમ જીવાતો અહેસાસ છે?

યાદ કરો બાળપણના એ દિવસો! એક જ પાટલી પર સાથે બેસવું, રિસેસ પડે તે પહેલાં છુપાઈને નાસ્તાનો ડબ્બો ખાલી કરી દેવો અને એક જ સાયકલ પર ત્રણ-ત્રણ જણાએ સવારી કરવી. એ ઉઘાડા પગે વરસાદમાં પલળવું અને નાની-નાની વાતોમાં ખડખડાટ હસી પડવું. પરિવાર કે મા-બાપથી પણ જે વાતો છુપાવી રાખી હોય, એ બાળપણના દોસ્ત આગળ ક્ષણવારમાં ઊપસી આવતી. આપણી સૌથી ખાનગી વાતો, આપણા પહેલા પ્રેમની કબૂલાત કે આપણા ડરનું સરનામું માત્ર એ એક મિત્ર પાસે જ સુરક્ષિત હતું.પણ અફસોસ! સમયનું ચક્ર ફરે છે, શાળા અને કોલેજના દરવાજા છૂટે છે અને રોજીરોટી કે જવાબદારીઓની દોડધામમાં એ જીગરજાન દોસ્તો અચાનક છૂટા પડી જાય છે. શરૂઆતમાં રોજ થતા ફોન ધીમે ધીમે મહિનામાં એક વાર અને પછી માત્ર જન્મદિવસના 'મેસેજ' સુધી સીમિત થઈ જાય છે.

એક સમયે જેની વગર દિવસ નહોતો ઊગતો, તે જ મિત્ર ક્યારેક અજાણ્યો બની જાય ત્યારે હૃદયના કોઈ ખૂણે એક અકથ્ય દર્દ અને શૂન્યતા વ્યાપી જાય છે. સંબંધો સાચવવાની આ હરીફાઈમાં આપણે મિત્રને તો નથી ભૂલતા, પણ એ દોસ્તીની રણકતી ક્ષણો ચોક્કસ ભૂલાઈ જાય છે.

જગતમાં જો નિ:સ્વાર્થ મિત્રતાનો કોઈ સર્વોચ્ચ આદર્શ હોય તો તે શ્રીકૃષ્ણ છે. કૃષ્ણ અને સુદામાની મિત્રતા એ વાતની સાક્ષી પૂરતી કે સાચી મિત્રતામાં વૈભવ નહીં પણ ભાવ જોવાય છે. દ્વારકાના રાજા હોવા છતાં, કૃષ્ણ ફાટેલાં વસ્ત્રોમાં આવેલા પોતાના બાળસખા સુદામાને ભેટવા ખુલ્લા પગે દોડ્યા હતા અને આંસુઓથી એમના ચરણ ધોયા હતા. ગોકુળના ગોવાળિયાઓ સાથે એંઠો કોળિયો વહેંચવો હોય કે કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનનો રથ ચલાવી તેને સાચો માર્ગ બતાવવો હોય, કૃષ્ણ શીખવે છે કે સાચો મિત્ર એ જ છે જે વિપત્તિના સમયે તમારી અડીખમ પડખે ઊભો રહે.


સાચો મિત્ર એ નથી જે આપણી દરેક વાતમાં 'હા માં હા' મિલાવે, પરંતુ એ છે જે આપણે ખોટા હોઈએ ત્યારે આપણને અરીસો બતાવે. જે આપણી અંદર છુપાયેલી ક્ષમતાઓને ઓળખીને આપણને 'આપણા પોતાના'થી ઓળખ કરાવે. આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા પર હજારો 'ફ્રેન્ડ્સ' હોવા છતાં જ્યારે હૃદય ખાલી લાગે, ત્યારે મનની વ્યથા કહી શકાય એવો એક દોસ્ત જ આપણને જીવંત રાખે છે.

આવનારી બીજી ઓગસ્ટે માત્ર એક રંગીન બેન્ડ બાંધી દેવાથી ઈતિશ્રી નહીં થાય. ખરી ઉજવણી તો એ દિવસે થશે જ્યારે આપણે એ જૂના, છૂટા પડી ગયેલા મિત્રને એક ફોન કરીશું. કદાચ વર્ષોની ખામોશી વચ્ચે એક જ વાક્ય કાફી બનશે, 'કેમ છે દોસ્ત?'

આ ફ્રેન્ડશીપ ડે પર ભૂતકાળના મનદુ:ખ ભૂલીને ફરી એકવાર દોસ્તીનો હાથ લંબાવીએ.

સખ્યમ્ મધુરમ્નો આ અહેસાસ કાયમ જીવંત રહે અને મિત્રતાનો આ પવિત્ર છોડ પ્રેમથી પાંગરતો રહે એ જ ખરી પ્રાર્થના.

# ભારતનું બીજું નામ ભ્રષ્ટાચાર થઈ જાય તો નવાઈ નહી લાગે ...







એક સમયે સોનેકી ચીડિયોંકહેવાતો ભારતદેશ એની અપાર સમૃદ્ધિ અને જાહોજલાલી માટેદુનિયા આખીમાં પ્રસિદ્ધ હતો. શિક્ષણહોય કે કળા, વેપારહોય કે સૈન્યબળ બધામાં મોખરેહતો. વિદેશોથી લોકો ભારતમાં આવતા ને શિક્ષણ લેતા અને વેપાર કરતા. આજે અમેરિકાને જેમ સુપરપાવર કહે છે એના કરતાં અનેકગણી ખ્યાતિ ભારતની હતી. ભારતના પ્રાચીન મંદિરો અને સ્થાપત્યો ભક્તિ અને એડવાન્સ એન્જિનિયરિંગનાઉત્તમ પુરાવા છે. હજારો વર્ષો પછીપણ ટકી રહેલા મંદિરોને સ્થાપત્યો ભારતીયપૂર્વજોની ઈમાનદારી, કુશાગ્ર બુદ્ધિને પરિશ્રમી મનોબળનીઝાંખી બતાવે છે.

સમ્રાટ અશોક, ચંદ્રગુપ્ત મૌર્ય, પૃથ્વીરાજ ચૌહાણ, સિદ્ધરાજસોલંકી, મીનળદેવી, ભીમદેવ, અહલ્યાબાઈ હોલકર, છત્રપતિશિવાજી અને અનેક સમ્રાટ અને મહારાણીઓએ એકહથ્થુ સફળશાસન કરી ભારતને સમૃદ્ધિતરફદોરી દુનિયામાંડંકો વગાડી દીધો હતો. રામરાજ્યના પુરાવા અને કૃષ્ણલીલાઓ અને એમની દ્વારિકાનગરી તો જગવિખ્યાત છે, પણ આ મહાન વિભૂતિઓ નજીકની સદીમાં જ થઈ ગયેલી અને એના ઉત્તમશાસન અને વહીવટના જીવંત દાખલા નજર સામે જ છે. પણ આજે ભારતદેશનીછાપનેગ્રહણ લાગી ગયું છે.જેનો શાસક ભ્રષ્ટ હોય ત્યાં પ્રજાસુખેથી જીવી ના શકે. એક સમયે માત્ર સરકારી કચેરીઓ અને મોટા ઉદ્યોગોમાં ભ્રષ્ટાચાર થતો જેનાથી લોકો હેરાન હતા, જ્યારે આજે ઉપરથી લઈને નીચે સુધી પ્રજા ત્રાહીમામ્ ત્રાહીમામ્ પોકારીરહી છે. લાલચ અને પૈસાની પાછળ પાગલબનેલા લોકો સત્તા અને પૈસામાટે કરોડોનો ભ્રષ્ટાચાર કરીને પણશરમાતા નથી.શિક્ષણનું ખાનગીકરણ, સરકારી દવાખાનામાં ચાલતી બેદરકારીને પ્રાઈવેટ દવાખાનાની છેતરપિંડી, સરકારી બસોની કફોડી હાલત અને ખાનગી ટ્રાવેલ્સના મનમાની ભરેલા ટિકિટદરો, ટ્રેનોમાં મર્યાદિતડબ્બાઓ અને અમર્યાદિત મુસાફરો, સંદેશા વ્યવહારમાં ગ્લ્ફ્ન ની બિસ્મારહાલત અને એના ટાવર વાપરીને અરબો રૂપિયા કમાતી પ્રાઈવેટ કંપની જેના સિમ કાર્ડ દરેક બીજા ભારતીયના મોબાઈલમાં જોવા મળે છે.

હજારો કરોડો રૂપિયાના ખર્ચે બનતા રસ્તા, પુલ અને નેશનલ હાઈવે અને ઉદઘટનના પંદરમા દિવસે મોતના કૂવા બની જાય છે. શેરી અને મહોલ્લામાં હલકી ગુણવત્તા વાળાસિમેન્ટ રોડ કે બ્લોક રોડશોભાના ગાંઠીયા બની જાય છે. અવારનવાર પેપર લીક થાયને ભારતનું ભાવિ ભ્રષ્ટાચારનો ભોગ બની જાય છે.પોલીસ પણ ૧૧૨ માં આવે જે ખાનગીકરણ તરફ દોડી રહી છે. ભારતમાં લોકો ૭૦ ટકા ગરીબી રેખા નીચે જીવી રહ્યા છે. રોજગારની પૂરતી તકો મળતી નથી. ત્યાં ગુનાખોરી , બળાત્કાર સામાન્યગુનોબની ગયોછે અને લોકો EMI ના જાળમાં જીવી રહ્યા છે. સરકાર પાણી પણ શુદ્ધપૂરું પાડી શકતી નથી અને હવેતો પેટ્રોલિયમ પણ ઈથેનોલ મિશ્રિત કરી જનતાનું લોહી ચૂસવામાં એક કદમ આગળ વધી રહ્યું છે. દુનિયામાં પ્રદૂષણ આંકમાં મોખરે અને happiness ઈન્ડેક્સમાં પાછળ ભારતનું ભવિષ્યસાચે જોખમમાંછે. એને બચાવવા દરેક નાગરિક જાગૃત બની આગળ આવે એ જરૂરી છે.

# વિરોધનો અવાજ સંસ્કારથી ગુંજે ત્યારે જ લોકશાહી ખીલે






ભારત વિશ્વનું સૌથી મોટું લોકતંત્ર છે, જ્યાં દરેક નાગરિકને પોતાના વિચારો વ્યક્ત કરવાનો અને શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવાનો બંધારણીય અધિકાર પ્રાપ્ત છે. કોઈપણ નીતિ, નિર્ણય અથવા ઘટના સામે અવાજ ઉઠાવવો એ લોકશાહીની તાકાત છે. પરંતુ આ અધિકાર સાથે જવાબદારી અને શિષ્ટાચાર પણ એટલા જ જરૂરી છે.

તાજેતરના કેટલાક વિરોધ પ્રદર્શનો દરમિયાન એવી ઘટનાઓ સામે આવી છે, જેમાં વ્યક્તિગત અપશબ્દો, અશોભનીય ટિપ્પણીઓ અને જાહેર મર્યાદાનું ઉલ્લંઘન જોવા મળ્યું. કોઈપણ રાજકીય નેતા, સરકારી પદાધિકારી કે જાહેર જીવન સાથે જોડાયેલી વ્યક્તિ સાથે મતભેદ હોઈ શકે, પરંતુ તેમની ટીકા તર્ક, પુરાવા અને સંસ્કારી ભાષામાં થવી જોઈએ. વ્યક્તિગત અપમાન કે અસભ્ય ભાષા લોકશાહી ચર્ચાને મજબૂત કરતી નથી, પરંતુ તેનું સ્તર ઘટાડી દે છે. આજે મહિલાઓના સશક્તિકરણની ઘણી વાતો થાય છે, જે સમયની મહત્વપૂર્ણ જરૂરિયાત પણ છે. પરંતુ સશક્તિકરણનો અર્થ માત્ર નિર્ભય બનીને બોલવાનો નથી; તેનો અર્થ જવાબદારીપૂર્વક, સંસ્કારપૂર્વક અને સમાજને સકારાત્મક દિશા આપે તેવી અભિવ્યક્તિ પણ છે. આ વાત પુરુષો અને મહિલાઓ બંને માટે સમાન રીતે લાગુ પડે છે. કોઈપણ લિંગને આધારે સમગ્ર વર્ગ વિશે સામાન્યકરણ કરવું યોગ્ય નથી. વિરોધના નામે જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડવું, અશ્લીલ સૂત્રોચ્ચાર કરવો અથવા કોઈના પદની ગરિમાને ઠેસ પહોંચાડે તેવી ભાષાનો ઉપયોગ કરવો લોકશાહી મૂલ્યોને અનુકૂળ નથી. મતભેદ વ્યક્ત કરવા માટે શબ્દોની મર્યાદા અને નૈતિકતા જાળવવી જરૂરી છે. અભિવ્યક્તિની સ્વતંત્રતા અને જવાબદારી એકબીજાના પૂરક છે, વિરોધી નહીં.

આજની યુવા પેઢી દેશનું ભવિષ્ય છે. તેથી શિક્ષણ સાથે સંસ્કાર, તર્કશક્તિ અને જવાબદાર નાગરિકત્વનો વિકાસ પણ એટલો જ જરૂરી છે. સોશિયલ મીડિયા અને જાહેર મંચો પર બોલાતો દરેક શબ્દ સમાજ પર અસર કરે છે.

મતભેદ હોય તો તેને દલીલ, ચર્ચા અને લોકશાહી માર્ગોથી વ્યક્ત કરવો જોઈએ.સમયની માંગ છે કે અભિવ્યક્તિની સ્વતંત્રતાનું રક્ષણ થાય, પરંતુ સાથે સાથે માનહાનિ, અશોભનીય ભાષા અને જાહેર મર્યાદાના ભંગ સામે કાયદાનું યોગ્ય અને સમાન અમલીકરણ પણ થાય. લોકશાહી ત્યારે જ મજબૂત બને છે જ્યારે વિરોધ પણ સંસ્કારી હોય, ચર્ચા પણ તર્કસંગત હોય અને દરેક વ્યક્તિ પોતાના અધિકારો સાથે પોતાની ફરજોનું પણ પાલન કરે.

# આપનું મુખ જોઈ મનમાં થાય છે, ચાંદ પર લોકો અમસ્તા જાય છે



આપનું મુખ જોઈ મનમાં થાય છે,
ચાંદ પર લોકો અમસ્તા જાય છે.
જાગવાનું મન ઘણુંયે થાય છે.
આંખ ખોલું છું તો સપનાં જાય છે.
આંસુઓમાં થઈ ગયો તરબોળ હું,
આપનું દિલ તોય ક્યાં ભીજાય છે?
આપ શું સમજો હૃદયની વાતમાં,
આપને ક્યાં દર્દ જેવું થાય છે?
લાખ કાંટાઓ મથે સંતાડવા,
તે છતાંયે ફૂલ ક્યાં સંતાય છે?
દુ:ખ પડે છે તેના 'આદિલ' ગમ ન કર,
ભાગ્યમાં જે હોય છે તે થાય છે.

**-આદિલ મન્સૂરી.**




આ ગઝલના સર્જક આદિલ મન્સૂરી ગુજરાતી ગઝલસાહિત્યના અગ્રણી સર્જકોમાંના એક છે. તેમની ગઝલોમાં સરળ ભાષા, ઊંડી સંવેદના, પ્રેમની નાજુક અભિવ્યક્તિ અને જીવનદર્શનનું અનોખું સંમિશ્રણ જોવા મળે છે. પ્રસ્તુત ગઝલ પણ પ્રેમ, વિરહ, લાગણી અને જીવનના અપરિવર્તનીય સત્યને અત્યંત સરળ પરંતુ અસરકારક શબ્દોમાં વ્યક્ત કરે છે.

ગઝલનો પ્રથમ શેર છે–

"આપનું મુખ જોઈ મનમાં થાય છે,
ચાંદ પર લોકો અમસ્તા જાય છે."

ગઝલની શરૂઆત જ સુંદર ઉપમા દ્વારા થાય છે. પ્રિયજનના ચહેરાની સુંદરતા એટલી મોહક છે કે પછી ચંદ્ર પર જવાની માનવજાતની મહત્ત્વાકાંક્ષા પણ નિરર્થક લાગે છે. કવિ કહે છે કે જ્યારે પોતાના પ્રિયનું મુખ જ ચંદ્ર કરતાં વધુ તેજસ્વી અને સુંદર હોય, ત્યારે ચંદ્ર સુધી પહોંચવાની ઈચ્છા શા માટે? અહીં પ્રેમી માટે પ્રિયજન જ સમગ્ર સૌંદર્યનું કેન્દ્ર બની જાય છે. આ શેરમાં વ્યંગ્યનો પણ આછો સ્પર્શ છે કે માનવ ચંદ્ર સુધી તો પહોંચી ગયો, પરંતુ હૃદયના પ્રેમ સુધી પહોંચવાનું હજુ શીખ્યો નથી.

બીજા શેરમાં કવિ લખે છે–

"જાગવાનું મન ઘણું છે થાય છે,
આંખ ખોલું છું તો સપનાં જાય છે."

આ શેર માનવજીવનની એક ગહન માનસિક સ્થિતિને વ્યક્ત કરે છે. સ્વપ્નો જીવનને સુંદર બનાવે છે, પરંતુ વાસ્તવિકતા ઘણીવાર કઠોર હોય છે. પ્રેમી જાગવા તો ઈચ્છે છે, પરંતુ જાણે છે કે આંખ ખુલતાની સાથે જ પ્રિયજનના મધુર સ્વપ્નો તૂટી જશે. અહીં સ્વપ્ન માત્ર ઊંઘના નથી, પરંતુ જીવનની આશાઓ અને પ્રેમની કલ્પનાઓનું પણ પ્રતીક છે. આ શેરમાં વાસ્તવિકતા અને કલ્પનાની વચ્ચેનો સંઘર્ષ ખૂબ જ અસરકારક રીતે વ્યક્ત થયો છે.

ત્રીજો શેર કહે છે–

"આંસુઓમાં થઈ ગયો તરબોળ હું,
આપનું દિલ તોય ક્યાં ભીજાય છે?"

આ શેર ગઝલનો સૌથી કરુણ અને ભાવસભર શેર છે. પ્રેમી પોતાના આંસુઓમાં સંપૂર્ણપણે ભીંજાઈ ગયો છે, છતાં પ્રિયજનના હૃદયમાં તેની પીડાનો કોઈ સ્પર્શ થતો નથી. અહીં દિલ ભીજવું એ કરુણા, સહાનુભૂતિ અને પ્રેમનું પ્રતીક છે. પ્રેમ એકતરફી બની જાય ત્યારે આવી જ પરિસ્થિતિ સર્જાય છે. પ્રેમીનું દુ:ખ વધતું જાય છે, પરંતુ સામેની વ્યક્તિ નિષ્ક્રિય રહે છે. આ શેરમાં વિરહની તીવ્ર વેદના હૃદયને સ્પર્શી જાય છે.

આગળ કવિ કહે છે–

આપ શું સમજો હૃદયની વાતમાં,
આપને ક્યાં દર્દ જેવું થાય છે?"

આ શેરમાં પ્રેમી પ્રિયજનને પ્રશ્ન કરે છે કે શું તમે ક્યારેય હૃદયની સાચી પીડા અનુભવી છે? જેને ક્યારેય પ્રેમનો ઘા લાગ્યો નથી તે પ્રેમની વેદના કેવી રીતે સમજી શકે? અહીં ક્યાં દર્દ શબ્દપ્રયોગ ખૂબ જ અર્થસભર છે. હૃદયની વ્યથા શબ્દોમાં સમજાવી શકાતી નથી; તેને અનુભવવી પડે છે. આ શેર માનવીય સંવેદનાની મર્યાદા દર્શાવે છે.

આ પછીનો શેર છે–

લાખ કાંટાઓ મથે સંતાડવા,
તે છતાં છે ફૂલ ક્યાં સંતાય છે?"

આ શેર જીવનનું સુંદર પ્રતીક છે. ફૂલને ભલે લાખો કાંટાઓ વચ્ચે રાખવામાં આવે, છતાં તેની સુગંધ અને સુંદરતા છુપાવી શકાતી નથી. એ જ રીતે સચ્ચો પ્રેમ, સદગુણ, પ્રતિભા અથવા સત્યને લાંબા સમય સુધી દબાવી શકાય નહીં. અંતે તેની ઓળખ દુનિયા સમક્ષ પ્રગટ થઈ જ જાય છે. આ શેરમાં આશાવાદ અને જીવનદર્શન બંનેનો સુંદર સમન્વય છે.

ગઝલનો અંતિમ અને મક્તાનો શેર છે–

"દુ:ખ પડે છે તેનો 'આદિલ' ગમ ન કર,
ભાગ્યમાં જે હોય છે તે થાય છે."

અંતિમ શેરમાં કવિ જીવનનું દાર્શનિક સત્ય રજૂ કરે છે. જીવનમાં સુખ અને દુ:ખ બંને અનિવાર્ય છે. જે આપણા ભાગ્યમાં લખાયેલું હોય તે બનીને રહે છે. તેથી દુ:ખ આવે ત્યારે અતિશય શોક કરવો યોગ્ય નથી. આ શેર મનુષ્યને ધીરજ, સ્વીકાર અને હિંમતનો સંદેશ આપે છે. પ્રેમની નિષ્ફળતા હોય કે જીવનની કોઈ પણ વેદના, સમય સાથે તેને સ્વીકારી આગળ વધવું જોઈએ.

આ સમગ્ર ગઝલનો મુખ્ય ભાવ પ્રેમ, વિરહ, લાગણી, સંવેદના અને જીવનના યથાર્થનું ચિત્રણ છે. દરેક શેર સ્વતંત્ર અર્થ ધરાવે છે, છતાં બધા શેર મળીને પ્રેમીની આંતરિક સ્થિતિનું જીવંત ચિત્ર દોરે છે. ભાષા અત્યંત સરળ છે, પરંતુ દરેક શબ્દ ઊંડો અર્થ ધરાવે છે. પ્રાર્થના શૈલીનો સુંદર ઉપયોગ ગઝલને વધુ અસરકારક બનાવે છે. ઉપમા, પ્રતીક, વ્યંગ્ય અને વિરોધાભાસ જેવા અલંકારો ગઝલની કલાત્મકતા વધારે છે.આદિલ મન્સૂરીની આ ગઝલનો સૌથી મોટો ગુણ તેની સહજતા છે. તેમાં કોઈ જટિલ શબ્દપ્રયોગ નથી, છતાં દરેક શેર વાંચકના હૃદય સુધી સીધો પહોંચે છે. પ્રેમમાં અનુભવાતી ખુશી, સ્વપ્નોના ભંગની પીડા, એકતરફી પ્રેમની વેદના અને અંતે ભાગ્યના સ્વીકાર સુધીની ભાવયાત્રા આ ગઝલમાં ખૂબ જ સુંદર રીતે અભિવ્યક્ત થઈ છે.

અંતે કહી શકાય કે આ ગઝલ માત્ર પ્રેમગીત નથી, પરંતુ માનવજીવનની લાગણીઓનું દર્પણ છે. પ્રેમ, પીડા, આશા, નિરાશા અને જીવનના શાશ્વત સત્યને આદિલ મન્સૂરીએ અત્યંત સરળ, મધુર અને હૃદયસ્પર્શી ભાષામાં રજૂ કરીને ગુજરાતી ગઝલસાહિત્યને એક યાદગાર રચના અર્પણ કરી છે. આજે પણ આ ગઝલ વાંચીએ ત્યારે તેના શબ્દો મનમાં લાંબા સમય સુધી ગુંજતા રહે છે અને વાચકને પોતાની જ લાગણીઓ સાથે સામસામે ઊભા કરી દે છે.

# નાકના વાળ ખેંચવા એ ક્રૂર આનંદ છે..!




એના કપાળમાં કાંદા ફોડું, એકાદ તો વલાર નાંખશે જ કે, 'છીઈઈઈઈ..! આવો તે કોઈ વિષય હોય..?' ભઈઈઈ...બહુરૂપી બનના હૈ, તો સબ ખેલ કરના પડતા હૈ..! હસાવવા માટે કંઈને કંઈ લાવવું તો પડે ને..? તમે તો જાણે ક્યારેય નાકનો વાળ ખેંચ્યો જ ના હોય એમ ચીહાળા શું પાડો છો..? એક વાત છે, નાકના વાળ ખેંચવા એ સારી ટેવ નથી. તબીબ પણ ના પાડે, ને ભોદા લાગીએ તે બોનસ..! અમુકને તો ફોન ઉપર વાત કરતા કરતા પણ નાકના વાળ કતલ કરવાણી ટેવ..! પછી જેવો જેનો ફોન..! સાળીનો ફોન આવ્યો તો તાલ ઉપર હાથ ફેરવીને મઝા લઇ લે.વાઈફનો ફોન હોય તો ચાર-પાંચ વાળ શહીદકરી નાંખે..! જેવો જેનો વાર્તાલાપ..! આવું નહિ કરાય..! નાકની ગુફા વિફરી તો, એક ઉપર બીજું નાક પણ ફૂટે..! એક ઉપર એક ફ્રી..! જેને ઢીમચું કહેવાય..! ઢીમચું એટલે ઢીમચું યાર? સામાવાળાને ૧૨૦ રતલનું શરીર નહિ દેખાય, ટ્રાફિક સિગ્નલ જેવું ઢીમચું પહેલા દેખાય..! નાક ઉપર એવું ફૂટી નીકળે કે જાણે, 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરી...!' જાણકાર હોય તો સંભળાવે પણ ખરો, 'નાકના વાળ ખેંચો તો આવું જ થાય..! હવે ઢીમચા ઉપર હાથ ફેરવ્યા કરો..! કોઈના નાક ઉપર ઢીમચું જોવા મળે તો રાખે એવું માનતા કે, એને મધમાખી કઈડી ગઈ હશે..! ખેંચાખેંચી કરવાનું દુષ્પરિણામપણ હોય શકે..! જો કે, આ મુદ્દે હું પણ દુધે ધોયેલા જેવો તો જ..! મને પણ આ લત વળગેલીજ છે. જેટલો શૈલીને (વાઈફ) લઈને ફર્યો નથી, એનાથી વધારે ઢીમચા લઈને ફર્યો છું મામૂ..! આદતસે મજબુર...! અમુક તો તો સંભળાવી પણ ગયેલા કે, ખેંચો ખેંચો, નાકના વાળ ખેંચો..? 'પણ જેને આનંદ જ માણવો હોય, એ ગમે ત્યાંથી ગમતાનો ગુલાલ તો શોધી કાઢે. જેમ છીંક ખાધા પછી, જન્નત મળ્યું હોય એવી હાશ થાય. મોંઢામાં માવો પડે એટલે, માવો ખાનારને ઈન્દ્રાસન મળ્યું હોય એવી અનુભૂતિ થાય. નાકનો વાળ ખેંચવામાં પણ આવું જ બને. ટમ્પુદાદાના હાથમાં હોર્બોજ ખાડીનો હવાલો આવી ગયો હોય, એવી ફીલિંગ આવી જાય. આમ કરવાથી 'નાક' ની ઈમેજ બગડે, જો કે, નાકના વાળ પણ ખેંચાવા માટે જ પેદા થતા હોય એમ, ખેંચાતા જ આવ્યા છે.

તમે પણ અસ્સલ એવું સાંભળેલું હશે કે, 'નવરો માણસ કાટલાં તોકે..!' હવે આ નવું 'વર્ઝન' આવ્યું કે, 'નવરો માણસ નાકના વાળ ખેંચે.!' એને upgradation કહેવાય. માણસ જ્યારે મંદીની ભીંસમાં આવે, ગ્રાહકનાં દર્શન 'દુર્લભ' થઇ જાય, લેખકની બુદ્ધિ બહેર મારી જાય, વાઈફે રોજ કરતા વધારે ખખડાવી નાંખ્યો હોય ત્યારે જ આવી 'ખેંચાખેંચી' થાય..! અમુક તો રીઢા ભાડુઆતને, મકાનમાંથી બહાર ફેંકતો હોય, એવી નિર્દયતાથી વાળ ખેંચે. 'નાક-નિકાલ' થાય નહિ, ત્યાં સુધી જંપે નહિ. એ તો સારું છે કે, નાકની ગુફામાં માથા જેવી ટાલ પડતી નથી. એના કપાળમાં કાંદા ફોડું, આ લેખમાં આગળ વધવા માટે આદત પ્રમાણે મેં પણ ૧૮-૧૯ વાળનો ખાત્મો બોલાવ્યો હશે રે ..! આ એક 'ઇન્ટર નેશનલ હેટીવ ઉરફે હેબીટ' છે દાદૂ..! ફેર એટલો કે બીજા બોલે નહિ, ને આપણે બકબક કરીએ..! ખૂબીની વાત એ કે, આટલો જુલમ થવા છતાં, નાકના વાળ ક્યારેય ગદ્દાર થતા નથી. માથાના વાળ તો ચુપચાપ ટાલીયા બનાવીને ચાલી જાય. નાકના વાળ ખુદ્દારી છોડતા નથી..! છેલ્લા શ્વાસ સુધી પાલક સબંધ જાળવે. બાકી કોઈના નાકમાં ટાલ પડી હોય એવું સંભળાયું નથી..! ઊંચા ઘરાનાના હોય એમ, માથાના વાળને ગમે ત્યાં ફેલાવાની છૂટ..! 'ફેશન' માં ખપે. નાકના વાળને એવી જાહોજલાલી નહી. નાકના વાળની 'ડાય' કરીને, ચોટલા કે ચોટલીની ગૂંથણી કરી હોય એવું જાણમાં નથી..! જો ભૂલમાં પણ નાકના ભૂંગળાની બહાર પગ કાઢે એટલે, કતલ થઈ જાય..! સુંદરતાની પથારી ફેરવી નાંખે ને..? વિશ્વની મહાન નૃત્યાંગના અન્ના પાવલોવા (Anna Pavlova), માર્થા ગ્રેહામ (Martha Graha) અને માર્ગોટ ફોન્ટેન (Margot Fonteyn) ની જેમ નાકના વાળને બહાર નીકળીને ઝૂમવા ના દેવાય..! નાકનાં વાળ એટલે શ્વાસોશ્વાસનું કુદરતી ફિલ્ટર. ધૂળની રજકણો માટેનું 'ટોલ-નાકું..!' એમના NOC વગર ફેફસા-ધામની યાત્રા સંપન્ન નહિ થાય..!

અંગ્રેજી ભાષાના સમર્થ હાસ્ય લેખક પી,જી.વોડહાઉસ અને બીલ બ્રાયસને પણ આ વિષય ઉપર એક લેખ લખેલો. બને એક રાતે સ્વપ્નામાં આવીને કહે, 'બેટા રોમેશ..! (આ લોકો રમેશનું રોમેશ કરે..!) નાકનો વાળ ખેંચવા એ માત્ર સંહારપ્રક્રિયા નથી, તણાવ મુક્ત થવાનું હાથવગું હથિયાર પણ છે. ખેંચીને વાળ તોડો એટલે, અઘરા પ્રશ્નોનો ઉકેલ મળવા માંડે. મરવા પડેલું મગજ ક્રિયાશીલ થાય. બરફ બની ગયેલા વિચારો પ્રવાહિત થાય. મને કહે, 'રોમેશ..! એક વાતની માત્ર અમને જ ખબર છે કે, વિચારોને સજીવન કરવાનો અકસીર 'પોઈન્ટ' નાકની ગુફામાં આવેલો છે.' આવું સાંભળી, હસતા હસતા વાળ ખેંચવાની મને એવી ચળ ઉપડી કે, નોન-સ્ટોપ મારાથી ચાર-પાંચ વાળ શહીદ થઈ ગયા. એમાં વેદના એવી સખ્ત થઇ કે, ચીસ સાથે મારાથી જગાય ગયું. જાગીને જોઉં તો જગત દિશે નહિ, એમ બંને ગાયબ..! પછી ખબર પડી કે, આ તો એક સ્વપ્નું હતું..!

તમને જાણીને નવાઈ લાગશે કે, નાકના વાળ ખેંચવાના વિષય ઉપર ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ (Guinness World Records) માટે દાવો કરનારા પૈકી અમેરિકાના gV-ગફીલ્ડના રહેવાસી માઈકલ બેઈલી (Michael Bailey) એ તો પોતાના નાકમાંથી જ નીકળેલા અંદાજે ૫૮૪ જેટલા લાંબા અને જાડા નાકના વાળ ભેગા કરીને એક અનોખો રેકોર્ડ બનાવેલો..! પણ આપણે એવું કરવું નથી. ભલે ને એ અકસીર ઈલાજ કે ક્ષણિક આનંદની ચેષ્ટા હોય, સજ્જન માણસ માટે નાકમાંથી વાળ ખેંચવાની ક્રિયા શોભાયમાન નથી. મુરતિયાની પસંદગી કરતા પહેલા ચીલાચાલુ અનેક પ્રશ્નોતરી તો થાય જ છે. ત્યારે, આ પણ, પૂછવા જેવું ખરું કે, જાતકને નાકના વાળ ખેંચવાની આદત તો નથી ને..?

કમસેકમ મૂછના દોરા જેટલી ઈજ્જત તો નાકના વાળની થવી જ જોઈએ. જેને ધોળા દિવસે તારા જોવાનો શોખ હોય, એમણે જ અરીસા સામે ઊભા રહીને આ ચેષ્ટા કરવાની. એક નાક ઉપર બીજું નાક (ઢીમચું) ઉભું જ થશે તો, એક છીંકશે ને બીજું કણસશે...! પછી એમ નહિ કહેતા કે, સમાજમાં મારું નાક ના રહ્યું..! શું કહો છો રતનજી..?

**લાસ્ટ બોલ**

વાળ કપાવીને ઘરે આવીને ચમનીયાએ ચંચીને એટલું જ કહ્યું કે, 'જો મારા વાળ સરસ કાપ્યા છે ને..? હું ઉંમરમાં હવે તારાથી ૧૦ વર્ષ નાનો લાગુ છું..! ચંચી કહે, 'સાવ ટકો જ કરાવીને આવવું હતું ને..? હજી હમણાં જ જન્મ્યા હોય એવા દેખાતે..! તારા કપાળમાં કાંદા ફોડું..!

# અન્ય સમાચારો

Saturday 01, August 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Saturday 01, August 2026

## ટાઈગર અભી ઝિંદા હૈ...

વિવિધ દિવસોની આંતરરાષ્ટ્રીય સ્તરે થતી ઉજવણીની ફળશ્રુતિ શું ૨૦૧૦માં વિશ્વમાં વાઘની વસ્તી સાવ ૩૨૦૦ સુધી એતિહાસિક નીચાં સ્તરે પહોંચી ગઈ હતી. વાઘનું અસ્તિત્વ ધરાવતા ભારત સહિતના ૧૩ દેશ ભેગા થયા અને વર્ષ ૨૦૨૨ સુધીમાં આ આંકડો બમણો કરવાનો સંકલ્પ કરાયો. આજે એકલા ભારતમાં ૫૮ ટાઈગર રિઝર્વ્સમાં વાઘની સંખ્યા ૩૬૮૨ જેટલી થઈ છે, જે પૃથ્વી પર બચેલા વાઘની કુલ સંખ્યાના સિત્તેર ટકા છે. ૨૯મી જુલાઈએ ઈન્ટરનેશનલ ટાઈગર-ડે માત્ર ઉજવણી નથી, દોઢ દાયકા પહેલાં શરૂ કરાયેલાં એક અભિયાનને પગલે આવેલું સકારાત્મક પરિણામ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા મંચ એક્સ પર ટાઈગર-ડે નિમિત્તે મૂકેલી પોસ્ટમાં વન અધિકારીઓ, વિજ્ઞાનીઓ તથા સંરક્ષકોના સહિયારા પ્રયાસો તથા પ્રકૃતિ સાથે સામંજસ્ય સાધીને જીવવાની આપણી સદીઓ પુરાણી સંસ્કૃતિને કારણે વાઘ સંરક્ષણમાં ભારત મહત્ત્વનું સીમાચિહ્ન સર કરી શક્યું છે. મનુષ્યો જંગલમાં પ્રવેશી રહ્યા છે તથા વિવિધ યોજનાઓને કારણે વન વિસ્તાર ઓછો થવા ઉપરાંત શિકાર જેવા કારણોસર ભારતમાં વાઘની સંખ્યા ચિંતાજનક નીચાં સ્તરે પહોંચી ગઈ હતી. ૨૦૧૦માં વૈશ્વિક સ્તરે એક સદી પહેલાંના આંકડાની સરખામણીમાં માત્ર ત્રણ ટકા વાઘ જ બચ્યા હતા. ભારતમાં ૧૯૭૩થી વાઘ સંરક્ષણ માટેનાં વિવિધ અભિયાનો હાથ ધરાયાં હતાં અને આ પ્રયાસોનાં પરિણામે ૨૦૦૬ સુધીમાં આ આંકડો ૧૪૧૧ સુધી પહોંચ્યો હતો. દર ચાર વર્ષે વનમાંના વાઘોની ગણના હાથ ધરાય છે અને ભારતે આ દિશામાં ક્રમશઃ સુધારો નોંધાવ્યો છે. ૨૦૧૦માં આ આંકડો ૧૭૦૬ સુધી પહોંચ્યો અને ૨૦૨૩માં છેલ્લી ગણતરીમાં ૩૬૮૩ વાઘ ભારતમાં હોવાનું સામે આવ્યું છે. એમાંય ૨૦૧૯થી ૨૦૨૩ વચ્ચેના ચાર વર્ષના ગાળામાં વાઘની વસ્તીમાં ૨૪ ટકા જેટલો નોંધપાત્ર વધારો થયો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ અભિયાનમાં વિશેષ રસ લીધો છે અને દેશની આઝાદીના ૭૫મા વર્ષે વિશ્વના ૭૫ ટકા વાઘ ભારતમાં હોવાની જાહેરાત ગર્વભેર કરી હતી. વાઘના કુદરતી રહેઠાણની જાળવણી કરવા સાથે લોકોમાં વાઘની સંખ્યા બાબતે જાગરુકતા નિર્માણ કરવા ઉપરાંત વાઘ સંરક્ષણ સંબંધી મુદ્દાઓને આધાર આપવાના ત્રિવિધ પ્રયાસોને કારણે આ સફળતા મળી છે. વાઘના ગેરકાયદે શિકાર ઉપરાંત તેમનાં ચામડાં અને હાડકાંની આંતરરાષ્ટ્રીય સ્તરે બહુ મોટી માંગ છે. ૧૯૭૨માં રોયલ બેંગાલ ટાઈગરને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરાયા બાદ તેમનાં સંરક્ષણના પ્રયાસોને વેગ મળ્યો હતો. દેશમાં ૧૮ ટાઈગર રેન્જ રાજ્ય છે, જેમાં ૫૮ ટાઈગર રિઝર્વ્સ છે અને દેશના આશરે ૨.૫૬ ટકા ભૌગોલિક વિસ્તારમાં વાઘનો વ્યાપ છે. ગ્રાઉન્ડ સર્વેક્ષણો, રિમોટ સેન્સિંગ, કેમેરા ટ્રાપિંગ તથા વાર્ષિક નિરીક્ષણ દ્વારા વાઘની સંખ્યા પર નજર રાખવામાં આવે છે. ટેક્નોલોજી સંચાલિત આ પ્રયાસો રંગ લાવ્યા છે. આમ છતાં, સમાચાર આવે છે કે, વાઘ માનવ વસાહતમાં દેખાયો કે હુમલો કર્યો. આવું થવાની ફ્રીક્વન્સીમાં ઘટાડો કરવાનું ધ્યેય આગામી વર્ષોમાં રાખવામાં આવે એ કદાચ આ દિશામાં બીજી મોટી પહેલ હશે.

## દિલ્હીમાં અમેરિકાના ૩ દુશ્મન ભેગા થશે

### બ્રિક્સ સમિટ માટે પુતિન, જિનપિંગ અને ઈરાનના નેતા ભારત આવે તેવી શક્યતા



(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૩૧ : ચીનના પ્રમુખ શી જિનપિંગ સપ્ટેમ્બર મહિનામાં નવી દિલ્હીમાં યોજાનાર BRICS શિખર સંમેલનમાં ભાગ લેવા માટે ભારત આવી શકે છે. જો આ પ્રવાસ નક્કી થાય છે, તો કોવિડ-૧૯ મહામારી અને ૨૦૨૦ ના ગલવાન સરહદ વિવાદ બાદ આ તેમની પહેલી ભારત યાત્રા હશે. મિડલ ઈસ્ટની જંગ વચ્ચે જો શી જિનપિંગ ભારત આવે છે, તો આ એક અત્યંત મહત્વપૂર્ણ કૂટનીતિક ઘટના માનવામાં આવશે.

ભારત ૧૨-૧૩ સપ્ટેમ્બરના રોજ BRICS શિખર સંમેલનની યજમાની કરશે. આ સંમેલનમાં રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન પણ સામેલ થવાની પૂરી સંભાવના છે. ક્રેમલિન પહેલેથી જ પુતિનની ભારત યાત્રાના સંકેત આપી ચૂક્યું છે. BRICS ના સભ્ય દેશ તરીકે ઈરાન પણ આ સંમેલનમાં ભાગ લેશે, જો કે ઈરાન તરફથી ક્યા સ્તરનું પ્રતિનિધિમંડળ આવશે તેના પર હજુ અંતિમ નિર્ણય લેવાનો બાકી છે. BRICS સંમેલન પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી મહિને કિર્ગિસ્તાનમાં યોજાનાર શંઘાઈ સહયોગ સંગઠન (SCO) શિખર સંમેલનમાં રશિયા, ચીન અને ઈરાનના શીર્ષ નેતાઓને મળશે. આ SCO શિખર સંમેલન અમેરિકા-ઈરાન સંઘર્ષ શરૂ થયા પછી સભ્ય દેશોની પહેલી શીર્ષ બેઠક હશે. આ બેઠકમાં ક્ષેત્રીય સુરક્ષા, પશ્ચિમ એશિયાના હાલાત, વેપાર અને સહયોગ જેવા મુદ્દાઓ પર ચર્ચા થવાની અપેક્ષા છે. જો શી જિનપિંગ ભારત આવે છે, તો તેને ભારત-ચીન સંબંધોના મામલે એક મોટું કૂટનીતિક પગલું માનવામાં આવશે. બંને દેશો વચ્ચે સરહદ વિવાદ અને તણાવ છતાં તાજેતરની મુલાકાત દ્વિપક્ષીય સંબંધોને આગળ વધારવા માટે અતિ મહત્વની સાબિત થશે. ચીનના પ્રમુખ શી જિનપિંગની સંભવિત ભારત યાત્રાની ચર્ચાઓ વચ્ચે વડાપ્રધાન મોદીને પાકિસ્તાન તરફથી પણ આમંત્રણ મળી શકે છે. પાકિસ્તાને સંકેત આપ્યા છે કે ૨૦૨૭ માં ઈસ્લામાબાદમાં યોજાનાર શંઘાઈ સહયોગ સંગઠન (SCO) શિખર સંમેલન માટે વડાપ્રધાન મોદીને સત્તાવાર નિમંત્રણ મોકલવામાં આવશે. પાકિસ્તાન સપ્ટેમ્બર ૨૦૨૬ માં SCO ની અધ્યક્ષતા સંભાળશે અને ૨૦૨૭ માં ઈસ્લામાબાદમાં આ શિખર સંમેલનની યજમાની કરશે.

## ૨૦૩૧ સુધીમાં એઆઈ ઓફિસ : ઝકરબર્ગ



(સંપૂર્ણ સમાચાર સેવા) કેલિફોર્નિયા, તા.૩૧ મેટાના સીઈઓ માર્ક ઝકરબર્ગે આગાહી કરી છે કે, આવનારા પાંચ વર્ષમાં દુનિયાભરના અબજો લોકો પાસે પોતાનો એઆઈ પર્સનલ આસિસ્ટન્ટ હશે. આ પીએ રોજિંદા જીવનમાં તેમની સાથે રહેશે અને વિવિધ કામોમાં મદદ કરશે. ભવિષ્યમાં એઆઈ માત્ર પ્રશ્નોના જવાબ આપતું ટૂલ નહીં રહે. પરંતુ, દરેક વ્યક્તિ માટે પર્સનલ હેલ્પર તરીકે કામ કરશે. ઝકરબર્ગે જણાવ્યું કે, મેટા એવા એઆઈ આસિસ્ટન્ટ પર કામ કરી રહી છે, જે દરેક વ્યક્તિની આદતો, પસંદગી અને જરૂરિયાતોને સમજીને ૨૪ કલાક તેમની મદદ કરશે. હાલમાં એઆઈનો સૌથી વધુ ઉપયોગ કોડિંગ અને ટેકનિકલ કામો માટે થઈ રહ્યો છે. પરંતુ, મેટા એઆઈને સામાન્ય વ્યક્તિ માટે સરળ અને ઉપયોગી બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. એઆઈ પીએ હેલ્થ ટ્રેક કરવામાં, મની મેનેજમેન્ટમાં, ટ્રાવેલ પ્લાનિંગ, શિડ્યુલ મેનેજમેન્ટ અને અનેક નાના-મોટા કામોને સરળ બનાવવામાં મદદ કરશે. મેટાના વ્હોટ્સએપ, મેસેન્જર અને ઈન્સ્ટાગ્રામ જેવા પ્લેટફોર્મ્સ આ એઆઈ આસિસ્ટન્ટનું મુખ્ય માધ્યમ બનશે. હાલ, મેટા એઆઈને અનેક બિઝનેસ પણ મેટા ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. તેમાં, બિઝનેસ આસિસ્ટન્ટનો ઉપયોગ દર અઠવાડિયે ૧૦ લાખથી વધુ બિઝનેસ કરી રહ્યા છે.

## સંસદમાં અનોખો વિરોધ


### પૂજારી બન્યા પપ્પુ યાદવ, રાહુલ ગાંધીએ આપ્યું દાન; પછી દાનપેટી લઈને ભાગ્યા સાંસદ!




(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૩૧ : સંસદનું ચોમાસું સત્ર સતત કોઈને કોઈ મુદ્દે ચર્ચામાં રહ્યું છે. પરંતુ આજે સંસદ પરિસરમાં એક એવો રાજકીય અને અનોખો નજારો જોવા મળ્યો, જેને જોઈને દરેક લોકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. બિહારના પૂર્ણિયાથી અપક્ષ સાંસદ પપ્પુ યાદવ પૂજારીના વેશમાં જમીન પર બેઠેલા જોવા મળ્યા હતા. તેમની પાસે એક દાનપાત્ર રાખેલું હતું અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી તેમાં વિધિવત રીતે રૂપિયા નાખતા નજરે પડ્યા હતા. વિપક્ષે અયોધ્યામાં રામ મંદિરના દાનની ચોરી અને સંસદમાંથી ગૃહ મંત્રી અમિત શાહની ગેરહાજરીને લઈને આ કટાક્ષપૂર્ણ શોર્ટ પ્લે (નાટક) રજૂ કર્યું હતું. વિપક્ષી સાંસદોના આ અનોખા વિરોધ પ્રદર્શનની કથા ખૂબ જ રસપ્રદ અને વ્યંગાત્મક હતી. સાંસદ પપ્પુ યાદવ પૂજારીનો વેશ ધારણ કરીને દાનપાત્ર સાથે જમીન પર બેસી ગયા હતા. રાહુલ ગાંધીએ આગળ વધીને દાનપાત્રમાં દાન આપ્યું, જેના પછી પૂજારી બનેલા પપ્પુ યાદવે અયોધ્યાના સાંસદના ચરણ સ્પર્શ કર્યા હતા. ચરણ સ્પર્શ કર્યા પછી તુરંત જ પૂજારી બનેલા પપ્પુ યાદવ દાનપાત્ર લઈને અચાનક ત્યાંથી ભાગી છૂટ્યા હતા. વિપક્ષના જણાવ્યા અનુસાર, આ પ્રતિકાત્મક નાટક દ્વારા તેઓ અયોધ્યા રામ મંદિરના દાનમાં થયેલી નાણાકીય અનિયમિતતાઓ અને દાન ચોરીના મુદ્દે સરકારને ઘેરી રહ્યા હતા.

આ રાજકીય નાટક દરમિયાન પૃષ્ઠભૂમિમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પ્રિયંકા ગાંધી વાડ્રા અને ઈન્ડિયા ગઠબંધનના તમામ મોટા નેતાઓ હાથમાં પોસ્ટર્સ લઈને ઊભા હતા. આ પોસ્ટર્સ પર મોટા અક્ષરે લખેલું હતું કે, ગૃહ મંત્રી અમિત શાહ સંસદમાંથી ગાયબ કેમ છે? વિપક્ષનો આક્ષેપ છે કે દેશના આટલા મહત્ત્વના મુદ્દાઓ પર સંસદમાં ચર્ચા ચાલી રહી છે, પરંતુ ગૃહ મંત્રી ગૃહમાંથી ગેરહાજર છે.

## ગુજરાતમાં ૬ ઓગસ્ટ સુધી વરસાદી માહોલ



(સંપૂર્ણ સમાચાર સેવા) ગાંધીનગર, તા.૩૧ :ગુજરાતમાં આગામી કેટલાક દિવસો સુધી વરસાદનું જોર યથાવત્ રહેવાની શક્યતા છે. ભારતીય હવામાન વિભાગ (IMD)ના તાજા બુલેટિન મુજબ પૂર્વ વિદર્ભ અને પશ્ચિમ-મધ્ય છત્તીસગઢ પર સક્રિય ડિપ્રેશન હવે પશ્ચિમ-મધ્ય વિદર્ભ અને દક્ષિણ મધ્યપ્રદેશ તરફ આગળ વધ્યું છે. આગામી ૨૪ કલાકમાં તે નબળું પડી નોંધપાત્ર લો-પ્રેશર એરિયામાં ફેરવાશે, પરંતુ તેની અસર હેઠળ ગુજરાતમાં ૬ ઓગસ્ટ સુધી સાર્વત્રિક વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે.ડિપ્રેશન ક્યાં પહોંચ્યું? - હવામાન વિભાગના જણાવ્યા મુજબ શુક્રવારે સવારે ૮:૩૦ વાગ્યે ડિપ્રેશન પશ્ચિમ-મધ્ય વિદર્ભ અને દક્ષિણ મધ્યપ્રદેશ નજીક કેન્દ્રિત હતું. તે અમરાવતીથી આશરે ૫૦ કિમી પૂર્વ-ઉત્તરપૂર્વ અને વર્ધાથી ૬૦ કિમી ઉત્તરપશ્ચિમ તરફ હતું. આગામી ૨૪ કલાક દરમિયાન તે વિદર્ભ, દક્ષિણ મધ્યપ્રદેશ અને મધ્ય મહારાષ્ટ્ર તરફ આગળ વધીને ધીમે ધીમે નબળું પડશે. હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, ૬ ઓગસ્ટ સુધીમાં સાર્વત્રિક વરસાદ પડવાની આગાહી આપવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ દક્ષિણ ગુજરાતના નર્મદા જિલ્લામાં ભારેથી અતિભારે અસાધારણ વરસાદની સંભાવના છે. જ્યારે અમદાવાદ, આણંદ, ખેડા, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ તેમજ સૌરાષ્ટ્રના ભાવનગર અને બોટાદ જિલ્લાઓમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. આ જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ ઉપરાંત ગાંધીનગર, પંચમહાલ, દાહોદ, સુરેન્દ્રનગર, રાજકોટ, અમરેલીમાં અતિ ભારે વરસાદના ઓરેન્જ એલર્ટ સાથ અતિ ભારે વરસાદની આગાહી છે. આ ઉપરાંતના તમામ જિલ્લાઓમાં યલો એલર્ટની સાથે ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. ૧ ઓગસ્ટના રોજ અમદાવાદ, આણંદ, સુરેન્દ્રનગર, રાજકોટ, બોટાદ, ભાવનગર, જિલ્લામાં રેડ એલર્ટ યથાવત રહેશે. આ જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.

## કોમનવેલ્થ ગેમ્સમાં ભારતની ધૂમ

(સંપૂર્ણ સમાચાર સેવા) ગ્લાસગો, તા.૩૧ : સ્કોટલેન્ડના ગ્લાસગોમાં ચાલી રહેલી કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડીઓએ પોતાનું પ્રભાવશાળી પ્રદર્શન ચાલુ રાખ્યું છે. સ્ટાર ભારતીય વેઈટલિફ્ટર લવપ્રીત સિંહે પુરુષોની +૧૧૦ કિગ્રા કેટેગરીની ફાઈનલમાં દેશ માટે સિલ્વર મેડલ જીત્યો હતો. દરમિયાન, સીમા કલીરામનાએ મહિલા ડિસ્કસ થ્રો સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. લવપ્રીત સિંહે કુલ ૩૮૮ કિગ્રા વજન ઉપાડીને બીજું સ્થાન મેળવ્યું. તેણે સ્નેચ રાઉન્ડમાં ૧૭૬ કિગ્રા અને ક્લીન એન્ડ જર્કમાં ૨૧૨ કિગ્રા વજન ઉપાડ્યું. આ બે મેડલ સાથે ભારતે હવે કુલ ૧૬ મેડલ (૩ ગોલ્ડ, ૧૦ સિલ્વર અને ૩ બ્રોન્ઝ) જીત્યા છે.સ્નેચ સ્પર્ધા પછી ન્યૂઝીલેન્ડના ડેવિડ લિટીએ લવપ્રીતથી ૧૦ કિલો ઓછું વજન ઉપાડ્યું હતું. જોકે, ક્લીન એન્ડ જર્કના બીજા રાઉન્ડમાં ડેવિડે ૨૨૩ કિગ્રા વજન ઉપાડીને કોમનવેલ્થ ગેમ્સનો નવો રેકોર્ડ બનાવ્યો. આ સાથે તે કુલ ૩૮૯ કિલોગ્રામ વજન સાથે લવપ્રીતથી માત્ર ૧ કિલોગ્રામ આગળ રહ્યો અને ગોલ્ડ મેડલ જીત્યો.લવપ્રીત સિંહે માત્ર ૧ કિલોગ્રામના નાના અંતરથી ગોલ્ડ મેડલ ચૂકી ગયા બાદ નિરાશા વ્યક્ત કરી હતી. તેમણે છદ્ઘૈં ને કહ્યું, "હું ગોલ્ડ મેડલ જીતવાનું ચૂકી ગયો. સ્વાભાવિક રીતે જ્યારે તમે ગોલ્ડ ચૂકી જાઓ છો ત્યારે દુઃખ થાય છે.

હું એશિયન ગેમ્સ જેવી આગામી સ્પર્ધાઓમાં વધુ સારું પ્રદર્શન કરીશ."તેમણે વધુમાં કહ્યું, "હું આ મેડલ મારા કોચ વિજય શર્મા, ભારતીય વેઈટલિફ્ટિંગ ફેડરેશનના સહદેવ સર, ભારત સરકાર અને ભારતીય નૌકાદળના કેપ્ટન વિજય કુમારને સમર્પિત કરવા માંગુ છું.

## ભારતીય ચલણ રૂપીયાને મજબૂત કરશે રશિયા



(સંપૂર્ણ સમાચાર સેવા) મોસ્કો, તા.૩૧ : રશિયા હવે બાંગ્લાદેશ સાથે પોતાના કારોબારને ભારતીય રૂપિયા દ્વારા આગળ વધારવાની તૈયારીમાં લાગી ગયું છે. અમેરિકા દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધોએ રશિયન બેંકોને આંતરરાષ્ટ્રીય પેમેન્ટ સિસ્ટમમાંથી લગભગ બહાર કરી દીધી છે, જેના કારણે ડોલર આધારિત લેવડદેવડ કરવી મુશ્કેલ બની ગઈ છે. આવી સ્થિતિમાં મોસ્કોએ ડોલરના વિકલ્પ તરીકે ભારતીય રૂપિયાનો ઉપયોગ કરવાનો પ્રસ્તાવ બાંગ્લાદેશ સમક્ષ મૂક્યો છે. સાથે જ બંને દેશો વચ્ચે એક સ્વતંત્ર પેમેન્ટ સિસ્ટમ બનાવવા અને ઢાકામાં રશિયન બેંકની શાખા ખોલવાની યોજના પણ સામે આવી છે.રશિયા-યુક્રેન યુદ્ધ પછી બંને દેશો વચ્ચેના વેપારમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે, અને હવે નવી પેમેન્ટ વ્યવસ્થા દ્વારા આ કારોબારને ફરી ઝડપ આપવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ સિવાય રશિયા સસ્તા દરે યુરિયા ખાતરનો પુરવઠો અને સરળ ચૂકવણીની શરતોનો પ્રસ્તાવ પણ આપી રહ્યું છે, જેનાથી બાંગ્લાદેશને સીધો ફાયદો થઈ શકે છે. આગામી મહિનાઓમાં બંને દેશો વચ્ચે યોજાનારી ઉચ્ચ સ્તરીય બેઠકમાં આ તમામ પ્રસ્તાવ પર વિગતવાર વાતચીત થવાની અપેક્ષા છે.

અમેરિકી પ્રતિબંધોએ રશિયાની બેંકિંગ સિસ્ટમને આંતરરાષ્ટ્રીય સ્તરે લગભગ અલગ કરી દીધી છે. આ જ કારણે પરંપરાગત રીતોથી રશિયાને પૈસા મોકલવા કે ત્યાંથી પૈસા મંગાવવા બાંગ્લાદેશ માટે પડકારરૂપ બની ગયું છે. આ સમસ્યામાંથી બહાર આવવા માટે રશિયાએ ભારતીય રૂપિયાને વૈકલ્પિક ચૂકવણીના માધ્યમ તરીકે વાપરવાનું સૂચન કર્યું છે.ઉલ્લેખનીય છે કે ભારત અને રશિયા પહેલાથી જ કોઈ ઔપચારિક કરન્સી કરાર વિના પોતાના દ્વિપક્ષીય વેપારનો એક હિસ્સો રૂપિયામાં ચૂકવે છે. બાંગ્લાદેશ પણ મર્યાદિત પ્રમાણમાં ભારત સાથે રૂપિયામાં લેવડદેવડ કરે છે.

## ઓડિશાના ૨૦ જિલ્લામાં પૂરથી આફત



(સંપૂર્ણ સમાચાર સેવા) ભુવનેશ્વર, તા.૩૧ : ઓડિશામાં મહાનદી અને તેની પ્રમુખ શાખા નદી કાઠજોડીમાં પાણીની સતત આવકના કારણે સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. મુંડલી અને નરાજ પાસે પૂરના પાણી ટૂંક સમયમાં જ ભયજનક સપાટી વટાવી જાય તેવી આશંકા છે.

પ્રાપ્ત અહેવાલો મુજબ, મુંડલીમાં ૮.૮૦ લાખ ક્યુસેક પાણી વહી રહ્યું હતું અને જળસ્તર ભયજનક સપાટીથી માત્ર દોઢ ફૂટ જ નીચે હતું. જ્યારે નરાજમાં ૪.૩૪ લાખ ક્યુસેક અને જોબરા એનિકેટ પરથી ૩.૯૭ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.


મહાનદીનું જળસ્તર વધતા બુધવારે મોડી રાત્રે પ્રસિદ્ધ ભટ્ટારિકા મંદિરના ગર્ભગૃહમાં પાણી ભરાઈ ગયા હતા, જેના પગલે માં ભટ્ટારિકાની મૂર્તિને અસ્થાયી મંદિરમાં સ્થાનાંતરિત કરવામાં આવી છે. આ ઉપરાંત બડંબાના જોડુમ વિસ્તારમાં તટબંધ તૂટવાથી ખેતીની જમીન જળમગ્ન થઈ છે. સ્થિતિને ધ્યાનમાં રાખીને ધબલેશ્વર, ભટ્ટારિકા અને સિંહનાથ પીઠમાં ગુરુવારથી BNSની કલમ-૧૬૩ (અગાઉની કલમ-૧૪૪) લાગુ કરી દેવામાં આવી છે.

બાંકી-ડંપડા બ્લોકના નીચાણવાળા વિસ્તારોમાં પૂરના પાણી ફરી વળતા અનેક પંચાયતોના સેંકડો હેક્ટર ખેતરો ડૂબમાં ગયા છે. મુખ્ય માર્ગો પર ૩થી ૫ ફૂટ પાણી વહી રહ્યા હોવાથી અનેક ગામોનો સંપર્ક તૂટી ગયો છે. તંત્રે સાવચેતીના ભાગરૂપે આઠગઢ, બાંકી, કટકસદર અને કટક કોર્પોરેશન વિસ્તારમાંથી હજારો લોકોને સુરક્ષિત આશ્રયસ્થાનોમાં ખસેડવાની કામગીરી હાથ ધરી છે. પૂર રાહત માટે NDRF, ODRAF અને ફાયર બ્રિગેડની ટીમો તહેનાત કરવામાં આવી છે.

### રાજધાનીમાં દ.ગુ.ના ત્રણ ચિત્રકારોની કલાયાત્રા

## રંગોમાં પરંપરા, રેખાઓમાં આધુનિકતા

ભાગ્યેન્દ્ર પટેલ
ભિનાર
(હાલ ને.બુ.ટ્ર., દિલ્હી)



રાજધાની દિલ્હી જેવા શહેરમાં સર્જનાત્મક કળા ક્ષેત્રે ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાંથી ભાગ્યે જ પ્રસ્તુતિ થાય છે અને જ્યારે એવું કંઈ થાય છે. તો જાણે એક ચમત્કૃતિ સર્જે છે. આવી જ ઘટના શહેરના મધ્યે આવેલ સુપ્રતિષ્ઠિત ઈન્ડિયા હેબિટેટ સેન્ટરમાં દક્ષિણ ગુજરાતના ત્રણ પ્રતિભાશાળી કળાસાધકોનું ચિત્રપ્રદર્શન યોજાયું. અમલસાડ કળા મહાવિદ્યાલયના નિવૃત્ત પ્રિન્સિપાલ પ્રો. કેશવ ટંડેલ, વરિષ્ઠ પ્રો. ગજુ પટેલ અને પ્રો. જગદીશ વૈષ્ણાનીનું કળાકૃતિઓનું સામૂહિક પ્રદર્શન ગુજરાતની કલાસંવેદના, લોકસ્મૃતિ અને આધુનિક સર્જનશીલતાનું એક જીવંત દસ્તાવેજ બની ગયું.

કળાગુરુ જશુભાઈ નાયકની કલાપરંપરામાં ઘડાયેલા આ ત્રણેય કલાકારોની કૃતિઓમાં ભલે અભિવ્યક્તિ જુદી હોય, પરંતુ તેમની કલમ અને પીંછીને જોડતી એક સમાન ડોર છે. માટી સાથેનો સંબંધ અને સર્જન પ્રત્યેની નિષ્ઠા. પ્રદર્શનની સૌથી નોંધપાત્ર બાબત એ હતી કે ત્રણેય કલાકારો કોઈ એક શૈલીના અનુયાયી લાગતા નથી. દરેકે પોતાની આગવી દશ્યભાષા વિકસાવી છે. આ કારણે સમગ્ર પ્રદર્શન એકરૂપ બનવાને બદલે વૈવિધ્યપૂર્ણ બન્યું છે અને દર્શકને ઓપન પામ કોર્ટ ગેલેરીમાં દરેક દીવાલ પર એક નવો અનુભવ કરાવી ગયું. જગદીશ વૈષ્ણાનીની કૃતિઓમાં દક્ષિણ ગુજરાતનું ગ્રામ્ય જીવન માત્ર વિષય તરીકે આવતું નથી; તે તેમની ચિત્રભાષાનો આત્મા બનીને પ્રગટે છે. ગામડાં, લોકો, પરંપરાગત જીવનશૈલી, લોકસંસ્કૃતિ અને ધરતી સાથેનું માનવીનું અતૂટ જોડાણ તેમની પીંછીમાં એવી સહજતાથી અભિવ્યક્ત થાય છે કે દર્શક માત્ર ચિત્ર જોતો નથી, પરંતુ એક જીવંત સંસ્કૃતિનો અનુભવ કરે છે. બીજી તરફ ગજુ પટેલની કૃતિઓમાં રંગો માત્ર રંગ નથી રહેતા; તેઓ ભાવના બની જાય છે. તેમની રચનાઓમાં આકારો, રંગવિન્યાસ અને અવકાશનું આયોજન એક નવી દશ્યભાષા સર્જે છે. આધુનિકતાની અસર હોવા છતાં ભારતીય સંવેદના ક્યાંય ખોવાતી નથી. કેશવ ટંડેલની કૃતિઓમાં સંતુલન, શાંતિ અને કલાત્મક પરિપક્વતા સ્પષ્ટપણે અનુભવી શકાય છે. વર્ષોની સાધનાએ તેમની પીંછીને જે સ્થિરતા આપી છે તે દરેક ચિત્રમાં પ્રગટ થાય છે. તેમની રચનાઓમાં રંગો બોલતા નથી, પરંતુ ધીમે ધીમે દર્શક સાથે સંવાદ શરૂ કરે છે. પ્રદર્શનમાં સૂરતની એક યુવા કલાકાર દ્વિતીની કૃતિઓએ પણ સૌનું ધ્યાન ખેંચ્યું. પેન અને ઈન્ક-ડોટ્સ ટેકનિકથી તૈયાર કરાયેલા શિલ્પોનાં ચિત્રો તેને એટલી સૂક્ષ્મતા સાથે બનાવ્યાં છે કે દૂરથી તે ફોટોગ્રાફ હોય તેવી જ અનુભૂતિ થતી હતી. બીજી તરફ પરંપરાગત ભરતગૂંથણને ચિત્રકળા સાથે સાંકળવાનો તેનો પ્રયાસ ભારતીય હસ્તકલાના ભવિષ્ય માટે આશાવાદી સંકેત આપી ગયો.

પ્રદર્શનની મુલાકાતે આવેલા દિલ્હીના જાણીતા ચિત્રકાર શૈલેષ સંઘવીએ જણાવ્યું હતું કે, ત્રણેય કલાકારોની કૃતિઓમાં સર્જનાત્મકતાનો વૈવિધ્યસભર વિસ્તાર જોવા મળે છે. એક તરફ આધુનિક કલાભાષાની તાજગી છે, તો બીજી તરફ ભારતીય પરંપરા, લોકસંસ્કૃતિ અને હસ્તકલાની ઊંડી સમજ પણ જોવા મળે છે. દરેક કૃતિ દર્શકને થોભવા અને વિચારવા મજબૂર કરે છે. કલાસમીક્ષક અને સમાજસેવિકા ક્ષમા સંઘવીએ પણ પ્રદર્શનને ઉચ્ચ કક્ષાનું ગણાવતાં જણાવ્યું કે, ઈન્ડિયા હેબિટેટ સેન્ટર જેવા પ્રતિષ્ઠિત મંચ પર ગુજરાતના ચિત્રકારોનું આ પ્રકારનું સમૂહ પ્રદર્શન સમગ્ર ગુજરાત માટે ગૌરવની બાબત છે. આવા પ્રદર્શનોથી પ્રાદેશિક કળાને રાષ્ટ્રીય સ્તરે નવી ઓળખ મળે છે.

આ પ્રદર્શનનું એક મહત્ત્વપૂર્ણ પાસું એ પણ હતું કે અહીં પરંપરા અને આધુનિકતા વચ્ચે કોઈ સંઘર્ષ જોવા મળતો નથી. અનેક વૈવિધ્ય છતાં કળા-ત્રિપુટી એકબીજાના પૂરક બનીને ઉપસી આવી હતી. આ ચિત્ર-દર્શન માધ્યમે શિક્ષકરૂપે રહેલા કલાના અઠંગ સાધક-કલાકારો પોતાની મૂળ ઓળખને જાળવી રાખીને કશીય વ્યાવસાયિક ભ્રમણામાં રાચ્યા વિના આધુનિક વ્યાપારી દષ્ટિકોણથી ખડબદતા સમકાલીન કલાજગત સાથે આત્મીય સંવાદ સાધે છે. આજની ભારતીય ચિત્રકળાને કદાચ આવી જ દિશાની જરૂર છે. ઈન્ડિયા હેબિટેટ સેન્ટરમાં યોજાયેલું આ પ્રદર્શન એ વાતનો પુરાવો બની રહ્યું કે દક્ષિણ ગુજરાતની ધરતી માત્ર લોકકલા અને હસ્તકલા માટે જ નહીં, પરંતુ સમકાલીન ચિત્રકળાના સશક્ત સર્જકો માટે પણ ઓળખાય છે. ત્રણેય કલાકારોએ પોતાની પીંછી દ્વારા પ્રદેશને રાષ્ટ્રીય કલા નકશા પર વધુ ઉજાગર કર્યો છે. આ -દર્શન સ્મૃતિમાં લાંબા સમય સુધી જીવંત રહે તેવું છે અને તેને માત્ર સફળ પ્રદર્શન નહીં, પરંતુ ગુજરાતી પારંપરિક ધરતલની ચિત્રકળાની સર્જનાત્મક ઊર્જાનો એક મહત્ત્વપૂર્ણ ઉત્સવ બની રહી એમ કહી શકાય.

## બલૂચિસ્તાનમાં કોલસાની ખાણમાં પ્રચંડ વિસ્ફોટ, ૩૨ શ્રમિકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા) બલૂચિસ્તાન, તા.૩૧

પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં એક મોટી દુર્ઘટના સામે આવી છે. અહીં ક્વેટા પાસે આવેલી સુરાંજ વિસ્તારની એક કોલસાની ખાણમાં ભીષણ વિસ્ફોટ થતાં ખાણનો મોટો ભાગ ધસી પડ્યો હતો. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૩૨ શ્રમિકોના મોત થયા છે, જ્યારે અનેક શ્રમિકો હજુ પણ જમીનની નીચે મલબામાં ફસાયેલા અને લાપતા છે.બલૂચિસ્તાનના ખાણ અને ખનીજ વિકાસ મંત્રી શોએબ નોશેરવાણીએ ઘટના અંગે શોક વ્યક્ત કર્યો હતો. તેમણે જાહેરાત કરી હતી કે રાજ્ય સરકાર વિસ્ફોટમાં જીવ ગુમાવનારા દરેક મજૂરના પરિવારને ૫ લાખ પાકિસ્તાની રૂપિયા નું વળતર આપશે. આ ઉપરાંત અધિકારીઓ ઘટનાના કારણોની સંપૂર્ણ તપાસ કરશે અને ખાણ સુરક્ષાના નિયમોની સમીક્ષા કરશે.ચીફ ઈન્સ્પેક્ટર ઓફ માઈન્સ મોહમ્મદ આતિફે જણાવ્યું કે બચાવ કામગીરી જમીનથી લગભગ ૪,૦૦૦ ફૂટ (૧,૨૧૯ મીટર) ની ઊંડાઈએ ચલાવવામાં આવી રહી છે. જમીનમાં વધુ ઊંડાઈ અને ઝેરી ગેસના ખતરાને કારણે રેસ્ક્યૂ ટીમોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.પાકિસ્તાન સેન્ટ્રલ માઈન્સ લેબર ફેડરેશન અને મજૂર યુનિયને આ ઘટના સામે આકરો વિરોધ નોંધાવ્યો છે. તેમણે સરકાર પાસે સુરક્ષા નિયમોનું સખત પાલન કરાવવાની અને ખાણ સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરનારી કંપનીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## આસામમાં પૂરનો કેર; મૃત્યુઆંક વધીને ૮૦ થયો

(સંપૂર્ણ સમાચાર સેવા) દીસાપુર, તા.૩૧ : આસામમાં પૂરની સ્થિતિ અત્યંત ગંભીર બની રહી છે. રાજ્યના ૮ જિલ્લાઓમાં ૨,૧૨,૪૪૧ થી વધુ લોકો પૂરથી પ્રભાવિત થયા છે. જ્યારે આ વર્ષે પૂરના કારણે મૃત્યુ પામનારાઓની કુલ સંખ્યા વધીને ૮૦ થઈ ગઈ છે. આસામ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન પ્રાધિકરણ (ASDMA) ના અધિકારીઓએ શુક્રવારે આ માહિતી આપી છે.ASDMA ના જણાવ્યા અનુસાર, ગોલાઘાટ, શિવસાગર, વિશ્વનાથ, ચરાઈદેવ, કામરૂપ (મેટ્રો), જોરહાટ, ધેમાજી અને નાગાંવ જિલ્લાઓમાં કુલ ૨,૧૨,૪૪૧ લોકો પૂરની ઝપેટમાં છે. આ કુદરતી આપત્તિએ ૨૧ મહેસૂલ મંડળો (રેવન્યુ સર્કલ) અંતર્ગત ૪૩૭ ગામોને પ્રભાવિત કર્યા છે. જ્યારે પૂરના પાણી ફરી વળવાથી ૧૭,૧૯૮.૦૯ હેક્ટર જમીનમાં ઊભેલો પાક બગડી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન શિવસાગર જિલ્લામાં વધુ ૨ લોકોના મોત નીપજ્યા છે, જેના કારણે આ સિઝનમાં રાજ્યમાં પૂરના લીધે મૃત્યુ પામનારાઓનો કુલ આંકડો ૮૦ પર પહોંચી ગયો છે.

પ્રભાવિત વિસ્તારોમાં સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચલાવવામાં આવી રહી છે. વિસ્થાપિત થયેલા પરિવારોને આશરો આપવા માટે કુલ ૨૧ સ્થળોએ રાહત શિબિરો શરૂ કરવામાં આવ્યા છે. જિલ્લા પ્રશાસન દ્વારા પ્રભાવિત નાગરિકોને ભોજન, શુદ્ધ પીવાનું પાણી અને અન્ય જરૂરી રાહત સામગ્રી પૂરી પાડવામાં આવી રહી છે. શહેરી વિસ્તારોમાં પણ કામરૂપ મેટ્રોપોલિટન જિલ્લાના કેટલાક ભાગોમાં પૂરની અસર જોવા મળી રહી છે, અને અનેક નદીઓમાં પાણીનું સ્તર હજુ પણ ખતરાના નિશાનની ઉપર વહી રહ્યું છે.

# અમલસાડમાં આર્મીની ટીમ તૈનાત કરાઈ

**બીલીમોરા, તા.૩૧ :** નવસારી જિલ્લામાં વાવાઝોડા સહિત ભારે વરસાદની આગાહી અન્વયે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે વિવિધ પૂર્વ તૈયારીની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

આ અંતર્ગત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક ખ્યાતિ પટેલ તથા ગણદેવી પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા ગણદેવી તાલુકાના અમલસાડ અને સરીખુર્દ ગામ ખાતે સ્થળાંતરિત કરવામાં આવેલા નાગરિકો માટે ઉભા કરાયેલા આશ્રયસ્થાનોની મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન આશ્રયસ્થાનોમાં રહેતા લોકો માટે ઉપલબ્ધ રહેઠાણ, પીવાનું પાણી, સ્વચ્છતા, આરોગ્ય, વીજળી તેમજ અન્ય જરૂરી સુવિધાઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. સ્થળ પર સંબંધિત અધિકારીઓને તમામ સુવિધાઓ સુચારૂ રીતે ઉપલબ્ધ રહે તેમજ સ્થળાંતરિત નાગરિકોને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત અમલસાડ ખાતે પહોંચેલી આર્મીની ટીમ સાથે તાલુકાની ભૌગોલિક પરિસ્થિતિ, અગાઉ સર્જાયેલી પૂર પરિસ્થિતિ, સંવેદનશીલ વિસ્તારો તેમજ જરૂરિયાત મુજબ હાથ ધરવામાં આવનારી રાહત અને બચાવ કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

## CHANGE OF NAME

I have changed Old Name FROM **MITESHBHAI P. PATEL** TO New Name **MITESHBHAI PRABHUBHAI PATEL** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.
**SD : MITESHBHAI PRABHUBHAI PATEL**
ADDRESS: - 232, Patel Falia, Lavachha, Valsad, Gujarat - 396193

## CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM TEJALBEN TO TEJAL UMESH PATEL
ADDRESS: - 10-104, LUHAR FALIA, NANI DAMAN-396210

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૧૮૮/૨૦૨૬

**અરજદાર : શ્રી દિપકભાઈ લક્ષ્મણભાઈ પટેલ**
**ઉ.આ.વ.૬૦, ધંધો - ખેતી, રહે.** મુ.પો.તડગામ, માહ્યાવંશી ફળિયા તા.ઉમરગામ, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, તડગામ તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **દિપકભાઈ લક્ષ્મણભાઈ પટેલ** રહે. મુ.પો. તડગામ, માહ્યાવંશી ફળિયા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દાદી **સ્વ. સોમલી શુકર પટેલનું** મરણ તા.૧૫-૦૫-૧૯૬૯ના રોજ મોજે - તડગામ, માહ્યાવંશી ફળિયા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/જન્મ-મરણ/૨.જી.નં.૧૮૯/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ, તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**PWD CIVIL DIVISION NO.III (DP)**
**NOTICE INVITING TENDER**
**Construction of Toilet Block Karajgam Patilpada**

| | |
|---|---|
| Tender No. | 11 OF 2026-2027 |
| Tender ID No. | 2026_UTDNH_8193_1 |
| On line downloading start of tender documents | 30/07/2026 18:30 Hrs |
| Last date & Time for Receipt of Bid/Upload Bid | 07/08/2026 14.30 Hrs. |
| Online Opening of Technical Bid | 07/08/2026 16.00 Hrs. |
| Online Opening of Price Bid | 07/08/2026 16.30 Hrs. (If Possible) |
| Any Other Details - | |

For details please scan dnhtenders.gov.in eeirridnh@gmail.com 0260-2642949

**EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA**
**No.5-2(1)/DNH/DP/2026/506 Dt.30/07/2026**
**NO.: IP/DMN/2/5/2026-27/380 DATED : 31/07/2026**

**જાહેર નોટીસ**

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

જન્મ-મરણ કેસ નં.૧૩૩/૨૦૨૬

**અરજદાર : પ્રકાશભાઈ સુખલાભાઈ વારલી**
માની ફળિયા, બાલચોંઢી, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, બાલચોંઢી, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **ગજરીબેન બુધિયાભાઈ વારલીનું** મરણ તા.૦૫/૧૨/૨૦૦૫ના રોજ મોજે બાલચોંઢી, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત બાલચોંઢીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત બાલચોંઢીને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી બાલચોંઢી ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૧૮૯/૨૦૨૬

**અરજદાર : શ્રી દિપકભાઈ લક્ષ્મણભાઈ પટેલ**
**ઉ.આ.વ.૬૦, ધંધો - ખેતી, રહે.** મુ.પો.તડગામ, માહ્યાવંશી ફળિયા તા.ઉમરગામ, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, તડગામ તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **દિપકભાઈ લક્ષ્મણભાઈ પટેલ** રહે. મુ.પો. તડગામ, માહ્યાવંશી ફળિયા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના કાકા **સ્વ. કાલીદાસ શંકર પટેલનું** મરણ તા.૦૮-૦૭-૧૯૭૩ના રોજ મોજે - તડગામ, માહ્યાવંશી ફળિયા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/જન્મ-મરણ/૨.જી.નં.૧૮૯/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ, તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**PWD CIVIL DIVISION NO.III (DP)**
**NOTICE INVITING TENDER**
**Prorurement of New Non Return Valve (NRV) for north and south zone Water supply Scheme in DNH area**

| | |
|---|---|
| Tender No. | 11 OF 2026-2027 |
| Tender ID No. | 2026_UTDNH_8192_1 |
| On line downloading start of tender documents | 30/07/2026 18:30 Hrs |
| Last date & Time for Receipt of Bid/Upload Bid | 07/08/2026 14.30 Hrs. |
| Online Opening of Technical Bid | 07/08/2026 16.00 Hrs. |
| Online Opening of Price Bid | 07/08/2026 16.30 Hrs. (If Possible) |
| Any Other Details - | |

For details please scan dnhtenders.gov.in eeirridnh@gmail.com 0260-2642949

**EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA**
**No.5-2(1)/DNH/DP/2026/506 Dt.30/07/2026**
**NO.: IP/DMN/2/5/2026-27/379 DATED : 31/07/2026**

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**PWD CIVIL DIVISION NO.III (DP)**
**NOTICE INVITING TENDER**
**Maintenance and repair of valves for Water Supply scheme in DNH South Zone**

| | |
|---|---|
| Tender No. | 11 OF 2026-2027 |
| Tender ID No. | 2026_UTDNH_8194_1 |
| On line downloading start of tender documents | 30/07/2026 18:30 Hrs |
| Last date & Time for Receipt of Bid/Upload Bid | 07/08/2026 14.30 Hrs. |
| Online Opening of Technical Bid | 07/08/2026 16.00 Hrs. |
| Online Opening of Price Bid | 07/08/2026 16.30 Hrs. (If Possible) |
| Any Other Details - | |

For details please scan dnhtenders.gov.in eeirridnh@gmail.com 0260-2642949

**EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA**
**No.5-2(1)/DNH/DP/2026/506 Dt.30/07/2026**
**NO.: IP/DMN/2/5/2026-27/381 DATED : 31/07/2026**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૦૩૨/૨૦૨૬

**અરજદાર : જ્યંતિભાઈ ગોપાળજી પટેલ,**
**રહે.** રાબડા, તા.જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, કણબીવાડ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જ્યંતિભાઈ ગોપાળજી પટેલ,** રહે.રાબડા, તા.જી.વલસાડએ તેમના પોતાનો **જ્યંતિભાઈ ગોપાળજી પટેલનો** જન્મ તા.૧૮-૦૪-૧૯૬૪ના રોજ મોજે. કણબીવાડ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૩૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/જન્મ/રજી.નં.૧૦૩૨/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)**

# વલસાડના છીપવાડ નાળા પાસે માટી ધસી પડ્યા બાદ કામ શરૂ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૩૧ :** અઠવાડિયા અગાઉ વલસાડ જિલ્લામાં પડેલા ભારે વરસાદના કારણે ડુંગરી તરફ જતાં સ્ટેટ હાઈવે પર આવેલા છીપવાડ ગરનાળા પાસેનો એક તરફનો માટી પુરાણનો ભાગ ધસી પડ્યો હતો. આ ઘટનાને પગલે વાહનવ્યવહાર પર જોખમ ઊભું થતાં જાગૃત નાગરિકો અને વાહનચાલકોમાં ચિંતા પ્રસરી હતી. જોકે, ઘટનાની ગંભીરતા સમજીને વલસાડ માર્ગ અને મકાન વિભાગ દ્વારા ત્વરિત યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે.

વરસાદના ભારે પ્રવાહને કારણે ગરનાળાના છેડા પરથી માટીનું ધોવાણ થઈ જતાં રસ્તાનો એક બાજુનો ભાગ ક્ષતિગ્રસ્ત થયો હતો. અકસ્માત સર્જાય તે પૂર્વે જ તંત્ર દ્વારા સુરક્ષાના પગલાં લેવામાં આવ્યા હતા. હાલ માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓની દેખરેખ હેઠળ ક્ષતિગ્રસ્ત ભાગમાં મોટા પથ્થરો નાખીને રસ્તાને મજબૂત બનાવવાની અને ફરીવાર કાયમી પુરાણ કરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવશે જેથી વાહનચાલકોને કોઈ મુશ્કેલીનો સામનો ન કરવો પડે અને હાઈવે પર વાહનવ્યવહાર સુરક્ષિત રીતે પુનઃ કાર્યરત થઈ શકે. તંત્રની આ તાત્કાલિક અને સરાહનીય કામગીરીને પગલે સ્થાનિકો અને વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો છે.



**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૯૧/૨૦૨૬ તા.૩૦/૦૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:-** ગાયકવાડ રાજુભાઈ પરસ્યાભાઈ, રહે.ખપાટીયા, નિશાળ ફ., તા. ધરમપુર જી.વલસાડ
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ ગૃપ પંચાયત તુતરખેડ, તા.ધરમપુર, જી.વલસાડ**
**વિષયઃ- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/ મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **ગાયકવાડ રાજુભાઈ પરસ્યાભાઈ** રહે. ખપાટીયા, નિશાળ ફ., તા.ધરમપુર જી.વલસાડના પુત્રી **સોનાક્ષીબેન રાજુભાઈ ગાયકવાડ**નો જન્મ તા.૦૫/૦૭/૨૦૧૮નાં રોજ ખપાટીયા ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૩૦/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધરમપુર**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૧૫૪/૨૦૨૫ તા.૩૦/૦૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:-** પરસોતભાઈ ગજુભાઈ કોલા, રહે. નાયકપાડા ફ., માંકડબન, તા. ધરમપુર જી.વલસાડ
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, માંકડબન**
**વિષયઃ- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/ મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **પરસોતભાઈ ગજુભાઈ કોલાના દાદી, ચૈતુબેન જાનયાભાઈ કોલાનું** અવસાન તા.૧૫/૦૩/૧૯૯૬નાં રોજ માંકડબન ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૩૦/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધરમપુર**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૮૩/૨૦૨૬ તા.૩૦/૦૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:- મનોજભાઈ ફેલુભાઈ ચાવરા, રહે. ધુળીપાડા, માંકડબન,તા. ધરમપુર જી.વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત માંકડબન, તા.ધરમપુર, જી.વલસાડ**
**વિષયઃ- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/ મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **મનોજભાઈ ફેલુભાઈ ચાવરા** રહે. ધુળીપાડા, માંકડબન, તા.ધરમપુર જી.વલસાડના પુત્રી **અનુસયાબેન મનોજભાઈ ચાવરા**નો જન્મ તા.૦૮/૦૫/૨૦૨૧નાં રોજ માંકડબન ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૩૦/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધરમપુર**

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**PWD CIVIL DIVISION NO.III (DP)**
**NOTICE INVITING TENDER**
**Construction of Toilet Block at Primary School Haldunpada Silly**

| | |
|---|---|
| Tender No. | 11 OF 2026-2027 |
| Tender ID No. | 2026_UTDNH_8191_1 |
| On line downloading start of tender documents | 30/07/2026 18:30 Hrs |
| Last date & Time for Receipt of Bid/Upload Bid | 07/08/2026 14.30 Hrs. |
| Online Opening of Technical Bid | 07/08/2026 16.00 Hrs. |
| Online Opening of Price Bid | 07/08/2026 16.30 Hrs. (If Possible) |
| Any Other Details - | |

For details please scan dnhtenders.gov.in eeirridnh@gmail.com 0260-2642949

**EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA**
**No.5-2(1)/DNH/DP/2026/506 Dt.30/07/2026**
**NO.: IP/DMN/2/5/2026-27/378 DATED : 31/07/2026**

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**PWD CIVIL DIVISION NO.III (DP)**
**NOTICE INVITING TENDER**
**Shifting of Water Supply pipeline at Ddra main road to Tighrg**

| | |
|---|---|
| Tender No. | 11 OF 2026-2027 |
| Tender ID No. | 2026_UTDNH_8195_1 |
| On line downloading start of tender documents | 30/07/2026 18:30 Hrs |
| Last date & Time for Receipt of Bid/Upload Bid | 07/08/2026 14.30 Hrs. |
| Online Opening of Technical Bid | 07/08/2026 16.00 Hrs. |
| Online Opening of Price Bid | 07/08/2026 16.30 Hrs. (If Possible) |
| Any Other Details - | |

For details please scan dnhtenders.gov.in eeirridnh@gmail.com 0260-2642949

**EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA**
**No.5-2(1)/DNH/DP/2026/506 Dt.30/07/2026**
**NO.: IP/DMN/2/5/2026-27/382 DATED : 31/07/2026**

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**PWD CIVIL DIVISION NO.III (DP)**
**NOTICE INVITING TENDER**
**Shifting of Water Supply pipeline from ODR and MDR road in Dudhani and Kauncha Panchayat**

| | |
|---|---|
| Tender No. | 11 OF 2026-2027 |
| Tender ID No. | 2026_UTDNH_8196_1 |
| On line downloading start of tender documents | 30/07/2026 18:30 Hrs |
| Last date & Time for Receipt of Bid/Upload Bid | 07/08/2026 14.30 Hrs. |
| Online Opening of Technical Bid | 07/08/2026 16.00 Hrs. |
| Online Opening of Price Bid | 07/08/2026 16.30 Hrs. (If Possible) |
| Any Other Details - | |

For details please scan dnhtenders.gov.in eeirridnh@gmail.com 0260-2642949

**EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA**
**No.5-2(1)/DNH/DP/2026/506 Dt.30/07/2026**
**NO.: IP/DMN/2/5/2026-27/383 DATED : 31/07/2026**

**પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી**
તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪
ઈ-મેઈલ - pochikhli2011@gmail.com

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૪૪૬/૨૦૨૬**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૨૧/૦૭/૨૦૨૬**

**વાદી : શ્રી કમળાબેન મગજીભાઈ થોરાત તે રાયુભાઈ ગળવીની પત્ની,**
**રહે.** મીંયાઝરી, તા.ચીખલી, જી.નવસારી તે હાલ રહે. તોરણવેરા, ખોરી ફળિયા, તા.ખેરગામ, જી.નવસારી
**વિરુધ્ધ**
**સામાવાળા : મામલતદારશ્રી ચીખલી, તા.ચીખલી, જીલ્લો-નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **કમળાબેન મગજીભાઈ થોરાત,** રહે. મીંયાઝરી, તા.ચીખલી, જી.નવસારીના હાલ રહે. તોરણવેરા, ખોરી ફળિયા, તા. ખેરગામ, જી.નવસારીનાઓએ તેઓનો પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૫૪ના રોજ મોજે. મીયાંઝરી, તા. ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૫૨/૨૦૨૬

**અરજદાર : પ્રકાશભાઈ શંકરભાઈ હળપતી**
**ઉ.આ.વ.૪૬, ધંધો - ખેતી, રહે.** નવીનગરી, ભંડારવાડ, મોહનગામ તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. એચ.એમ. પટેલ)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી મોહનગામ તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પ્રકાશભાઈ શંકરભાઈ હળપતી** રહે. નવી નગરી, ભંડારવાડ, મોહનગામ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા **લીલાબેન ઉર્ફે લીલીબેન શંકરભાઈ હળપતીનો** મરણ તા.૧૦-૦૭-૨૦૨૦ના રોજ મોજે - મોહનગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/જન્મ-મરણ/૨.જી.નં.૫૨/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ, તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**















# દમણગંગા ટાઈમ્સ

Saturday 01, August 2026

## આજે વલસાડ જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ ચાલુ રહેશે

**વાપી, તા.૩૧ :** વલસાડ કલેક્ટરની સૂચના અનુસાર તથા જિલ્લામાં વરસાદની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, તા.૦૧/૦૮/૨૦૨૬ના રોજ વલસાડ જિલ્લાના તમામ સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ, ખાનગી શાળાઓ તથા આંગણવાડીઓ નિયમિત રીતે ચાલુ રહેશે.પરંતુ, સ્થાનિક વરસાદ, માર્ગોની સ્થિતિ તથા વિદ્યાર્થીઓ અને કર્મચારીઓની સલામતીને ધ્યાનમાં રાખીને, સંસ્થાના આચાર્ય/મુખ્યશિક્ષક જરૂરી જણાય તો પોતાની સંસ્થા માટે રજા જાહેર કરી શકશે.

## ગણદેવામાં ટેમ્પો પર વીજ તાર પડતાં ૩ યુવકના મોત









(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૩૧ :** ગણદેવા ગામની હદમાં હટવાડાથી ગણદેવા ચાર રસ્તા જતા રોડ પર ચોમાસાના વરસાદ અને પવન વચ્ચે શુક્રવાર સવારે અકસ્માત સર્જાયો હતો. છૂટક મજૂરી અર્થે છોટા હાથી ટેમ્પો (નં. GJ-21-W-6707) માં જઈ રહેલા મજૂરો પર અચાનક વીજ પ્રવાહનો ચાલુ વાયર તૂટી પડ્યો હતો.વાયર ટેમ્પોના ડાલા ભાગે અડી જતાં અંદર બેઠેલા યુવકોને વીજ કરંટ લાગ્યો હતો.

ગોઝારી ઘટનામાં ગણદેવા નહેર ફળિયાના વતની નીતીનભાઈ વિનોદભાઈ હળપતિ (ઉં.વ. ૩૨), કલ્પેશભાઈ અનિલભાઈ હળપતિ (ઉં.વ. ૨૭) અને જીગરભાઈ નીતીનભાઈ હળપતિ (ઉં.વ. ૨૧) નું મોત નીપજ્યું હતું.

ઘટના સમયે તેઓને બચાવવા ગયેલા અન્ય ત્રણ લોકોને પણ ઓછો-વત્તો કરંટ લાગ્યો હતો. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ખારેલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.બનાવ અંગે સોહન ઉર્ફે છીબુ દિનેશભાઈ હળપતિની જાહેરાતના આધારે ગણદેવી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## પારડી પંથકમાં પવન સાથે વરસાદથી જનજીવન ખોરવાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૩૧ :** પારડી પંથકમાં વાવાઝોડાની આગાહીને પગલે આજરોજ વહેલી સવારથી જ વરસાદની શરૂઆત થઈ હતી અને દિવસ દરમિયાન ભારે વરસાદ પડતા જનજીવન ખોરવાયો હતો. તો બીજી તરફ શાળા કોલેજમાં રજા આપી દેવામાં આવી હતી. વાવાઝોડાની આગાહી રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી હતી જેના પગલે આજે તા. ૩૦ મી જુલાઈને શુક્રવારે શિક્ષણ વિભાગ વલસાડ દ્વારા પારડી પંથકની શાળા -કોલેજમાં વિદ્યાર્થીઓની સાવચેતીના પગલે રજા જાહેર કરવામાં આવતા તમામ શાળા અને કોલેજ પારડી તાલુકામાં બંધ રહ્યા હતોં વાવાઝોડાના પગલે વહેલી સવારથી ધીમે વરસાદ ચાલુ થયો હતો અને બપોર સુધી ધીમો વરસાદ રહ્યા બાદ બપોર બાદ અતિ ભારે વરસાદ ચાલુ થઈ ગયો હતો. અતિ ભારે વરસાદના કારણે વરસાદી પાર નદી ફરીથી છલકાઈ ગઈ હતી. બે દિવસ વરસાદ બંધ રહ્યા બાદ ફરીથી વરસાદ ચાલુ થઈ જતા અને વરસાદી પાણી ઠેર ઠેર ભરાઈ જતા જનજીવન ખોરવાયો હતો વાવાઝોડાની આગાહી સાચી ઠરી છે અને ફરીથી આજે શુક્રવારથી વરસાદ શરૂ થઈ ગયો છે તો બીજી તરફ ખેડૂતોને પણ રાહત મળી છે વરસાદ ચાલુ થઈ જતા ખેડૂતોના ખેતર છલોછલ ભરાઈ ગયા છે અગાઉ પડેલા વરસાદના પગલે ખેડૂતોના પાકને ભયંકર નુકસાન થયું હતું અને ખેડૂતોએ ફરીથી રોપણી કરવા પડી હતી હવે જ્યારે ફરીથી વરસાદ ચાલુ થયો છે. ત્યારે ખેડૂતોને નુકસાન ન થાય એવી પ્રાર્થના ખેડૂતો ભગવાનને કરી રહ્યા છે.

## વાપી-ગુંજનનાં રહીશો માટે વરસાદથી બચવા મફત પાર્કિંગની સુવિધા અપાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૩૧ :** હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની શક્યતા છે. ત્યારે ગત સપ્તાહ જેવી સ્થિતિનું પુનરાવર્તન ન થાય તે માટે ગુંજન વિસ્તારના VIDA 360° દ્વારા જનહિતને ધ્યાનમાં રાખીને ગુંજન અને આસપાસના વિસ્તારના રહેવાસીઓ માટે પોતાની સમગ્ર પાર્કિંગ જગ્યા સંપૂર્ણપણે નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવાની જાહેરાત કરી છે. ભારે વરસાદ દરમિયાન લોકો પોતાના બાઈક, કાર સહિતના વાહનોને સુરક્ષિત સ્થળે પાર્ક કરી શકે તે માટે આ સુવિધા શરૂ કરવામાં આવી છે.

સંચાલકોના જણાવ્યા મુજબ આ પાર્કિંગમાં પ્રકાશની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ ૨૪x૭ સિક્યુરિટી ગાર્ડની દેખરેખ રાખવામાં આવશે જેથી વાહનોની સુરક્ષા સુનિશ્ચિત થાય.

આ સેવા કોઈપણ પ્રકારના ચાર્જ વિના માત્ર અને માત્ર જનહિત અને સાવચેતીના ભાગરૂપે શરૂ કરવામાં આવી છે. VIDA 360° ના પ્રવક્તાએ જણાવ્યું કે છેલ્લા વરસાદમાં અનેક પરિવારોના વાહનોને નુકસાન થયું હતું.

તેને ધ્યાનમાં રાખીને અમે આ પહેલ કરી છે. ગુંજન વિસ્તારના કોઈપણ નાગરિક ભારે વરસાદ દરમિયાન પોતાના વાહનને સુરક્ષિત રાખવા માટે આ સુવિધાનો લાભ લઈ શકે છે. VIDA 360°, ગુંજન નજીક, વાપી સંપર્ક નંબર ૭૩૫૯૫૧૦૦૦૦ સંચાલકો દ્વારા તમામ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે આ સંદેશને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવામાં આવે જેથી ભારે વરસાદ દરમિયાન કોઈના વાહનને નુકસાન ન થાય અને લોકો આ મફત સુવિધાનો મહત્તમ ઉપયોગ કરી શકે.

## એંધલ સીમમાં છોટાઉદેપુરના યુવકે ગળે ફાંસો ખાધો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૩૧ :** ગણદેવી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા એંધલ ગામની સીમમાં ગુરુવારે રાતના ૨૩ વર્ષીય યુવકે અગમ્ય કારણોસર આંબાના ઝાડ સાથે કેબલ વાયર વડે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી ગઈ છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ છોટાઉદેપુર જિલ્લાના કદવાલ તાલુકાના કાલીકુઈ (પટેલ ફળિયા)ના વતની અને મજૂરી કામ કરતા સુનિલભાઈ શાંતિલાલ બારીયા (ઉં.વ. ૨૩) એ કોઈ અગમ્ય કારણોસર એંધલ ગામની હદમાં આવેલી માં ચામુંડા નર્સરી ઓફિસની બાજુમાં આવેલા આંબાના ઝાડની ડાળી સાથે કેબલ વાયર વડે ગળે ફાંસો ખાઈ લીધો હતો.

આ બનાવ અંગે મૃતકના પિતા શાંતિલાલ મોહનભાઈ બારીયાએ ગણદેવી પોલીસ મથકે જાણ કરતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


## વાપીના હરિયાપાર્ક પાસે જૂની અદાવતમાં યુવક પર હુમલો

**વાપી, તા.૩૧ :** વાપીના હરિયા સ્કૂલ સામે હરિયાપાર્ક પાસે જૂની અદાવત રાખીને ત્રણ શખ્સોએ એક યુવક પર પ્લાસ્ટિકના પાઈપથી હુમલો કરીને માર માર્યો હોવાની ફરિયાદ ડુંગરા પોલીસમાં નોંધાઈ છે.

ફરિયાદ મુજબ સુભમ તિવારી રહે. ચણોદ, ગતરોજ રાત્રે મિત્રો સાગર વર્મા અને નિતીશ યાદવ સાથે પોતાની ગાડી લઈને હરિયાપાર્ક ગયો હતો. ત્યાં આરોપી હર્ષ પટેલ મિત્રોને ભેગા મળીને ખર્ચ પેટે ભેગા કરેલા પૈસા પરત માંગવા અંગેની જૂની અદાવત રાખીને હર્ષ પટેલે સુભમ સાથે ઝઘડો કરી પાઈપ કાઢીને માથા અને શરીરે માર માર્યો હતો. આ દરમિયાન જીત કિરનભાઈ પટેલ અને સર્વેશ દુબે પણ ત્યાં આવી પહોંચ્યા હતા અને ત્રણેયએ ભેગા મળીને સુભમને બિભત્સ ગાળો આપી માર માર્યો હતો. હુમલામાં સુભમનો મોબાઈલ તૂટી જતાં રૂ. ૪૦,૦૦૦ નું નુકસાન થયું હતું. બેભાન થઈ ગયેલા સુભમને ૧૦૮ મારફતે હરિયા હોસ્પિટલ લઈ જવાયો હતો. આ અંગે સુભમના ભાઈ શિવમ તિવારીએ હર્ષ કિરનભાઈ પટેલ, જીત કિરનભાઈ પટેલ અને સર્વેશ ઉર્ફે ગોલુ દુબે સામે ડુંગરા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## ધરમપુરના મધુરીમાં દીપડાએ વાછરડાનું મારણ કર્યુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**ધરમપુર, તા.૩૧ :** ધરમપુર તાલુકાના મધુરી ગામમાં જંગલી પ્રાણીઓનો આતંક યથાવત રહેતા ગ્રામજનોમાં ભારે ભયનો માહોલ સર્જાયો છે. દોઢેક મહિનાના સમયગાળામાં એક પછી એક બનતી ઘટનાઓને કારણે ગ્રામજનોમાં સુરક્ષાની ચિંતા વધી રહી છે. ગત રાત્રે અંદાજે ૩:૩૦ વાગ્યે મધુરીગામના પટેલ ફળિયામાં રહેતા કૈલાશભાઈ મધુભાઈ મળઘારીયાના ઘરમાં બાંધેલા વાછરડા પર દીપડાએ હુમલો કર્યો હતો. દીપડાએ વાછરડાના ગળાના ભાગે પકડી તેને મારી નાખ્યું હતું. જોકે વાછરડાના ગળામાં દોરડું બાંધેલું હોવાથી દીપડો તેને ખેંચી લઈ જવામાં નિષ્ફળ રહ્યો હતો. આ ઉપરાંત કૈલાશભાઈના ઘરની બાજુમાં રાખેલા મરઘાંમાંથી એક મરઘી દીપડો ઉપાડી ગયો હતો, જ્યારે એક મરઘીના બચ્ચાને મારી નાખ્યું હતું. ત્યારબાદ નજીકમાં રહેતા રામુભાઈ શંકરભાઈ પવારના ઘરેથી પણ દીપડો એક મરઘું લઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે.

## ગોઈમામાં દિપડાએ મારણ કર્યુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા. ૩૧ :** જિલ્લાના નાનાપોઢા તાલુકાના ગોઈમાગામે દીપડાના આતંકને કારણે ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો છે. ગોઈમા ગામના ગૌમુખીમાતા મંદિર ફળિયામાં રહેતા ધનેશભાઈ મોહનભાઈની એક બકરીને તા. ૨૯ જુલાઈએ દીપડો ઉઠાવી ગયો હતો. એટલું જ નહીં, એ જ રાત્રે ફળિયામાંથી એક કુતરાનો પણ દીપડાએ શિકાર કર્યો હોવાનું જાણવા મળ્યું છે.આ બનાવ બાદ સમગ્ર વિસ્તારમાં ભયનું વાતાવરણ છવાઈ ગયું છે. ખાસ કરીને નાના બાળકો, મહિલાઓ અને પશુપાલકોમાં ચિંતા વ્યાપી છે. સાંજ પડતાં જ લોકો ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે અને પશુઓને પણ સુરક્ષિત સ્થળે બાંધવાની ફરજ પડી રહી છે.

વન વિભાગે ગ્રામજનોને સાવચેત રહેવા, રાત્રિના સમયે એકલા બહાર ન નીકળવા તેમજ પશુઓને ખુલ્લામાં ન છોડવા અપીલ કરી છે. દીપડાની સતત હિલચાલને ધ્યાનમાં રાખીને વન વિભાગ દ્વારા વિસ્તાર પર નજર રાખવામાં આવી રહી છે.

### ડાંગમાં રેડ એલર્ટ વચ્ચે મેઘમહેર

## ગીરાધોધ પ્રવાસીઓ માટે બંધ કરાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ડાંગ, તા.૩૧,** દક્ષિણ ગુજરાતના ગિરિમથક ડાંગ જિલ્લામાં શુક્રવારે વહેલી સવારથી જ સાર્વત્રિક વરસાદી માહોલ જામ્યો છે. હવામાન વિભાગ દ્વારા જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવતા જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણ એલર્ટ મોડમાં આવી ગયું છે.

સતત વરસી રહેલા ભારે વરસાદને ધ્યાનમાં રાખીને પ્રવાસીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપતાં ડાંગના પ્રસિદ્ધ ગીરીધોધને આગામી સૂચના સુધી પ્રવાસીઓ માટે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લા પ્રશાસને જણાવ્યું છે કે ભારે વરસાદને કારણે ધોધ અને નદીકાંઠાના વિસ્તારોમાં જોખમ વધી ગયું છે. તેથી કોઈપણ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ગીરીધોધ ખાતે પ્રવાસીઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સાથે જ પ્રવાસન સ્થળોએ પોલીસ અને સ્થાનિક તંત્ર દ્વારા વધારાનો સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

સતત વરસાદના કારણે ડાંગ જિલ્લાની મુખ્ય નદીઓ અંબિકા, પૂર્ણા, ખાપરી અને ગીરાના જળસ્તરમાં નોંધપાત્ર વધારો થયો છે. અનેક સ્થળોએ નદીઓ બંને કાંઠે વહેવા લાગી છે, જેના કારણે નદીકાંઠે આવેલા નીચાણવાળા ગામોના રહિશોને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે. જિલ્લા તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

**ફ્લેટ વેચવાનો છે**

**વાપીમાં નેશનલ હાઈવે નજીક આવેલા પ્રતિષ્ઠિત રહેણાંક વિસ્તારની લીફ્ટ, જનરેટર સેટ સહિતની અદ્યતન સુવિધાઓ ધરાવતી વેલમેન્ટેઈન કો.ઓપ. હાઉસીંગ સોસાયટીમાં 2 BHK ફ્લેટ વેચવાનો છે**

**Area : 1240 Sq.ft.**

**Mo. :98259 90770**

## ડાંગના મહાલની એકલવ્ય શાળાના ૩૧૧ વિદ્યાર્થીઓનું સુરક્ષિત સ્થળાંતર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા.૩૧ :** વનાચ્છાદિત ડાંગ જિલ્લામાં સવારથી જ સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે, જેમાં આજે સુબીર તાલુકામાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે. આ સ્થિતિને પગલે સુબીર તાલુકાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તાર મહાલ ખાતે આવેલી એકલવ્ય મોડેલ સ્કૂલ ના પ્રાંગણમાં પાણી ભરાઈ ગયાં હતાં. હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની કરવામાં આવેલી આગાહીને ધ્યાને રાખીને, અગમચેતીના ભાગરૂપે જિલ્લા વહીવટી તંત્રની ટીમે શાળાના ૩૧૧ વિદ્યાર્થીઓને તાત્કાલિક નજીકની માધ્યમિક શાળામાં સહી-સલામત રીતે સ્થળાંતરિત કર્યા હતા. આ કામગીરીમાં સુબીર મામલતદાર, સુબીર પોલીસ સ્ટેશનના પી.આઈ. તથા તેમની ટીમ, શાળાના શિક્ષકો અને સ્થાનિક ગ્રામજનોએ સહયોગ આપ્યો હતો. તમામ વિદ્યાર્થીઓને સુરક્ષિત સ્થળે ખસેડીને તેમના માટે રહેવા તેમજ જમવાની સુચારુ વ્યવસ્થા કરવામાં આવી છે.

ડાંગ જિલ્લા કલેક્ટર એન.ડી. પરમાર સમગ્ર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે અને સંબંધિત વિભાગોને જરૂરી માર્ગદર્શન આપી રહ્યા છે. આ ઉપરાંત, સંભવિત કટોકટીની સ્થિતિને ધ્યાનમાં રાખીને તમામ લાઈન ડિપાર્ટમેન્ટના અધિકારીઓ અને કર્મચારીઓને પોતાનું હેડક્વાર્ટર ન છોડવા માટે સૂચના આપવામાં આવી છે.

## આલીપોરમાં સાવકા ભાઈ સામે સગીર બહેન સાથે દુષ્કર્મની ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૩૧ :** ચીખલીના આલીપરમાં સાવકા ભાઈએ સાવકી સગીર બહેનને નવા કપડાં અને નવા મોબાઈલ ફોન લઈ આપવાની લાલચ આપી શારીરિક સંબંધ બાંધતા માસીએ ચીખલી પોલીસ મથકમાં આવી સાવકા ભાઈ વિરુધ ફરિયાદ નોંધાવી છે.

આલીપર અઢાર પીર સ્મશાન ભૂમિ પાસે રહેતા નયન ઉર્ફે નરેન્દ્ર વિનોદ બુટીયા જેની પત્ની ચારેક માસ અગાઉ ગુજરી ગયેલ હોય અને ફોઈની સાવકી દીકરી જે સગીર વયની હોવાનું જાણવા છતાં મોટી દીકરીને નવા કપડાં અને નવો મોબાઈલ લઈ આપવાની વાતો કરી લલચાવી ફોસલાવીને મે મહિનામાં અવર નવર શારીરિક સંબંધ બાંધ્યા હતા જોકે નયન બુટીયા એ ઈન્સ્ટાગ્રામ ઉપર આઈડી બનાવી વાતો કરતા જે પિતાને ખબર પડતા પિતાએ દીકરીની માસી ને બોલાવી તપાસ કરતા નયને નવા કપડાં અને નવા મોબાઈલ લઈ આપવાની વાતો કરી દુષ્કર્મ આચર્યુ હોવાનું બહાર આવતા સગીર દીકરીની માસીએ વાંકાનેર જિલ્લો મોરબી થી આવી ચીખલી પોલીસ મથકમાં સાવકો ભાઈ નયન બુટીયા વિરુધ ફરિયાદ નોંધાવતા પોલીસે પોકસો એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પીઆઈ પીબી પટેલિયાએ હાથ ધરી છે.

## વેરિભવાડા આશ્રમશાળાનો માર્ગ અંતે ખુલ્લો મુકાયો

(દમણગંગા ટાઈમ્સ -તિનિધિ)

**ચીવલ, તા.૩૧:** કપરાડા તાલુકાના વેરિભવાડા આશ્રમશાળા જતો માર્ગ ભારે વરસાદને કારણે ધોવાઈ જતાં અને કાદવ-માટી ભરાઈ જવાથી વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. જેના કારણે વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ સ્થાનિક ગ્રામજનોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો.



માર્ગ બંધ થતાં કપરાડા તાલુકા પંચાયત દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વિભાગના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સળંગ ત્રણ દિવસ સુધી સતત કામગીરી કરવામાં આવી. JCB સહિતની મશીનરી અને જરૂરી સાધનોની મદદથી રસ્તા પર જમા થયેલી માટી અને કાટમાળ દૂર કરવામાં આવ્યો તેમજ ધોવાઈ ગયેલા ભાગોનું સમારકામ કરવામાં આવ્યું હતું.

ત્રણ દિવસની સતત મહેનત બાદ માર્ગને ફરીથી વાહનવ્યવહાર માટે સુરક્ષિત બનાવવામાં આવ્યો છે. હવે વેરિભવાડા આશ્રમશાળામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્થાનિક લોકો સરળતાથી અવરજવર કરી શકશે. માર્ગ શરૂ થતાં ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે અને તાલુકા પંચાયતની ઝડપી કામગીરીની પ્રશંસા કરી છે.

સ્થાનિકોએ જણાવ્યું કે ચોમાસા દરમિયાન આ માર્ગ પર વારંવાર મુશ્કેલી સર્જાતી હોવાથી ભવિષ્યમાં કાયમી ઉકેલ લાવવામાં આવે તો વિસ્તારના લોકોને લાંબા ગાળે લાભ મળશે. હાલ તો ત્રણ દિવસની સતત કામગીરી બાદ માર્ગ ખુલ્લો થતાં સમગ્ર વિસ્તારમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

## દાદરા ચેકપોસ્ટથી મોબાઈલ સ્નેચિંગ કરનાર ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ -તિનિધિ)

**વાપી, તા.૩૧ :** ડુંગરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મોબાઈલ સ્નેચિંગની ઘટનાને ગંભીરતાથી લઈને પોલીસે આરોપીને પકડી પાડવામાં સફળતા મેળવી છે. પોલીસે આરોપી પાસેથી કુલ ૪ મોબાઈલ ફોનનો મુદ્દામાલ પણ કબ્જે કર્યો છે.



દાદરા ચેક પોસ્ટ પાસે, દાદરાથી વાપી તરફ જતા રોડ ઉપર તલવાડીના રહીશ ફરિયાદી ચાલતા જતા હતા. તે સમયે મોપેડ પર આવેલા અજાણ્યા શખ્સો પૈકી પાછળ બેઠેલા ઈસમે ફરિયાદીના હાથમાંથી રિયલમી કંપનીનો ૧૫ ભ્મ્વં મોડલનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિ.રૂ. ૩૦,૦૦૦/- આંચકીને ભાગી ગયો હતો. આ અંગે ડુંગરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. ડુંગરા પોલીસ ઈન્સ્પેક્ટર બી.એન. ગોહિલના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમો બનાવીને તપાસ હાથ ધરવામાં આવી હતી. હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ એનાલિસીસના આધારે આનંદ ઉર્ફે ગુડ્ડુ અશોકભાઈ ઘો. પટેલ ઉ.વ. ૨૨, રહે. ધોપીખૂટક મજૂરી રહે. લવાછા, ગોદામ ફળિયા, સ્ટુડન્ટ અચિવમેન્ટ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલના પાછળ, તા. નાનાપોંઢા, જિ. વલસાડને ઝડપી પાડ્યો હતો.

પકડાયેલ આરોપી સામે વાપી ગ્ત્ઝ્‌દ પો.સ્ટે.માં અને સેલવાસ પો.સ્ટે.માં ૨ ગુનાઓ વિવિધ કલમો હેઠળ નોંધાયેલા છે. આ ગુનામા મોહમ્મદ હનીક ઉર્ફે મુસા મોહમ્મદ ઈસ્લામ અંસારી રહે. ડુંગરી ફળિયા ધોડીયાવાડ ને વોન્ટેડ જાહેર કર્યો છે.

પકડાયેલા આરોપી પાસે અલગ-અલગ જગ્યાએથી સ્નેચ કરેલા કુલ ૪ એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કબ્જે કરવામાં આવ્યા છે. જેમાં રિયલમી, વીવો, મોટોરોલા અને રેડમી કંપનીના ફોનનો સમાવેશ થાય છે. આ કામગીરીમાં પોલીસ ઈન્સ્પેક્ટર બી.એન. ગોહિલ, પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે.આર. ચોટેલિયા સહિત ડુંગરા પોલીસ સ્ટેશનની ટીમે જહેમત ઉઠાવી હતી. હાલ પોલીસે વોન્ટેડ આરોપીને ઝડપવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**